અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ જુલાઈ ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ વદ ૨ | અંક : ૧૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વિદેશી મીડિયાને આડે હાથ લેતા અજિત ડોવાલ

## ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાને ભારતની એક ઈંટ પણ ખેરવી હોય તો તેનો ફોટો બતાવો

### સમગ્ર ઓપરેશનમાં ફક્ત ૨૩ મિનિટનો સમય લાગ્યો : રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવલે IIT મદ્રાસ ખાતે દીક્ષાંત સમારોહમાં હાજરી આપી

। (એજન્સી) ચેન્નાઈ, તા.૧૧ ।

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવલે ચેન્નાઈમાં IIT મદ્રાસના ૬૨મા દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી. આ દરમિયાન તેમણે ઓપરેશન સિંદૂર વિશે પણ ઘણી વાત કરી. અજિત ડોવલે આ દરમિયાન ઓપરેશન સિંદૂરની સફળતા વિશે પણ જણાવ્યું. તેમણે વિદેશી મીડિયાને આડેહાથે લેતા કહ્યું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતને જો નુકસાન થયું હોય તો મને એક તસવીર બતાવો.

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવલે ઓપરેશન સિંદૂર વિશે વાત કરતા કહ્યું કે, અમે પાકિસ્તાનમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કરવાનો નિર્ણય લીધો છે. અમને અમારા ઓપરેશન સિંદૂર પર ગર્વ છે. અમે અમારા નિર્ધારિત ૯ લક્ષ્યો સિવાય બીજે ક્યાંય હુમલો કર્યો નથી. હુમલાઓ ચોક્કસ હતા. તેમણે વધુમાં કહ્યું, ‘‘ભલે તે આપણું બ્રહ્મોસ હોય કે રડાર, આ બધા સ્વદેશી શસ્ત્રો હતા’’.

આ સાથે, અજિત ડોવલે કોન્વોકેશનમાં ઓપરેશન સિંદૂર પરના અહેવાલ માટે વિદેશી મીડિયા પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું, વિદેશી મીડિયાએ કહ્યું કે, પાકિસ્તાને આમ અને તેમ કર્યું. તમે મને એક ફોટો બતાવો જે કોઈપણ ભારતીય ઈમારતને નુકસાન પહોંચાડેલું હોય, મને એક એવો ફોટો બતાવો જે ભારતનું નુકસાનમાં કાચનો એક ટુકડો પણ તુટ્યો હોય તો બતાવો. વિદેશી મીડિયાએ ઘણી બધી



વાતો લખી અને આગળ મૂકી. પણ કોઈ સચોટ પુરાવાઓ રજૂ નથી કર્યા. અજિત ડોવલે કહ્યું, આપણે આપણી સ્વદેશી ટેકનોલોજી વિકસાવવી પડશે. સમગ્ર કામગીરીમાં ૨૩ મિનિટ લાગી. તેમણે વધુમાં કહ્યું, તમે એક એવા દેશ, એક સભ્યતાના છો જે હજારો વર્ષોથી મુશ્કેલી અને અપમાનમાં છે. આપણા પૂર્વજોએ ઘણું સહન કર્યું છે. મને ખબર નથી કે આ સભ્યતાને જીવંત રાખવા, રાષ્ટ્રની આ વિભાવનાને જીવંત રાખવા માટે તેમણે કેટલું અપમાન, વંચિતતા અને દુઃખ સહન કર્યું છે. રાષ્ટ્ર રાજ્યથી અલગ છે. ભારત એક રાષ્ટ્ર છે. ૨૨ વર્ષ પછી આપણે આપણી સ્વતંત્રતાના ૧૦૦ વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યા છીએ. તે સમયે તમે તમારી કારકિર્દીના શિખર પર હશો. તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો હતો. ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં હુમલો થયો હતો. આ હુમલામાં આતંકવાદીઓએ નિઃશસ્ત્ર લોકો પર ગોળીઓ ચલાવી હતી. આ પછી, ભારતે પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું. આ ઓપરેશન હેઠળ, પાકિસ્તાનના ૯ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. તેમને નષ્ટ કરવામાં આવ્યા હતા. આ પછી, પાકિસ્તાને ભારત પર હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ પણ કર્યો. ૧૦ મેના રોજ બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ થયો.

ભારત સાથે આ સીઝફાયર માટે પાકિસ્તાને એક વાર નહીં પણ બે વખત સંપર્ક સાધ્યો હતો. ૭મેની સાંજે ભારત સાથે સીઝફાયર કરવા સંપર્ક કર્યો હતો. પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઑફ મિલિટ્રી ઓપરેશન્સ દ્વારા ઔપચારિક સંદેશ મારફત સંપર્ક સાધવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૦ મેના રોજ બપોરે ૩.૩૫ વાગ્યે ફ્ર્સ્ટ સ્તરે બેઠક થઈ હતી. બંને પક્ષે સીઝફાયર પર સહમતિ કરવામાં આવી.

### ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ વધીને ૯૭૪૭૩ થયો

## ચાંદીના ભાવમાં ઉછાળો, એક કિલોનો ભાવ ૧,૧૦,૦૦૦ને પાર

### ૯૧૬ શુદ્ધતાવાળા ૨૨ કેરેટ સોનાની વાત કરીએ તો તે આજે ૮૯૨૮૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ વેચાઈ રહ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીય બુલિયન બજારમાં આજે એટલે કે ૧૦ જૂલાઈના રોજ સોનાના ભાવમાં વધારો થયો છે. ઉપરાંત, ચાંદીના ભાવ પણ મોટા આંકડાને પાર કરી ગયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર, આજે ચાંદી ૧ લાખ ૧૦ હજારને પાર કરી ગઈ છે. આજે ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ વધીને ૯૭૪૭૩ રૂપિયા થઈ ગયો છે. એટલે કે, ભારતીય બુલિયન બજારમાં આજે સોના અને ચાંદી બંનેના ભાવમાં વધારો થયો છે. રાષ્ટ્રીય સ્તરે ૯૯૫ શુદ્ધતાવાળા ૧૦ ગ્રામના ૧૦ ગ્રામનો ભાવ આજે ૯૭૦૮૩ રૂપિયા છે, જે ગુરુવારે ૯૬૬૫૭ રૂપિયા હતો. જો આપણે ૯૧૬ શુદ્ધતાવાળા ૨૨ કેરેટ સોનાની વાત કરીએ તો તે આજે ૮૯૨૮૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ વેચાઈ રહ્યો છે, જે ગઈકાલે ૮૮૮૯૪ રૂપિયા હતો. ૭૫૦ શુદ્ધતાના ૧૮ કેરેટ સોનાનો ભાવ આજે ૭૩૧૦૫ રૂપિયા છે અને ૫૮૫ શુદ્ધતાના ૧૪ કેરેટ સોનાનો ભાવ આજે ૫૭૦૨૨ રૂપિયા છે. આજે ચાંદીનો ભાવ ૧૦૬૯૦૦ રૂપિયા પ્રતિ કિલો છે, જે બુધવારે ૧૦૬૫૩૧ રૂપિયા હતો. આ કિંમતોમાં GST ઉમેરવામાં આવ્યો નથી અને તમારે ઘરેણાં ખરીદવા પર મેકિંગ ચાર્જ અલગથી ચૂકવવા પડશે. સોના અને ચાંદીના ભાવ સોમવારથી શુક્રવાર સુધી ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશનની સત્તાવાર વેબસાઈટ ibjarates.com પર દરરોજ સવારે અને સાંજે જાહેર કરવામાં આવે છે. અમેરિકા અને અન્ય દેશો વચ્ચે વેપાર સંઘર્ષ અને ટેરિફ યુદ્ધના ભયથી આંતરરાષ્ટ્રીય રોકાણકારોનો સુરક્ષિત રોકાણોમાં વિશ્વાસ વધી રહ્યો છે. સદીઓથી આવા અસ્થિર સમયમાં સોના અને ચાંદીને "સેફ હેવન" માનવામાં આવે છે. જોકે, યુએસ ડોલર મજબૂત થવાને કારણે સોનાની ચમક થોડી મર્યાદિત થઈ છે, કારણ કે જ્યારે ડોલર મજબૂત થાય છે, ત્યારે અન્ય ચલણોમાં સોનાની કિંમત વધે છે અને માંગ થોડી ધીમી પડી શકે છે. પરંતુ આ હોવા છતાં સ્થાનિક બજારમાં ભાવ વધી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે વર્તમાન વૈશ્વિક અસ્થિરતાને કારણે કિંમતી ધાતુઓની માંગ વધુ વધી શકે છે. જો ડોલર વધુ મજબૂત થાય છે, તો થોડી અસ્થિરતા જોવા મળી શકે છે, પરંતુ એકંદરે રોકાણકારો હાલમાં સોના અને ચાંદીને સલામત વિકલ્પ તરીકે ધ્યાનમાં લઈ રહ્યા છે.

### ૧૫ જુલાઈએ ભારતમાં મુંબઈ ખાતે ઓપન થશે ટેસ્લાનો પહેલો શોરૂમ

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

સમાચાર એજન્સી રોયટર્સે ૧૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ જણાવ્યું કે, એલન મસ્કની માલિકીની ઈલેક્ટ્રિક વ્હિકલ મેકર કંપની ટેસ્લા ૧૫ જુલાઈએ મુંબઈમાં પોતાના પ્રથમ શોરૂમની શરૂઆત કરવા જઈ રહ્યું છે, જેને "એક્સપિરિયન્સ સેન્ટર" નામ આપવામાં આવ્યું છે. રોયટર્સે અગાઉ જણાવ્યું હતું કે, ટેસ્લાનો શોરૂમ મુંબઈ એરપોર્ટ પાસે બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (BKC)ના બિઝનેસ એન્ડ રિટેલ હબમાં મેકર મેકસિટી બિલ્ડિંગમાં સ્થિત હશે. દક્ષિણ એશિયાઈ દેશમાં એન્ટ્રીના એક ભાગ તરીકે ઈલેક્ટ્રિક વ્હિકલ મેકરે હાયરિંગમાં ઝડપ દેખાડી છે અને તે પહેલાં મુંબઈ અને ભારતની રાજધાની દિલ્હીમાં શોરૂમ માટે સ્થળ શોધી રહ્યું છે. જણાવી દઈએ કે, આ ડેવલપમેન્ટ ભારત-અમેરિકા ટ્રેડ ટોક્સ દરમિયાન થયું છે. શોરૂમ રજીસ્ટ્રેશન પેપર્સ અનુસાર, ટેસ્લાએ ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫થી ૫ વર્ષના કરાર સાઈન કર્યા છે. જે અંતર્ગત ટેસ્લા લગભગ એક બાસ્કેટ બોલ કોર્ટની સાઈઝના ૪૦૦૩ સ્કવેર ફુટ (૩૭૨ સ્કવેર મીટર) વિસ્તાર માટે પહેલાં વર્ષે લગભગ ૪૪૬,૦૦૦ ડોલર (લગભગ ૩૮,૮૭૨,૦૩૦ રૂપિયા)ના ભાડાની ચૂકવણી કરશે.

### ભક્તો ચિંતામાં, શ્રાવણમાં અમરનાથના દર્શન થશે કે નહિ

## અમરનાથ યાત્રા પર સંકટ, પીગળી રહ્યું છે ભોલેનાથનું શિવલિંગ

**માત્ર રક્ષાબંધન સુધી યાત્રા ચાલુ રહી શકે તેવી સ્થિતિ**

। (એજન્સી) જમ્મુ, તા.૧૧ ।

અમરનાથ દાદાનું શિવલિંગ પીગળી રહ્યું છે. ત્યારે યાત્રાએ જવા માંગતા શ્રધ્ધાળુઓમાં નિરાશા વ્યાપી ગઈ છે. આવનારા દિવસોમાં યાત્રાએ જનારા ભક્તો અસમંજસભરી સ્થિતિમાં છે કે, અમરનાથ યાત્રાએ જવું કે નહિ. તો સાથે જ ટુર ઓપરેટર્સ પણ મૂંઝવણમાં મૂકાયા છે. સૌપ્રથમવાર યાત્રા શરૂ થયાના સાત જ દિવસમાં શિવલિંગ પીગળી ગયું છે. હવે માત્ર રક્ષાબંધન સુધી યાત્રા ચાલુ રહી શકે તેવી સ્થિતિ છે. પવિત્ર શ્રાવણ માસ પહેલા જ શિવલિંગ પીગળી જતાં આવનારા દિવસોમાં યાત્રાએ જવાનું આયોજન કરનારા ભક્તો અસમંજસભરી સ્થિતિમાં મુકાયા છે. પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારે સુરક્ષા વચ્ચે શરૂ થયેલી અમરનાથ યાત્રા અંગે નવી ચિંતાઓ ઉભી થઈ છે. એવા અહેવાલો છે કે બરફમાંથી કુદરતી રીતે બનતું પવિત્ર શિવલિંગ ઝડપથી પીગળી રહ્યું છે, જેના કારણે યાત્રાળુઓમાં વહેલી તકે દર્શન કરવા માટે ધસારો જોવા મળી રહ્યો છે. જોકે, આંકડા દર્શાવે છે કે અત્યાર સુધીમાં ૧૭ હજારથી વધુ લોકોએ શિવલિંગના દર્શન કર્યા છે. ઝડપથી પીગળવાની બાબતએ યાત્રાળુઓથી લઈને સ્થાનિકો સુધી બધાને આશ્ચર્યચકિત કર્યા છે. ખાસ વાત એ છે કે કાશ્મીર ખીણમાં તીવ્ર ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે.

## ૭૫ની ઉંમર પછી બીજાને મોકો આપવો જોઈએ: મોહન ભાગવત

### વિપક્ષના વિવિધ નેતાઓએ પીએમ મોદી અને સંઘના વડાને પણ આડકતરી રીતે રિટાયરમેન્ટ લેવાની સલાહ આપતાં કટાક્ષ કર્યા

। (એજન્સી) નાગપુર, તા.૧૧ ।

આરએસએસના વડા મોહન ભાગવતે જણાવ્યું કે, ૭૫ વર્ષની વય પૂર્ણ કર્યા બાદ લોકોએ અન્યને પણ કામ કરવાની તક આપવી જોઈએ. નાગપુરમાં આયોજિત એક કાર્યક્રમમાં સંઘ વડાએ જણાવ્યું કે, ૭૫ વર્ષ પૂર્ણ થયા બાદ કોઈપણ નેતાને જ્યારે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવે, તો તેનો અર્થ એ છે કે, તેમની ઉંમર થઈ ચૂકી છે. હવે અન્યને તક આપો. આરએસએસના વડાએ નવ જુલાઈના રોજ રામ જન્મભૂમિ આંદોલનના પ્રેરક દિવંગત મોરોપંત પિંગલે પર લખાયેલા પુસ્તકના વિમોચન સમારોહમાં



મોરોપંત પિંગલે સાથેનો એક પ્રસંગ યાદ કરતાં આ નિવેદન આપ્યું હતું. મોહન ભાગવતના આ નિવેદન પર વિપક્ષે કટાક્ષ કર્યો છે કે, ભાગવતે આ નિવેદનના માધ્યમથી વડાપ્રધાન મોદીને સંદેશ પહોંચાડ્યો છે. તેઓ આ વર્ષે ૭૫ વર્ષના થઈ રહેલા પીએમ મોદીને આડકતરી રીતે અન્યને તક આપવાનો સંદેશ પહોંચાડ્યો છે. ‘મોરોપંત પિંગ્લે : ધ આર્કિટેક્ટ ઑફ હિન્દુ રિસર્જન્સ’ શીર્ષક હેઠળના પુસ્તકનું વિમોચન કર્યા બાદ મોહન ભાગવતે આરએસએસના વરિષ્ઠ નેતા મોરોપંતની વિનમ્રતા, દૂરંદેશી અને જટિલ વિચારોને સરળ ભાષામાં સમજાવ્યા હતા. તેમણે દિવંગત મોરોપંતજી સાથેનો એક પ્રસંગ રજૂ કરતાં કહ્યું કે, ‘મોરોપંતજીએ કહ્યું હતું કે, ૭૫ વર્ષ બાદ શાલ ઓઢાડવામાં આવે તો સમજવું કે, હવે તમારું કામ પૂરું થયું, અન્યને કામ સોંપો.’ હવે આ નિવેદન વિપક્ષ માટે ૭૫ વર્ષે રિટાયરમેન્ટનો મુદ્દો બન્યો છે. વિપક્ષના વિવિધ નેતાઓએ વડાપ્રધાન મોદી અને સંઘના વડાને પણ આડકતરી રીતે રિટાયરમેન્ટ લેવાની સલાહ આપતાં કટાક્ષ કર્યા છે. મોહન ભાગવતના આ નિવેદનની કોંગ્રેસે ટીખળ કરી છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે મજાકમાં કહ્યું કે, 'PM મોદી પરત ફરતાં જ સંઘના વડા દ્વારા યાદ અપાવવામાં આવ્યું કે, ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ તેઓ ૭૫ વર્ષના થશે. પરંતુ PM આરએસએસના વડાને પણ કહી શકે છે કે, તેઓ પણ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ૭૫ના થશે. એક તીર, બે નિશાન’ શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે પણ આ નિવેદન અંગે ટિપ્પણી કરી હતી કે, વડાપ્રધાન મોદીએ અડવાણી, મુરલી મનોહર, જસવંત સિંહ જેવા મોટા નેતાઓને જબરદસ્તી રિટાયરમેન્ટ અપાવ્યું હતું.

### પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં આતંકવાદી હુમલો કરાયો

। બલૂચિસ્તાન, તા.૧૧ ।

પાકિસ્તાનમાં ફરી એકવાર મોટો હુમલો થયો છે. જેમાં હુમલાખોરોએ નવ લોકોની ગોળી મારી હત્યા કરી દીધી છે. સ્થાનિક પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. હુમલાખોરોએ એક ચાલુ બસને અટકાવી તેમાંથી મુસાફરોને નીચે ઉતારી ગોળીથી વીંધી નાખ્યા હતાં. બલૂચિસ્તાનના અધિકારીએ આ હુમલાને આતંકવાદી હુમલો ગણાવ્યો છે. મીડિયા રિપોર્ટ અનુસાર, બલૂચિસ્તાનનાઅધિકારીઓએ જણાવ્યા પ્રમાણે આ હુમલામાં ઓછામાં ઓછા નવ લોકોની હત્યા થઈ છે.

## વાવાઝોડા વચ્ચે મધદરિયે ફસાયું અમેરિકાનું જહાજ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG) એ ૧૦ જુલાઈના રોજ આંદમાન અને નિકોબાર ટાપુઓમાં ઈન્દિરા પોઈન્ટથી ૫૨ નોટિકલ માઈલ દક્ષિણપૂર્વમાં ફસાયેલી એક યુએસ યાટ સી એન્જલ અને તેના બે ક્રૂ સભ્યોને બચાવ્યા. આ યાટમાં એક અમેરિકન અને એક તૂર્કીયેનો નાગરિક હતો જેઓ ભારે પવન અને તોફાની સમુદ્રમાં તેમની યાટ તૂટી પડતાં મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ભારતીય કોસ્ટ ગાર્ડ જહાજ રાજવીર એ આ જોખમી કામગીરી હાથ ધરી અને યાટને સુરક્ષિત રીતે કેમ્પબેલ ખાડીમાં લઈ ગયા. ૧૦ જુલાઈના રોજ સવારે ૧૧:૫૭ વાગ્યે પોર્ટ બ્લેરમાં કોસ્ટ ગાર્ડના મેરીટાઈમ રેસ્ક્યુ કોઓર્ડિનેશન સેન્ટર (MRCC)ને ચેન્નાઈમાં યુએસ કોન્સ્યુલેટ તરફથી ડિસ્ટ્રેસ સિગ્નલ મળ્યો. સી એન્જલ બોટનો પાલ ફાટી ગયો હતો અને દોરડામાં ફસાઈ જવાને કારણે તેનો પ્રોપેલર કામ કરી રહ્યો નહોતો. MRCC એ તાત્કાલિક આંતરરાષ્ટ્રીય સુરક્ષા નેટવર્ક સક્રિય કર્યું અને બચાવ માટે જહાજ રાજવીર રવાના કર્યું. ભારે પવન અને ઊંચા મોજા વચ્ચે જહાજ રાજવીર બોટ પર પહોંચ્યું અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો. ICG જહાજ રાજવીર બપોરે ૨ વાગ્યે રવાના થયું હતું, જે ખરાબ હવામાન અને ઊંચા મોજા હોવા છતાં સાંજે ૫:૩૦ વાગ્યે મુશ્કેલીમાં મુકાયેલી બોટ સુધી પહોંચ્યું.

## ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ અંતિમ તબક્કામાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

અમેરિકા અને ભારત વચ્ચે ચાલી રહેલી દ્વિપક્ષીય વેપાર કરારની બેઠકો અંતિમ તબક્કામાં હોવાનું વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું છે. બંને દેશો વચ્ચે વાત માત્ર કૃષિ અને ઓટો સેક્ટરમાં ટેરિફ મુદ્દે અટવાઈ છે. જેને ઉકેલવા માટે ભારતીય પ્રતિનિધિઓ આગામી સપ્તાહે વોશિંગ્ટન જઈ શકે છે. ૭ જુલાઈના રોજ વિશેષ સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે, ભારત અમેરિકા સાથે કરાર મુદ્દે વાતચીતને અંતિમ રૂપ આપવાનો પ્રયાસ કરી રહ્યો છે. મીડિયા રિપોર્ટ અનુસાર, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ અગ્રવાલના નેતૃત્વ હેઠળ ભારતીય પ્રતિનિધિઓ આગામી સપ્તાહે વોશિંગ્ટન જવા રવાના થઈ શકે છે. હાલ ૪ જુલાઈએ જ ભારતીય પ્રતિનિધિઓની ટીમ અંતિમ તબક્કાની વાતચીત પૂર્ણ કરી અમેરિકાથી પરત ફરી હતી. તે સમયે ટેરિફ લાગુ કરવાની ડેડલાઈન ૯ જુલાઈ હતી. પરંતુ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરવાની નવી ડેડલાઈન ૧ ઑગસ્ટ આપતાં ભારતને વેપાર કરાર મુદ્દે નિર્ણયો લેવા માટે વધુ સમય મળ્યો છે. અમેરિકા અને ભારત વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર કૃષિ અને ડેરી પ્રોડક્ટ્સ, અને ઓટો સેક્ટરમાં ટેરિફ મુદ્દે વાત અટવાઈ છે. અમેરિકા ભારતનું ડેરી અને કૃષિ બજાર ખુલ્લું મૂકવાની માગ કરી રહ્યું છે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !



CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

## ન્યુઝ બોક્ષ

### વિઝાના નામે પેટલાદના યુવક સાથે ૧૫.૮૬ લાખની ઠગાઈ

| (એજન્સી) આણંદ, તા.૧૧ |

આણંદના સોજીત્રાના ખણસોલ ગામના અને હાલ પેટલાદ મરીયમપુરામાં રહેતા યુવકને ન્યૂઝીલેન્ડ વર્ક પરમીટ વિઝાના નામે એજન્ટ સાથે મળીને કાકા, કાકી અને પિતરાઈએ રૂ ૧૫૮૬૨૮૦ની રકમ પડાવી લઈ ઠગાઈ કરી પિતરાઈ ભાઈ કેનેડા ભાગી જતા એજન્ટ સહિત ચાર વિરુદ્ધ યુવકે આણંદ શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પેટલાદમાં રહેતા મુળ સોજીત્રાના ખણસોલ ગામના પ્રકાશભાઈ રાજેશભાઈ સોનેરીને બે વર્ષ અગાઉ ન્યૂઝીલેન્ડ ખાતે વર્ક પરમીટ વિઝા ઉપર જવાનું હોવાથી તપાસ કરતા હતા. મે-૨૦૨૩માં પ્રકાશભાઈના કાકાના દીકરા ધવલકુમાર અને કાકા ડાહ્યાભાઈ તેમજ કાકી વર્ષાબેને જણાવેલ કે, અમારા સંપર્કમાં આણંદમાં વૈભવ કોમ્પ્લેક્ષ ગ્રીડ ચોકડી પાસે આવેલ કેન્ડીડ વિઝા કન્સલ્ટન્સી ખાતે પ્રિતેશભાઈ મુકેશભાઈ પટેલ(રહે.નાવલી કાછીયાવાડ)નું કામ સારું છે. બાદમાં બેથી ચાર મહિનાનો સમય અને રૂ.૧૫ લાખનો ખર્ચનું કહ્યું હતુ.

### રથયાત્રા-મોહરમ સંપન્ન થતાં 22 PIની બદલી કરાઇ

| (એજન્સી) વડોદરા, તા.૧૧ |

વડોદરા શહેર પોલીસે રથયાત્રા અને મોહરમના પર્વો શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં જ વિભાગમાં નોંધપાત્ર ફેરફારો કર્યા છે. શહેર પોલીસ કમિશનરે એકસાથે ૨૨ પોલીસ ઈન્સ્પેક્ટર (PI)ની બદલીના આદેશ આપ્યા છે, જેમાં ત્રણ મહિલા PIનો પણ સમાવેશ થાય છે. આ બદલીઓમાં, ક્રાઈમ બ્રાન્ચ, PCB (પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ), SOG (સ્પેશિયલ ઑપરેશન્સ ગ્રુપ) જેવા સંવેદનશીલ યુનિટ્સ તેમજ કારેલીબાગ અને લક્ષ્મીપુરા જેવા મુખ્ય પોલીસ સ્ટેશનોના ઈન્સ્પેક્ટરને યથાવત રાખવામાં આવ્યા છે. આ સૂચવે છે કે આ યુનિટ્સ અને પોલીસ સ્ટેશનોના હાલના વડાઓ પર વિશ્વાસ જાળવી રાખવામાં આવ્યો છે. આ બદલીઓ પોલીસ વિભાગમાં સામાન્ય પ્રક્રિયાનો એક ભાગ છે, જે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા અને કાર્યક્ષમતા વધારવા માટે સમયાંતરે કરવામાં આવે છે.

### જામનગર નજીક દરેડમાં વેપારી યુવાન પર જૂના મનદુઃખમાં પથ્થર-લાકડી વડે હુમલો

| (એજન્સી) જામનગર, તા.૧૧ |

જામનગર નજીક દરેડ વિસ્તારમાં રહેતા એક વેપારી યુવાન પર જુની અદાવતનું મનદુઃખ રાખીને પાડોશમાં રહેતા એક દંપત્તીએ પથ્થર અને લાકડી વડે હુમલો કરી માથું ફોડી નાખ્યું છે, તેથી તેને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયા છે અને સારવાર હેઠળ છે. પોલીસે પાડોશી દંપતિ સામે ગુનો નોંધ્યો છે. આ બનાવની વિગત એવી છે કે મૂળ જામજોધપુર તાલુકાના જીણાંવારી ગામમાં રહેતા અને હાલ જામનગર નજીક દરેડ વિસ્તારમાં એક મકાન ભાડે રાખીને રહેતા અને વેપાર કરતા જયંતીભાઈ ગોવાભાઈ સગર નામના ૪૫ વર્ષના વેપારી કે જેઓ એ પોતાના માથા પર પથ્થરનો ઘા કરી લોહી લુહાણ કરી નાખવા અંગે તેમ જ લાકડી વડે હુમલો કરવા અંગે પાડોશમાં રહેતા જગદીશભાઈ ગોસ્વામી અને તેના પત્ની ભાનુબેન જગદીશભાઈ ગોસ્વામી સામે ફરિયાદ નોંધાવી છે.

# ખોટો આદેશ કર્યો હોવાથી જજની સામે શિસ્તભંગની કાર્યવાહી નહીં : હાઈકોર્ટ

### અરજદાર જજને બરતરફીનો વિવાદિત આદેશ કોઈપણ કાયદેસરના સ્વીકાર્ય પુરાવા પર આધારિત ન હોવાનું હાઈકોર્ટનું અવલોકન

| (એજન્સી) અમદાવાદ, તા.૧૧ |

માત્ર કોઈ 'ખોટો આદેશ' કર્યો હોવાથી કોઈ જજ સામે શિસ્તભંગની કાર્યવાહી કરી શકાય નહીં એવો અતિ મહત્ત્વપૂર્ણ ચુકાદો ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે આપ્યો છે. કચ્છ જિલ્લાના અંજાર ગાંધીધામના એડિ. સિનિયર સિવિલ જજે વર્ષ ૨૦૦૭માં એક કેસમાં કરેલા આદેશ બાદ તેમના પર ગેરવર્તણૂક, ભ્રષ્ટાચાર અને ફરજમાં બેદરકારીના આરોપ લગાવીને તેમને સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા હતા.

ખંડપીઠે આદેશમાં નોંધ્યું હતું કે,'અરજદાર સામે વર્ષ ૨૦૦૮ના રોજ ચાર્જશીટ કરીને શરૂ થયેલી અને પૂર્ણ કરાયેલી શિસ્તભંગની કાર્યવાહી અન્યાયી જણાય છે. પરિણામે, અમે ગુજરાત સિવિલ સર્વિસીસ (શિસ્ત અને અપીલ) નિયમોના આધારે અરજદારને બરતરફીની સજા લાદતાં જાહેરનામાને રદ કરીએ છીએ.

'આ કેસની હકીકત મુજબ અરજદારે કથિત રીતે એક પક્ષને જપ્ત કરેલા ઓઈલ-ટેન્કરોને તેના માલિકોને સોંપવા દબાણ કર્યું હતું, જેમના પર હાઈ-સ્પીડ ડીઝલની ચોરીનો ગુનો નોંધવામાં આવ્યો હતો. અરજદાર જજની વર્તણૂકને અન્યાયી અને ગેરકાયદે ગણાવીને તેમને સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા હતા.

આ મામલે અરજદાર જજને રાહત આપતાં ચુકાદામાં હાઈકોર્ટે કહ્યું હતું કે, જ્યાં સુધી જે તે વ્યક્તિ વિરૂદ્ધ ગેરવર્તણૂક કર્યાના સ્પષ્ટ આરોપો ન હોય ત્યાં સુધી શિસ્તભંગની કાર્યવાહી માત્ર એ આધારે શરૂ કરી શકાય નહીં કે એક જજ તરીકે તેના દ્વારા ખોટો આદેશ આપવામાં આવ્યો છે અથવા ન્યાયિક આદેશ ખોટો છે.'ખંડપીઠે આદેશમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ટાંકતાં કહ્યું છે કે, 'સુપ્રીમ કોર્ટના અધિકૃત ચુકાદાઓના આધારે જ્યારે આ કેસના તથ્યોનું મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે ફક્ત એક જ અનિવાર્ય નિષ્કર્ષ તરફ એ દોરી જાય છે કે બરતરફીનો વિવાદિત આદેશ કોઈપણ કાયદેસર સ્વીકાર્ય પુરાવા પર આધારિત નથી. તે સત્તાધિકારીઓના અનુમાન અને અંદાજ ઉપર જ આધારિત જણાય છે. હકીકતમાં તો આ એક એવો ક્લાસિક કેસ છે કે જેમાં કોઈ પુરાવા નથી. કથિત કાર્યવાહીના કોઈપણ પક્ષકારે અરજદાર જજ દ્વારા પસાર કરવામાં આવેલા આદેશથી નારાજગી દર્શાવી નહોતી. જોકે, તેમ છતાંય આ કોર્ટ એટલું જરૂરથી ઉમેરશે કે, ભ્રષ્ટ આચરણના આરોપ ને ફક્ત એટલા માટે અવગણી શકાય નહીં કે કાર્યવાહીમાં જોડાયેલા તમામ પક્ષકારોએ કોર્ટના નિર્ણયને સ્વીકાર્યો છે. એવા કિસ્સાઓ હોઈ શકે છે કે જ્યાં કાર્યવાહીના પક્ષકારોએ આદેશ મેળવવા માટે એકબીજાના મેળાપીપણાંમાં કામ કર્યું હોય. તેથી કોઈ પણ એ આદેશને પડકારવાનું જોખમ લઈ શકે નહીં. આવા કિસ્સાઓમાં, હાઈકોર્ટ મૂકપ્રેક્ષક બની શકે નહીં અને કોઈપણ ફરિયાદ પર નિષ્ક્રિય બેસીને ગેરવર્તણૂકને ચાલુ રાખવાની મંજૂરી આપી શકે નહીં, ભલે તે અનામી હોય.

### ખર્ચ કરોડોનો ખર્ચ, છતાં ટૂંકું આયુષ્ય

## સુરતમાં ૯ વર્ષ જૂનો બ્રિજ રૂ. ૭ કરોડના ખર્ચે રીપેર કરાશે

### ૨૦૧૬માં જનતા માટે ખુલ્લો મુકાયેલો બ્રિજ માત્ર ૯ વર્ષના ટૂંકા ગાળામાં જ રિપેરિંગની જરૂરિયાત ઉભી થતા અનેક પ્રશ્નો સર્જાયા છે

| (એજન્સી) સુરત, તા.૧૧ |

વડોદરાના પાદરા-જંબુસર વચ્ચે આવેલા ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ રાજ્યભરના બિસ્માર બ્રિજને રિપેર કરવાની માંગ ઊઠી છે. જોકે, સુરતમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે જેણે પાલિકાના કામની ગુણવત્તા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. સુરતમાં ૯ વર્ષ પહેલાં બનેલા એક BRTS બ્રિજને રૂ. ૭ કરોડના ખર્ચે રિહેબિલિટેશન (પુનર્વસન) કરવાનો નિર્ણય લેવાયો છે. આટલા ટૂંકા ગાળામાં કરોડોના ખર્ચે બનેલા બ્રિજને રિપેર કરવાની જરૂર કેમ પડી, તે એક મોટો પ્રશ્ન છે.

આ કિસ્સો સુરતના અણુવ્રત ફ્લાયઓવર બ્રિજનો છે, જે ૨૦૧૬માં મ્ઈજી પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૫૫ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો હતો. મોરબી બ્રિજ દુર્ઘટના બાદ રાજ્યભરમાં બ્રિજના હેલ્થ ચેકિંગના આદેશ આપવામાં આવ્યા હતા. સુરત પાલિકા દ્વારા આ દુર્ઘટના પહેલાં પણ બ્રિજનું હેલ્થ ચેકઅપ કરવામાં આવતું હતું. આ સર્વે દરમિયાન, પાલિકાના પ્રિ-મોન્સુન અને પોસ્ટ-મોન્સુન ઈન્સ્પેક્શન રિપોર્ટમાં આ બ્રિજના મુખ્ય સ્ટ્રક્ચરલ ભાગો નબળા હોવાનું સામે આવ્યું હતું. ૨૦૧૬માં જનતા માટે ખુલ્લો મુકાયેલો બ્રિજ માત્ર ૯ વર્ષના ટૂંકા ગાળામાં જ રિપેરિંગની જરૂરિયાત ઉભી થતા અનેક પ્રશ્નો સર્જાયા છે.

સામાન્ય રીતે, પાલિકા દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે બનતા બ્રિજની આયુષ્યમર્યાદા ૨૦ થી ૨૫ વર્ષની હોવી જોઈએ. ત્યારે, માત્ર ૯ વર્ષમાં જ આ બ્રિજને રૂ. ૭ કરોડના ખર્ચે રિહેબિલિટેશન કરવાની જરૂર પડવી આશ્ચર્યજનક છે. બ્રિજનું ઝઝ સ્ટ્રક્ચર ડેમેજ હોવાનું બહાર આવ્યું છે. રૂ. ૫૫ કરોડના ખર્ચે બનેલો બ્રિજ ૯ વર્ષમાં જ જર્જરિત થતો હોય, તો તેના નિર્માણ સમયે સંકળાયેલી એજન્સી (રણજીત કન્સ્ટ્રક્શન, જે શહેરમાં અન્ય પ્રોજેક્ટ્સ પર પણ કામ કરી રહી છે), અધિકારીઓ અને PMC (પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ)ની કામગીરી પર સવાલો ઉભા થાય છે. શું તે સમયે કોઈ ગેરરીતિ થઈ હતી, કે પછી આજે ખોટા નિર્ણયો લેવાઈ રહ્યા છે? આ જવાબદારી શાસક પક્ષ ભાજપની પણ છે. સુરત પાલિકાએ અંદાજે રૂ. ૭ કરોડના ખર્ચે આ બ્રિજને રિપેર કરવાનો નિર્ણય લીધો છે અને આગામી એકાદ-બે દિવસમાં વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવશે. જોકે, આટલા ટૂંકા ગાળામાં બ્રિજને રિપેર કરવાની કેમ જરૂર પડી તે પ્રશ્નનો સ્પષ્ટ જવાબ પાલિકા હજુ આપી શકી નથી, જેણે જનતામાં ચિંતા અને અનેક તર્ક-વિતર્ક સર્જ્યા છે.

### આગામી ૩૦ દિવસ સુધી વાંધા અરજી રજૂ કરી શકાશે

## પશ્ચિમ રેલવે વડોદરા જિલ્લામાં ૧.૭૬ લાખ ચો.મી. જમીન સંપાદન કરશે

| (એજન્સી) વડોદરા, તા.૧૧ |

વડોદરા જિલ્લામાં સામલિયા રેલ્વે બ્રિજ અને લોટાના બાયપાસ લાઈન સહિતની વિશેષ રેલ્વે પરિયોજનાના નામે ડભોઈ સામલીયા ગેજ કન્વર્ઝન માટે વાઘોડિયા અને ડભોઈ તાલુકાની ૧,૭૬,૪૮૪ ચો. મી. ક્ષેત્રફળ ધરાવતી જમીના સંપાદનની પ્રક્રિયા હાથ ધરાઈ હોય આગામી ૩૦ દિવસ સુધી વાંધા અરજી રજૂ કરી શકાશે. વડોદરા જિલ્લામાં સામલીયા રેલ્વે ફ્લાય ઓવર બ્રિજ (૮.૪૦ કી. મી.) અને લોટાના બાયપાસ લાઈન (૭.૫૫ કી.મી.)સહિત વિશેષ રેલવે પરીયોજના નામે ડભોઈ સામલીયા ગેજ કન્વર્ઝન (૪૬.૪૫ કિ.મી.)ના અમલીકરણ માટે અપેક્ષિત છે તેવી જમીન સંપાદિતની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

જેમાં ડભોઈ તાલુકાના તરસાણા ગામ અને પ્રયાગપુરા તથા વાઘોડિયા તાલુકાના કરમલીયાપુર, જંબુવાડા, વાઘોડિયા, વ્યારા, નવા આજવા, જરોદ, વ્યંકટ પુરા, રાયન તલાવડી, તાવરા અને જફરપુરાની ખેતી/ બિનખેતી/ સરકારી જમીનોનો સમાવેશ થાય છે.

જમીનના સંપાદન અને ઉપયોગ સંબંધે ૩૦ દિવસના સમયગાળામાં વાંધો ઉઠાવી શકાશે. પ્રાંત અધિકારી સાવલી અને પ્રાંત અધિકારી વાઘોડિયાને લેખિતમાં વાંધાની જાણ કરવાની રહેશે. અને વાંધો ઉઠાવનારને સુનાવણીનો મોકો આપશે. વાંધો ની તપાસ બાદ સક્ષમ અધિકારી જરૂર જણાય તો આદેશ દ્વારા અથવા વાંધાઓને માન્ય/ અમાન્ય કરી શકશે.

### વડોદરાના તમામ બ્રિજની સ્ટ્રક્ચર સ્ટેબિલિટી ચકાસવા આદેશ

| (એજન્સી) વડોદરા, તા.૧૧ |

મહીસાગર નદી ઉપર ૪૦ વર્ષ જૂનો ગંભીરા બ્રિજ બુધવારે સવારે તૂટી પડ્યાની ઘટના બાદ વડોદરા મ્યુનિસિપલ કમિશનરે પણ વડોદરા શહેરમાં આવેલા તમામ બ્રિજની મજબૂતાઈ કેવી છે તેની સ્થિતિ તપાસવા આદેશ આપ્યો હોવાનું જાણવા મળે છે. વડોદરા શહેરમાં ૧૩ રેલવે ઓવરબ્રિજ, ૪ ફ્લાઈ ઓવર, ૨૪ રિવર બ્રિજ, એક કમાટી બાગમાં અને એક જાંબુવાનો ગાયકવાડી શાસન વખતનો બેઠો પુલ મળી કુલ ૪૩ બ્રિજ છે. જોકે કોર્પોરેશને ડિઝાઈન સલાહકારની નિમણૂક કરીને ચોમાસા પૂર્વે બ્રિજનો સર્વે કર્યો હતો અને તમામ બ્રિજ સલામત જણાયા હોવાનો રિપોર્ટ આવ્યો હતો.

### દવાઓનું વેચાણ બંધ કરવાની ચીમકી આપી

## મેડિકલોમાં તપાસને લઈને કેમિસ્ટ એસો.ના પ્રમુખનો વિરોધ

### ગુજરાત ફાર્માસિસ્ટ એસોસિએશનના પ્રમુખ રજનીકાંત ભારતીય દ્વારા પોલીસની કામગીરીને બિરદાવવામાં આવી હતી

| (એજન્સી) અમદાવાદ, તા.૧૧ |

ગુજરાતમાં નશાકારક દવાઓનો ઉપયોગ અને ગેરકાયદે દવાઓના વેચાણ રોકવા માટે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાજ્યભરના તમામ મેડિકલ સ્ટોર પર પોલીસદ્વારા ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

મેડિકલોમાં તપાસને કેમિસ્ટ એસો. પ્રમુખે બળાપો કાઢ્યો છે. પોલીસની કાર્યવાહીનો જશુ પટેલે વિરોધ નોંધાવ્યો છે. જસુ પટેલે કહ્યું અમે દવાઓ વેચવાની બંધ કરી દઈશું. ડોક્ટર અને દર્દીઓને દવાઓ નહીં મળે તો તેની જવાબદારી સરકારની સરકારની રહશે. ગુજરાત ફાર્માસિસ્ટ એસોસિએશનના પ્રમુખ રજનીકાંત ભારતીય દ્વારા પોલીસની કામગીરીને બિરદાવવામાં આવી હતી. તેમજ જનતાના આરોગ્યને હિતમાં નશાનો વેપાર કરતા મેડીકલ સ્ટોર્સ વિરુદ્ધ ઈતિહાસની સૌથી મોટી ડ્રાઈવ ચલાવવાની ગૃહમંત્રી હર્ષ સંઘવી અને પોલિસ વડા વિકાસ સહાયની સરાહનીય કામગીરીને બિરદાવવામાં આવી છે. મેડિકલો માં કઈ ખોટું નથી થતું તો જસુ પટેલને તપાસનો ડર કેમ છે.

રાજ્યમાં આ ચેકિંગનો મુખ્ય હેતુ દવાઓનું પ્રિસ્ક્રિપ્શન વગર વેચાણ, પ્રતિબંધીત દવાઓનું વેચાણ અને સંગ્રહ ખોરોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યું છે. મેડિકલોમાં તપાસ થતા કેમિસ્ટ એસો.ના પ્રમુખનો બળાપો બહાર આવ્યો છે. પોલીસ તપાસ બંધ કરાવવા સરકારનું નાક દબાવવા પ્રયાસ કર્યો છે.

### નાના વાહનો માટે બ્રિજ ચાલુ

## પંચમહાલ, ખેડાને જોડતો મહિસાગર નદી પરનો બ્રિજ ભારે વાહનો માટે બંધ

### ગોધરાથી સેવાલિયા જવા માટે બાલાસિનોર હાઇવેનો વાહન ચાલકો ઉપયોગ કરી શકશે

| (એજન્સી) ખેડા, તા.૧૧ |

વડોદરાના પાદરમાં થયેલા બ્રિજ અકસ્માત બાદ તંત્ર દ્વારા સલામતીના ભાગ રૂપે કામગીરી કરવામાં આવી રહી છે. શહેર તથા નદીઓ પરના બ્રિજોની તપાસ કરવામાં આવી રહી છે.

જો બ્રિજની હાલત ખરાબ દેખાય તથા કોઈ જર્જરીત બ્રિજ પર ભારે વાહનોની અવર જવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. વડોદરા, પંચમહાલ, અને ખેડાને જોડતો સેવાલિયા પાસેનો મહીસાગર નદી ઉપરનો જુનો બ્રિજ ભારે વાહન માટે સુરક્ષાના ભાગરૂપે તંત્ર દ્વારા બંધ કરવામાં આવ્યો છે. વડોદરા, પંચમહાલ, અને ખેડાને જોડતો સેવાલિયા પાસેનો મહીસાગર નદી ઉપરનો જુનો બ્રિજ ભારે વાહન માટે સુરક્ષાના ભાગરૂપે તંત્ર દ્વારા બંધ કરવામાં આવ્યો છે. સેવાલિયા મહીસાગર ઉપર બ્રિજ ખૂબ જ ખખડધજ અને જૂનો છે. ભારે વાહનો આ બ્રિજ ઉપરથી પસાર થાય છે, ત્યારે હાલક ડોલક ઉપરાંત વાઈબ્રેટ થાય છે. ગોધરાથી સેવાલિયા જવા માટે બાલાસિનોર હાઈવેનો વાહન ચાલકો ઉપયોગ કરી શકશે. નાના વાહનો માટે મહીસાગર ઉપરનો જુનો બ્રિજ ચાલુ રાખવામાં આવ્યો છે. મહીસાગર નદી ઉપરનો જુનો બ્રિજ ભારે વાહન માટે સુરક્ષાના ભાગરૂપે તંત્ર દ્વારા બંધ કરવામાં આવ્યો છે. કેટલાક ભારે વાહનોને પોલીસે બ્રિજ ઉપર જતા રોક્યા અને પરત જવા કહ્યું છે. સેવાલિયા ચોકડી ઉપરથી જ ડાઈવર્જન આપી હાઈવે ઉપર ભારે વાહનો વાળવામાં આવ્યા છે. જુનો બ્રિજ ભારે વાહન માટે સુરક્ષાના ભાગરૂપે તંત્ર દ્વારા બંધ કરવામાં આવ્યો છે. ગોધરાથી સેવાલિયા જવા માટે બાલાસિનોર હાઈવેનો વાહન ચાલકો ઉપયોગ કરી શકશે. નાના વાહનો માટે મહીસાગર ઉપરનો જુનો બ્રિજ ચાલુ રાખવામાં આવ્યો છે.

**વિશેષ** | વિદ્યાર્થીઓ મહાદેવ દેસાઈ જેવા કર્મયોગી, ધર્માત્મા અને જીતેન્દ્રિય બને : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ગૂજરાત વિદ્યાપીઠમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે નવપ્રવેશિત વિદ્યાર્થીઓનો દીક્ષારંભ સમારોહ યોજાયો

| (માહિતી) અમદાવાદ |

ગૂજરાત વિદ્યાપીઠના પરિસરમાં, ગુરુપૂર્ણિમાના પાવન અવસરે, ગુજરાતના રાજ્યપાલ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં દીક્ષારંભ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં નવપ્રવેશિત વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા. રાજ્યપાલશ્રીએ આ અવસરે જણાવ્યું કે, ગાંધીજી કહેતા કે 'મારું જીવન જ મારો સંદેશ છે'. કોઈ વ્યક્તિના જીવનમાં આનાથી મોટી પારદર્શિતા ન હોઈ શકે. બાપુએ હજારો લોકોને પ્રભાવિત કર્યા અને એ પરંપરામાં ઘણા લોકો આગળ આવ્યા અને ગાંધીજી સાથે જોડાયા, શ્રી મહાદેવ દેસાઈ તેમાંના એક હતા. તેમણે ભારપૂર્વક કહ્યું કે જો મહાદેવ દેસાઈ ન હોત તો ગાંધીજીનું જીવન દર્શન આપણા સુધી પૂર્ણ રૂપે પહોંચ્યું ન હોત. ગાંધી બાપુનો પડછાયો બનીને મહાદેવ દેસાઈ રહ્યા હતા. ગાંધીજીના ઉપદેશ જનતા સુધી લઈ જવામાં મહાદેવ દેસાઈનો મોટો ફાળો છે. વિદ્યાર્થીઓ મહાદેવ દેસાઈ જેવા કર્મયોગી, ધર્માત્મા અને જીતેન્દ્રિય બને તે જરૂરી છે.

તેમણે ઉમેર્યું કે, શ્રી મહાદેવ દેસાઈના પરોપકાર ભાવમાંથી પ્રેરણા લઈને વિદ્યાપીઠના અનેક વિદ્યાર્થીઓએ સમાજ સેવાના ઉત્કૃષ્ટ ઉદાહરણો પૂરા પાડ્યા છે. આવા વિદ્યાર્થીઓને વિદ્યાપીઠ દ્વારા આજે મહાદેવ દેસાઈ સમાજ સેવા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. વિદ્યાપીઠમાં અભ્યાસ અર્થે પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને મહાદેવ દેસાઈમાંથી તેમજ પારિતોષિક પ્રાપ્ત કરનારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાંથી પ્રેરણા મળશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ દીક્ષારંભ સમારોહને પ્રાચીન ભારતના 'વેદારંભ' સાથે સરખાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, વર્ષાઋતુના પ્રારંભે ચાતુર્માસ દરમિયાન વિદ્યારંભની પરંપરા અનન્ય છે. ભારતના કૃષિપ્રધાન સમાજમાં ખેડૂતો વર્ષાઋતુમાં વાવણી પછી નિશ્ચિંત બનતા, જ્યારે ઋષિમુનિઓ અને સાધકો અરણ્ય



છોડી નગરોમાં આવી નાગરિકો વચ્ચે વસવાટ કરતા હતા. આ શુભ મિલનથી શિષ્યોને ગુરુના ચિંતન અને જ્ઞાનનો અવસર પ્રાપ્ત થતો હતો. તેમણે ખાસ ઉલ્લેખ કર્યો કે, જૈન પંથના સાધુઓએ આજે પણ ચાતુર્માસ દરમિયાન નગરોમાં નાગરિકો વચ્ચે આવીને આ પરંપરાને જીવંત રાખી છે. ગુરુપૂર્ણિમા નિમિત્તે યોજાયેલો દીક્ષારંભ સમારોહ સંપૂર્ણ પણે યથાર્થ છે, કારણ કે ગુરુ અને પૂનમનો ચંદ્ર બંને પૂર્ણતાના પ્રતીક છે. ગુરુ જીવનમાં પૂર્ણતા બક્ષે છે અને અજ્ઞાનના અંધકારને દૂર કરી પ્રકાશ તરફ દોરી જાય છે, આથી જ 'તમસો મા જ્યોતિર્ગમય' નું સૂત્ર પ્રસ્તુત બને છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, અભ્યાસ અર્થે પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને 'દ્વિજ' કહેવાય છે, કારણ કે એક જન્મ માતા-પિતા આપે છે અને બીજો જન્મ ગુરુ દ્વારા આત્મા, મન અને બુદ્ધિને પુરસ્કૃત કરીને પ્રાપ્ત થાય છે. તેમણે ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, આ વર્ષે લગભગ ૧૨ જેટલા પ્રાંતમાંથી વિદ્યાર્થીઓએ વિદ્યાપીઠમાં પ્રવેશ લીધો છે, જેનાથી પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં રેકોર્ડબ્રેક વધારો થયો છે. વિદ્યાપીઠનો ટૂંકા ગાળામાં થયેલો કાયાકલ્પ, સ્વચ્છતા સહિત ગાંધી સિદ્ધાંતોનું દ્રઢ અનુસરણ, સમગ્ર શિક્ષણ સમાજમાં ચર્ચાનો વિષય બન્યું છે.

ગાંધી વિચાર અને આધ્યાત્મિક ચિંતનની અનિવાર્યતા. રાજ્યપાલશ્રીએ આજના વૈશ્વિક પરિદ્રશ્ય પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, એક દેશ બીજા દેશ સાથે, એક પાડોશી બીજા પાડોશી સાથે લડે છે, સંસ્થાઓમાં પોલિટિક્સ અને પરિવારોમાં પણ પોલિટિક્સ - આવો માહોલ વ્યાપ્ત થઈ રહ્યો છે, જે વિશ્વભરમાં આધ્યાત્મિક ચિંતન અને ગાંધી વિચારોના અભાવને કારણે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આવનારી પેઢી ગાંધીજીના માર્ગે ચાલે તે માટે વિદ્યાપીઠના દરેક વર્ગખંડમાં, કોઈપણ વિષયના લેક્ચર દરમિયાન પાંચ મિનિટ ગાંધી દર્શન તેમજ અન્ય મહાપુરુષોના જીવન ઉપર ચિંતન-મનન થાય તે અત્યંત જરૂરી છે. પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વિદ્યાપીઠમાં યોજાયેલા આ પ્રવેશોત્સવને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્થાપેલી બે દાયકા જૂની પ્રવેશોત્સવની પરંપરા સાથે પ્રાસંગિક ગણાવ્યો હતો. તેમણે ગુજરાતના શિક્ષણ જગતમાં પ્રવેશોત્સવ પરંપરાનું મહત્વ અને તેના બહુઆયામી લાભો વર્ણવ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલશ્રીના હસ્તે ૨૦૨૩ અને ૨૦૨૪ માટેના 'શ્રી મહાદેવ દેસાઈ સમાજ સેવા પુરસ્કાર' અર્પણ કરવામાં આવ્યા હતા. આ પુરસ્કાર ૧૯૯૮થી પ્રતિ વર્ષ સમાજ સેવાનું ઉત્કૃષ્ઠ કાર્ય કરનાર વિદ્યાપીઠના પૂર્વ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩ માટે ગ્રામીણ સેવા અને આદિવાસી ઉત્કર્ષ માટે શ્રીમતી ભારતીબેન ઓડેદરાને, તથા વર્ષ ૨૦૨૪ માટે અનાથ અને વિસ્થાપિત બાળકોના શિક્ષણ અને ગ્રામ સ્વરાજની પ્રવૃત્તિ માટે શ્રી અશોકભાઈ ચૌધરીને આ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## IPLમાં ઉપયોગમાં લેવાયેલા ફિલ સોલ્ટના બેટને ક્લીનચીટ

। (એજન્સી) લંડન, તા.૧૧ ।

ઈંગ્લેન્ડના વ્હાઈટ બોલ ક્રિકેટ ઓપનર ફિલ સોલ્ટના બેટને ગેજ ટેસ્ટમાં નિષ્ફળ ગયા પછી પણ મંજૂરી આપવામાં આવી છે. વાઈટાલિટી બ્લાસ્ટની એક મેચ દરમિયાન તેનું બેટ મેદાન પર ઓન-ફીલ્ડ ગેજ ટેસ્ટમાં નિષ્ફળ થયું હતું. આ પછી અધિકારીઓએ તેની તપાસ કરીને તેને તે જ બેટથી રમવાની મંજૂરી આપી હતી. આ તે જ બેટ છે જેનો તે છેલ્લા બે વર્ષથી ઉપયોગ કરી રહ્યો છે. ૨૮ વર્ષીય સોલ્ટ હાલમાં લેન્કેશાયર માટે રમે છે. તેણે વર્ષની શરૂઆતમાં રોયલ ચેલેન્જર બેંગલુરુની પહેલી IPL ટાઈટલ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ટુર્નામેન્ટની ૧૩ મેચમાં તેણે ૪૦૩ રન બનાવ્યા હતા. લેન્કેશાયર ક્લબે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બેટ-ગેજ ટેસ્ટમાં સોલ્ટનું બેટ નિષ્ફળ ગયા બાદ તેણે ECBના નિર્દેશો ૩.૨ અને ૩.૩નું ઉલ્લંઘન કર્યુ હોવાનો આરોપ હતો. આ બેટનો ઉપયોગ તે છેલ્લા બે વર્ષથી ઈંગ્લેન્ડ, લેન્કેશાયર અને IPLમાં કોઈ સમસ્યા વિના કરી રહ્યો છે.ટેસ્ટ પાસ કરવા માટે બેટ ચોક્કસ કદના ગેજમાંથી ફિટ થવું આવશ્યક છે. જો કે, સોલ્ટનું બેટ મેદાન પર ગેજમાંથી પસાર થયું ન હતું અને તેથી તે પરીક્ષણમાં નિષ્ફળ ગયું હોવાનું માનવામાં આવ્યું હતું. બાદમાં ક્રિકેટ રેગ્યુલેટર દ્વારા હાથ ધરવામાં આવેલી પુરાવા પરીક્ષણ પ્રક્રિયા બાદ બેટ નિયમોનું પાલન કરતું હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ ક્લબ અને ખેલાડીને જાણ કરવામાં આવી છે કે આગળ કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં.

## ભારતીય મહિલા ટીમે ઇંગ્લેન્ડ સામે પ્રથમ T20 સિરીઝ જીતી

। (એજન્સી) માન્ચેસ્ટર, તા.૧૧ ।

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઈંગ્લેન્ડ સામે ઐતિહાસિક જીત નોંધાવીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ મેદાન પર રમાયેલી ચોથી T20I મેચમાં ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડ ટીમને ૬ વિકેટથી હરાવીને ૫ મેચની શ્રેણીમાં ૩-૧ની અજેય લીડ મેળવી હતી. પહેલા બેટિંગ કરતા ઈંગ્લેન્ડની ટીમ ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને માત્ર ૧૨૬ રન જ બનાવી શકી હતી. જવાબમાં ટીમ ઈન્ડિયાએ ૧૭ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યુ હતું. કૌર અને કંપની હાલ શાનદાર ફોર્મમાં છે. શ્રેણીની શરૂઆતની મેચમાં ભારતે ઈંગ્લેન્ડને ૯૭ રનથી જ્યારે બીજી મેચમાં બ્રિસ્ટલમાં ૨૪ રનથી જીત મેળવી હતી. પરંતુ ત્રીજી ટી૨૦માં ભારતે ૫ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો.સિરીઝની છેલ્લી મેચ શનિવારે બર્મિંગહામમાં રમાશે.ભારતે છેલ્લે ૨૦૦૬માં ડર્બીમાં રમાયેલી એકમાત્ર T20I મેચમાં ઈંગ્લેન્ડને હરાવ્યું હતું. ત્યારથી, ‘વિમેન્સ ઇન બ્લુ’ ઈંગ્લેન્ડ સામેની દરેક મહિલા T20I શ્રેણીમાં નિષ્ફળ રહી હતી. ચોથી ટી૨૦ મેચમાં ભારતની જીતમાં સ્પિન બોલરોએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. રાધા યાદવ (૧૫/૨), ૨૦ વર્ષીય શ્રી ચારણી (૩૦/૨) અને દીપ્તિ શર્મા (૨૯/૧)એ સંયુક્ત રીતે પાંચ વિકેટ લીધી હતી, જેના કારણે યજમાન ટીમ ૭ વિકેટે ૧૨૬ રનના સામાન્ય સ્કોર પર રોકાઈ ગઈ હતી.

### કેન્દ્ર સરકારે ૧૦૦૦ કરોડથી વધુનું ફંડ કર્યું મંજૂર

# પૂર-ભૂસ્ખલન પ્રભાવિત રાજ્યો માટે કેન્દ્ર સરકારની જાહેરાત

### ચાંદીએ બે દિવસથી ૯૬૦૦૦ની સપાટી જાળવી રાખી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

કેન્દ્ર સરકારે પૂર અને ભૂસ્ખલન પ્રભાવિત છ રાજ્યોને ફંડ આપવા મંજૂર આપી દીધી છે. સરકારે આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, કેરળ અને ઉત્તરાખંડ જેવા પૂર-ભૂસ્ખલન પ્રભાવિત રાજ્યો માટે ૧,૦૬૬.૮૦ કરોડ રૂપિયાની રકમ આપવા મંજૂરી આપી દીધી છે. આ વર્ષે કેન્દ્ર સરકારે ૨૬ રાજ્યોને કુલ ૮૧૫૪.૯૧ કરોડ રૂપિયાનું ફંડ જાહેર કર્યું છે. કેન્દ્ર સરકારે જાહેર કરેલ ૧,૦૬૬.૮૦ કરોડ રૂપિયાના ફંડમાંથી આસામને ૩૭૫.૬૦ કરોડ રૂપિયા, મણિપુરને ૨૯.૨૦ કરોડ રૂપિયા, મેઘાલયને ૩૦.૪૦ કરોડ રૂપિયા, મિઝોરમને ૨૨.૮૦ કરોડ રૂપિયા, કેરળને ૧૫૩.૨૦ કરોડ રૂપિયાઅનેઉત્તરાખંડને૪૫૫.૬૦કરોડ રૂપિયાનું ફંડ આપવાની જાહેરાત કરી છે. આ ફંડ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (SDRF)માંથી કેન્દ્રના હિસ્તા તરીકે આપવામાં આવશે. આ વર્ષે દક્ષિમ-પશ્ચિમ ચોમાસા દરમિયાન ભારે વરસાદ પડતા પૂર અને ભૂસ્ખલન જેવી ઘટનાઓ બની હતી, જેમાં અનેક રાજ્યો પ્રભાવિત થયા છે. આ વર્ષે કેન્દ્ર સરકારે કુલ ૨૬ રાજ્યોને કુલ ૮૧૫૪.૯૧ કરોડ રૂપિયાનું ફંડ આપ્યું છે. સરકારે રાજ્ય ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (SDRF)માંથી ૧૪ રાજ્યોને કુલ ૬,૧૬૬ કરોડ રૂપિયા અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (NDRF)માંથી ૧૨ રાજ્યોને કુલ ૧,૯૮૮.૯૧ કરોડ રૂપિયાનું ફંડ પહેલેથી જ આપી દીધું છે. આ ઉપરાંત પાંચ રાજ્યોને ૭૨૫.૨૦ કરોડ રૂપિયા અને બે રાજ્યોને ૧૭.૫૫ કરોડ રૂપિયાનું ફંડ પણ આપી દેવાયું છે. કેન્દ્ર સરકારે પૂર, ભૂસ્ખલન, વાદળ ફાટવાથી પ્રભાવિત તમામ રાજ્યોને જરૂરી એનડીઆરએફ ટીમો, સેનાની ટીમો અને વાયુસેનાની સહાય સહિત તમામ લોજિસ્ટિકલ સપોર્ટ પૂરો પાડ્યો છે. ચાલુ ચોમાસા દરમિયાન ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં બચાવ અને રાહત કામગીરી માટે ૧૦૪ એનડીઆરએફ ટીમો તૈનાત કરવામાં આવી છે.

### પ્રમુખ ટ્રમ્પે ડ્રોન એટેકની ચેતવણીની મજાક ઉડાવી

# અમેરિકન પ્રમુખ પર ફ્લોરિડાના ઘરમાં પણ હુમલો થઈ શકે : ઈરાન

। તેહરાન/વોશિંગ્ટન, તા.૧૧ ।

વરિષ્ટ ઈરાની અધિકારીએ ટ્રમ્પ ની હત્યાનાં કાવતરાંનો સંકેત આપ તાં જણાવ્યું હતું કે તેઓની ઉપર ડ્રોન વિમાન દ્વારા હુમલો થવાની શક્યતા છે. ફ્લોરિડા સ્થિત તેમના આવાસ માર-એ-લાગોમાં તેઓ સમુદ્ર કિનારે સનબાથ લઈ હશે અને અચાનક કોઈ નાનું ડ્રોન તેમના ઉપર નિશાન સાધી પ્રહાર કરી શકે તેમ છે.

જોકે, ઈરાનની આ ધમકીને અમેરિકન પ્રમુખ ટ્રમ્પે મજાકમાં ઉડાવતા કહ્યું કે, હું સનબાથ લેતો જ નથી.ઈરાનના સર્વોચ્ચ ધાર્મિક નેતા આયાતોલ્લા અલિ ખામેનીના વિશ્વાસુ સલાહકાર જાવેદ લારીજાનીએ ઈરાનના સરકારી ટેલિવિઝનને આપ ેલી મુલાકાતમાં ધમકીભર્યા સૂરમાં કહ્યું હતું કે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફ્લોરિડા સ્થિત તેમના આવાસ માર એ લાગોમાં સમુદ્ર કિનારે તડકાની મઝા લેતા હશે ત્યારે જ કોઈ નાનું એવું ડ્રોન ઓચિંતુ આવી તેમને નિશાન બનાવીને નાનું મિસાઈલ છોડી શકે છે.

આ બહુ સીધી અને સાદી વાત છે. લારીજાનીના આ નિવેદનને જાન્યુઆરી ૨૦૨૦માં અમેરિકન હુમલામાં ઈરાની કમાન્ડર કાસિમ સુલેમાનીની હત્યા સાથે જોડવામાં આવે છે. ઈરાને સુલેમાનીની હત્યા માટે ટ્રમ્પને જવાબદાર ઠેરવ્યા હતા અને તે સમયે પણ ટ્રમ્પ પ્રમુખ નહીં રહે તો પણ તેમની હત્યાની ધમકી આપી હતી. તાજેતરમાં જ ઈઝરાયલ ઈરાન યુદ્ધમાં અમેરિકાએ ઈઝરાયલને સાથ આપી ઈરાનનાં ત્રણ પરમાણુ સંકુલો ઉપર પ્રચંડ બોમ્બ વર્ષા કરી હતી. જેમાં બંકર બ્લસ્ટર તરીકે ઓળખાતા ૩૦૦૦ કી.ગ્રા.ના વિનાશક બોમ્બ નાખ્યાં હતા. પરિણામે ઈરાનનો પરમાણુ ક્ષેત્ર અંગેનો કાર્યક્રમ ઓછામાં ઓછા ત્રણેક વર્ષે પાછો ઠેલાયો છે. તેથી ઈરાન અમેરિકા પર ગિન્નાયુ છે. આયા તોલ્લા અલિ ખામેની કોઈ અજ્ઞાત સ્થળે છુપાઈ ગયા હતા. તેથી બચી ગયા છે. ઈરાનનું કહેવું છે કે તેઓ નાગરિક વીજઊર્જા ક્ષેત્ર માટે સંવર્ધિત યુરેનિયમ બનાવવાના કાર્યક્રમમાં વ્યસ્ત છે.ઈરાનની ધમકીના જવાબમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હસતા હસતા જણાવ્યું હતું કે, હું સનબાથ લેતો નથી.



નવી દિલ્હીમાં ઇલેક્ટ્રોનિક્સ નિકેતન ખાતે SISA ના સહયોગથી MeitY અને CERT-In દ્વારા ‘ક્વોન્ટમ સાયબર રેડીનેસ પર શ્વેતપત્ર’નું અનાવરણ ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય (MeitY) સચિવ એસ. કૃષ્ણને કર્યું.

### કાઢી મૂકવા માટે ટ્રમ્પે ૧૭૦ અબજ ફાળવ્યા

## અમેરિકામાં એક કરોડથી વધુ લોકો ગેરકાયદે રહેતા હોવાનો અંદાજ



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧ ।

ડોનાલ્ડ ટ્રમ્પે બિગ બ્યૂટીફૂલ બિલ સંસદમાં પાસ કરાવ્યું એ પછી હવે બજેટમાં ફાળવણી પણ થઈ ગઈ છે. નવા કાયદા પ્રમાણે ગેરકાયદે વસાહતીઓ સામે કાર્યવાહી કરવા માટે અમેરિકન સંસદે ૧૭૦ અબજ ડોલર જેવી માતબર રકમ ફાળવી છે. તેના કારણે અમેરિકામાં આગામી મહિનાઓમાં ગેરકાયદે વસાહતીઓ સામે આકરાં પગલાં ભરાશે. તેમને ડિટેન્શન સેન્ટરમાં રાખવા માટેની તૈયારી પણ કરી દેવાઈ છે. તે ઉપરાંત બોર્ડર પર દીવાલ બાંધવાથી લઈને ચાંપતી નજર રાખવા માટે પણ બજેટ વધારાયું છે.અમેરિકામાં અત્યારે ગેરકાયદે વસાહતીઓને રાખવા માટે ૪૧ હજાર બેડની ક્ષમતા ધરાવતા ડિટેન્શન સેન્ટર્સ છે. એની ક્ષમતા વધારીને એક લાખ બેડ કરવા માટે ૪૫ અબજ ડોલરનું ફંડ મંજૂર થયું છે. અધિકારીઓને ટાંકીને રજૂ થયેલા અહેવાલોમાં તો ત્યાં સુધી દાવો થયો કે ભવિષ્યમાં વધુ ગેરકાયદે વસાહતીઓ પકડાશે તેને ધ્યાનમાં રાખીને બે લાખ બેડની ક્ષમતા ધરાવતા ડિટેન્શન સેન્ટર્સ બનાવવાની ટ્રમ્પની ગણતરી છે.દેશભરના સરહદી રાજ્યોમાં આ ડિટેન્શન સેન્ટર્સ ઉભા કરાશે અને એમાં ગેરકાયદે વસાહતીઓને કેદ રાખવામાં આવશે. ઈમિગ્રેશન વિભાગે અત્યારે ૫૯ હજાર ગેરકાયદે વસાહતીઓની ઓળખ કરી લીધી છે. અમેરિકામાં એક કરોડથી વધુ ગેરકાયદે વસાહતીઓ રહેતા હોવાનો અંદાજ બાંધવામાં આવ્યો છે. આગામી દિવસોમાં ઈમિગ્રેશન એન્ડ બોર્ડર સિક્યોરિટી વિભાગ ગેરકાયદે વસાહતીઓને ઝડપી શકે તે માટેના પ્રયાસો શરૂ કરવામાં આવશે. તે માટે ઈમિગ્રેશન વિભાગના બજેટમાં તોતિંગ વધારો કરાયો છે. ઈમિગ્રેશન વિભાગ ગેરકાયદે વસાહતીઓ સામે રાષ્ટ્રવ્યાપી ઓપરેશન ચલાવી શકે તે માટે નવી ભરતી કરાશે. આ વિભાગમાં આગામી વર્ષોમાં ૧૮ હજાર નવી ભરતી કરાશે. નવી ટેકનોલોજી વસાવવામાં આવશે. સરહદ પર નજર રાખવા માટેય વધુ ૬.૨ અબજ ડોલરની ફાળવણી કરવામાં આવી છે.ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે ઈમિગ્રેશન વિભાગ ઉપરાંત બોર્ડર સિક્યોરિટીના બજેટમાં તો વધારો કર્યો જ છે, સાથે સાથે રાજ્યોની સ્થાનિક એજન્સીઓ ગેરકાયદે વસાહતીઓને ઝડપી લેવામાં મદદ કરી શકે તે માટે ૧૨.૬ અબજ ડોલર જેટલી ફાળવણી કરી છે.

### ભારતના શત્રુ સંપત્તિના કાયદા હેઠળ એમપી હાઈકોર્ટનો ચુકાદો

# સૈફ અલી ખાનને ભોપાલની પ્રોપર્ટીની આશા છોડવી પડશે

### સૈફના દાદીના પિતા ભોપાલના છેલ્લાં નવાબ હતા, તેમના એક દીકરી પાકિસ્તાન ચાલ્યા જતાં શત્રુ સંપત્તિ એક્ટ લાગુ પડયો

। (એજન્સી) ભોપાલ, તા.૧૧ ।



ભોપાલના છેલ્લાં નવાબ હમીદુલ્લા ખાનની દીકરી સાજિદા સુલ્તાને પટૌડીના નવાબ ઈફ્તિખાર અલી ખાન સાથે લગ્ન કર્યા હતા. ઈફ્તિખારના દીકરા મનસૂર અલી ખાન પટૌડી અને મનસૂર અલી ખાનના દીકરા સૈફ અલી ખાન. સાજિદા સુલ્તાન સૈફ અલી ખાનના દાદી થાય. સાજિદાના બહેન આબિદા સુલ્તાન ભારત-પાકિસ્તાનના ભાગલા પછી પાકિસ્તાન ચાલ્યા ગયા હતા અને ત્યાંની નાગરિકતા લઈ લીધી હતી. આ ઘટનાએ સૈફ અલી ખાનના હાથમાંથી ૧૫,૦૦૦ કરોડની સંપત્તિ છીનવી લીધી!

ભોપાલના નવાબ હમીદુલ્લા ખાનની ૧૫ હજાર કરોડની સંપત્તિના વારસદારોમાં એક વારસદાર સૈફ અલી ખાન છે. વર્ષો પહેલાં આ સંપત્તિના અન્ય વારસદારોએ કોર્ટમાં અરજી કરી હતી કે સંપત્તિને મુસ્લિમ પર્સનલ લૉ હેઠળ લાવવામાં આવે. એ કેસ ભોપાલની નીચલી કોર્ટમાં ચાલ્યો. એ કોર્ટે સંપત્તિના કેસનો ચુકાદો સૈફ અલી ખાન અને તેમના પરિવારની તરફેણમાં આપ્યો હતો. ૨૦૦૦ના વર્ષના એ ચુકાદામાં સંપત્તિના વારસદારો તરીકે કોર્ટે સૈફની માતા શર્મિલા ટાગોર, સૈફ અને સૈફની બહેનો સબા અલી ખાન અને સોહા અલી ખાનને માન્ય ગણ્યા હતા. તેની સામે અન્ય વારસદારો હાઈકોર્ટમાં પહોંચ્યા હતા અને સંપત્તિને મુસ્લિમ પર્સનલ લૉ હેઠળ લાવવાની માગણી કરી હતી. એનો ચુકાદો હવે આવ્યો છે. મધ્ય પ્રદેશ હાઈકોર્ટે એ સંપત્તિ સૈફ અલીના પરિવારની કે ભોપાલના છેલ્લા નવાબના અન્ય કોઈ વારસદારોની ગણવાને બદલે તેને શત્રુ સંપત્તિ ગણી હતી. શત્રુ સંપત્તિના કાયદા પ્રમાણે ભારતમાં સંપત્તિ ધરાવનાર નાગરિક પાકિસ્તાનની નાગરિકતા મેળવે કે તેમના કોઈ વંશજો પણ પાકિસ્તાનની નાગરિકતા મેળવે તો ભારત સ્થિત તેમની સંપત્તિ સરકારના કબજામાં આવી જાય છે. ૧૯૬૯ના આ કાયદાના કારણે સૈફ અલી ખાને ૧૫૦૦૦ કરોડની સંપત્તિમાંથી હાથ ધોવા પડયા છે.

### કોઈને નહીં છોડું : ગડકરીની ચેતવણી

# હવે હું અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર્સની પાછળ પડીશ

### નીતિન ગડકરીએ કહ્યું કે તેમણે નબળી કામગીરી કરનારા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર્સની તપાસ શરૂ કરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।



વડોદરા જિલ્લામાં મહિસાગર નદી પર બનેલો ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં બચાવ કામગીરી આજે ત્રીજા દિવસે પણ ચાલુ છે. અત્યારસુધી કુલ ૧૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. હજી કેટલાક ગુમ હોવાથી મોતનો આંકડો વધવાની શક્યતા છે. દેશમાં બ્રિજ ધરાશાયી થવાની વધતી દુર્ઘટનાને ધ્યાનમાં લેતાં કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આકરૂ વલણ અપનાવ્યું હોવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, તે નબળી કામગીરી કરનારા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર્સની તપાસ શરૂ કરી છે. જાણી જોઈને ભૂલો કરનારાઓ વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરવી જોઈએ. નીતિન ગડકરીએ એક મીડિયા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, અકસ્માત એક અલગ વસ્તુ છે, અને જે કામ કરતી વખતે છેતરપિંડી અને કૌભાંડ આચરે છે, તે અલગ વસ્તુ છે. જો ભૂલ જાણી-જોઈને ન થઈ હોય તો માફ કરી દેવા જોઈએ, પરંતુ જો જાણી જોઈને ભૂલ કરવામાં આવી હોય તો તેમની વિરૂદ્ધ કાર્યવાહી થવી જોઈએ. માર્ગ પરિવહનના કામકાજના વલણ મુદ્દે ગડકરીએ જણાવ્યું હતું કે, હું કોઈ પ્રકારની ગરબડ (ફ્રોડ) કરનારાઓને ફીટકાર લગાવુ છું. માર્ગ બનાવવામાં ભૂલો કરનારાઓને છોડતો નથી. હાલ મારો ટાર્ગેટ આ નિર્ણયો પૂરા કરવાનો છે. એક હું કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની પાછળ લાગીશ. બીજું આ મારા દેશની સંપત્તિ છે તેની સાથે કોઈ સમાધાન નહીં કરીશ. ત્રીજું એક એક રસ્તો મારા ઘરની દિવાલ સમાન છે. ચોથું જેટલી ચિંતા મારા ઘરની છે, તેટલી જ તે રસ્તાની છે. પાંચમું તેની સાથે કોઈ સમાધાન નહીં કરૂં.

ગત બુધવાર, ૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ મહિસાગર નદી પર બનેલો ગંભીરા બ્રિજ ધરાશાયી થતાં અનેક વાહનો નદીમાં ખાબક્યા હતાં. મૃતકોનો આંકડો ૧૮ એ પહોંચ્યો છે. બચાવ કામગીરી હજુ ચાલુ છે. ઘણા લોકો ગુમ છે. અધિકારીઓએ ગુરૂવારે આ અંગે માહિતી આપી હતી. આ ગંભીરા બ્રિજ ચાર દાયકા (૪૫ વર્ષ) જૂનો હતો.

### મોંઘવારી ભથ્થું વધીને ૭૫૮.૩ ટકા થઈ ગયું છે

# સરકારી કર્મચારીઓના પગારમાં થયો ૧૭૦૦૦ રૂપિયાનો વધારો

### જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSU)માં કામ કરતા કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં મોટો વધારો જાહેર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSU) માં કામ કરતા કેન્દ્રીય કર્મચારીઓ માટે એક મોટા સમાચાર આવ્યા છે. સરકારે તેમના મોંઘવારી ભથ્થામાં મોટો વધારો જાહેર કર્યો છે. હવે તેમનો મોંઘવારી ભથ્થું વધીને ૭૫૮.૩ ટકા થઈ ગયું છે. કેન્દ્ર સરકારના એક નાયબ સચિવ સ્તરના અધિકારીએ આ વધારાની માહિતી આપી છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે મોંઘવારી સતત વધી રહી છે અને તેનો સીધો લાભ હજારો જાહેર ક્ષેત્રના કર્મચારીઓને મળશે. ડેપ્યુટી સેક્રેટરી ડૉ. પી.કે. સિંહાના જણાવ્યા અનુસાર, આ વધારો બોર્ડ સ્તરથી નીચેના બોર્ડ સ્તરના અધિકારીઓ અને કેન્દ્રીય જાહેર ક્ષેત્રના ઉપક્રમો (CPSEs) માં ૧૯૮૭ અને ૧૯૯૨ના IDA (ઔદ્યોગિક મોંઘવારી ભથ્થા) પગાર ધોરણ પર કામ કરતા સુપરવાઈઝર માટે મોંઘવારી ભથ્થું (DA)માં કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં, ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એન્ટરપ્રાઈઝ (DPE) એ ૯ જુલાઈ, ૨૦૨૫ ના રોજ એક આદેશ જાહેર કર્યો છે. મોંઘવારી ભથ્થાના આ નવા દરને ૧ જુલાઈ, ૨૦૨૫થી લાગુ ગણવામાં આવશે.

મોંઘવારી ભથ્થાના નવા દર શું હશે?

આદેશ મુજબ, માર્ચ ૨૦૨૫ થી મે ૨૦૨૫ ના ત્રિમાસિક ગાળા માટે સરેરાશ ગ્રાહક ભાવ સૂચકાંક (AICPI) (૧૯૬૦=૧૦૦) ૯૪૩૩ હતો, જેના આધારે આ વધારો ૭૫૮.૩% નક્કી કરવામાં આવ્યો છે. આ મુજબ, નવા દર નીચે મુજબ હશે : જે લોકોને રૂ. ૩૫૦૦ નો મૂળ પગાર મળે છે તેમને ૭૫૮.૩% મોંઘવારી ભથ્થું અથવા ઓછામાં ઓછું રૂ. ૧૬,૬૬૮ મળશે. ૩૫૦૦ થી રૂ. ૬૫૦૦ સુધીના મૂળ પગાર પર ૫૬૮.૭% મોંઘવારી ભથ્થું અથવા ઓછામાં ઓછું રૂ. ૨૬,૫૪૧ મળશે.

૬૫૦૦ થી રૂ. ૯૫૦૦ સુધીના પગાર પર, ૪૫૫.૦% ભથ્થું અથવા ઓછામાં ઓછું રૂ. ૩૬,૯૬૬ હકદાર રહેશે. ૯૫૦૦ રૂપિયાથીવધુનાપગારમાટે૩૭૯.૧%મોંઘવારી ભથ્થું અથવા ન્યૂનતમ રૂપિયા ૪૩,૨૨૫ આપવામાં આવશે. ડૉ. સિંહાના જણાવ્યા મુજબ, જૂની ન્યુટ્રલાઈઝેશન સિસ્ટમ (૧૯૮૭ સ્કેલ) મુજબ, ૨ રૂપિયા પ્રતિ પૉઈન્ટના દરે ૧૯ પૉઈન્ટના વધારાના આધારે, કુલ મોંઘવારી ભથ્થું ૩૮ રૂપિયા થશે, જ્યારે AICPI ૯૪૩૩ના આધારે, આવા અધિકારીઓને દર મહિને કુલ ૧૭,૪૫૬ રૂપિયાનું DA મળી શકે છે.

### વીમા ચૂકવણીના પોર્ટલનું સંચાલન નાણાં મંત્રાલયને અધિન કરવા વિચારણા

# વીમો ધરાવતા દર્દીઓને લૂંટતી ખાનગી હોસ્પિટલો પર લગામ કસાશે

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧।

ખાનગી હોસ્પિટલો દ્વારા દર્દીઓ પાસેથી વસૂલાતા કમરતોડ બિલ પર લગામ કસવા તથા આરોગ્ય વીમાનું પ્રીમિયમ લોકોને પરવડે તેવું થાય તે માટે સરકારે પ્રયાસ શરૂ કર્યા છે.

આ માટે સરકાર આરોગ્ય વીમાના દાવાઓની ચૂકવણી માટેના ડિજિટલ પોર્ટલ નેશનલ હેલ્થ ક્લેઈમ્સ એક્સચેન્જને નાણાં મંત્રાલય અને ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓફ ઈન્ડિયા(ઈરડાઈ)ના સંયુક્ત નિરીક્ષણ હેઠળ લાવાની તૈયારી કરી રહી છે. હાલમાં આ પોર્ટલનું સંચાલન આરોગ્ય મંત્રાલય કરી રહ્યું છે. વિવિધ પ્રકારની સારવારના બ્હાને દર્દીઓ પાસેથી વસૂલવામાં આવતા જંગી ચાર્જીસને કારણે જ આરોગ્ય વીમાના પ્રીમિયમની રકમ સતત આસમાને આંબી રહી હોવાનું ધ્યાન પર આવતા સરકાર તેના પર નિયંત્રણ મુકવા સક્રિય બની છે.

સરકારના આ પગલાંથી આરોગ્ય વીમા ક્ષેત્રે પ્રીમિયમની કિંમતો અને હોસ્પિટલની બિલિંગની પ્રક્રિયામાં પારદર્શકતા વધશે.સરકાર તથા ઈરડાઈ દ્વારા કરાયેલી એક તપાસમાં, મોટાભાગની હોસ્પિટલ્સ દર્દીઓ પાસેથી ખાસ કરીને ઊંચી રકમનું વીમા કવર ધરાવતા દર્દીઓ પાસે સારવાર પેટે જંગી રકમ વસૂલતી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. વીમાના દાવાની મોટી રકમની ચૂકવણીને લીધે વીમા કંપનીઓ પોતાનું નુકસાન ભરપાઈ કરવા પ્રીમિયમની રકમ વધારી દે છે અને અંતે તેનો બોજ ગ્રાહક પર જ પડે છે. એક અંદાજ પ્રમાણે ૨૦૨૫માં વૈશ્વિક ૧૦ ટકાની સરેરાશની સરખામણીએ ભારતમાં આરોગ્ય સંભાળના ખર્ચમાં ૧૩ ટકાનો વધારો થવાની સંભાવના છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ૧૦ મહિના દરમિયાન ભારતમાં આરોગ્ય વીમા પ્રીમિયમની રકમનો આંક રૂ. એક લાખ કરોડને પાર કરી ગયો છે, જે ગત વર્ષની તુલનાએ ૧૦ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. વીમા બજારમાં વ્યક્તિગત આરોગ્ય વીમાનો હિસ્સો ૩૮ ટકા જેટલો છે, જે ૧૩.૫ ટકાની વૃદ્ધિ સૂચવે છે. જોકે આરોગ્ય વીમાના સતત વધતાં પ્રીમિયમે સામાન્ય વર્ગના લોકોનું બજેટ બગાડ્યું છે. કેટલીક કંપનીઓના આરોગ્ય વીમાના પ્રીમિયમમાં તાજેતરના સમયમાં ૧૦ ટકાથી વધુનો વધારો થયો છે. જેને લીધે આરોગ્ય વીમા પોલિસી પરનો ૧૮ ટકા જીએસટી દૂર કરવાની માગ પ્રબળ બની છે.

# તંત્રી લેખ...

## કેનેડામાં ભયાનક દુર્ઘટના બની

કેનેડામાં મૈનિટોબા શહેરના હાર્વેસમાં બે ટ્રેનિગ પ્લેન હવામાં જ સામસામે અથડાયા છે. ઘટનામાં ભારતીય પાયલટ સહિત બે લોકોના મોત થયા છે. મળતી માહિતી મુજબ ટ્રેનિંગ દરમિયાન એક વિમાનમાં ભારતીય નાગિરક અને બીજા વિમાનમાં કેનેડીયન યુવતી બેઠી હતી, બંને ટ્રેનિંગ લઈ રહ્યા હતા, જેમાં હવામાન જ બંને વિમાનો સામ સામે અથડાયા છે. આ અકસ્માત મંગળવારે સવારે વિનીપેગથી લગભગ ૫૦ કિલોમીટર દક્ષિણપૂર્વમાં સ્ટેઈનબેક નજીક થયો છે. ટોરેન્ટો સ્થિત ભારતીય દુતાવાસે કહ્યું કે, 'મૈનિટોબા શહેરમાં સિંગલ એન્જિનવાળા બે વિમાનો સામસામે અથડાતા એક ભારતીય વિદ્યાર્થી શ્રીહરિ સુકેશનું મોત થયું છે. અમે શોકગ્રસ્ત પરિવારને ભારતીય વિદ્યાર્થીના મોતની માહિતી આપી છે. અમે પાયલટ ટ્રેનિંગ સ્કૂલ અને સ્થાનિક પોલીસના સંપર્કમાં છીએ.' એર પાયલોટ ટ્રેનિંગ સ્કૂલના પ્રમુખ એડમ પેનરે જણાવ્યું કે 'વિમાન ઉડાવવાની ટ્રેનિંગ લઈ રહેલા બંને વિદ્યાર્થીઓ ટેક-ઓફ અને લેન્ડ કરવાની તાલીમ લઈ રહ્યા હતા. અકસ્માત સમયે વિમાનમાં રેડિયો સિસ્ટમ હતી, પરંતુ તેઓ વિમાનની અંદરથી અન્ય વિમાનને બીજી દિશામાંથી આવતા જોઈ શક્યા નહીં, જેના કારણે આ અકસ્માત સર્જાયો છે. વિમાનમાં તાલીમ લઈ રહેલા બે યુવાન વિદ્યાર્થીઓના મોત થયા હતા. વિમાનના કાટમાળમાંથી બંને વિદ્યાર્થીઓના મૃતદેહ મળી આવ્યા હતા. બે મૃતકોમાંથી એક ભારતીયનું નામ શ્રીહરિ સુકેશ છે. ૨૩ વર્ષનો આ યુવક કેરળનો રહેવાસી છે. તે પાઈલટ તરીકે તાલીમ લેવા માટે કેરળના કોચીથી કેનેડા ગયો હતો. પરંતુ તેનું પાઈલટ બનવાનું સ્વપ્ન ત્યાં જ સમાપ્ત થઈ ગયું છે. અકસ્માતમાં મૃત્યુ પામેલી બીજી કેનેડીયન વિદ્યાર્થીનું નામ સવાન્ના મે રોયસ છે, જેની ઉંમર ૨૦ વર્ષ છે. દર વર્ષે વિશ્વભરમાંથી ૪૦૦ વિદ્યાર્થીઓ કેનેડામાં પાયલટની ટ્રેનિંગ લેવા આવે છે, ત્યારે પ્રશ્ન એ ઉભો થાય છે કે, તાલીમ કેન્દ્રમાં યોગ્ય પગલાં કેમ લેવાતા નથી.

## કુલપતિઓ ભારતના બૌદ્ધિક ભાગ્યના મશાલવાહક છે: ડો. સુકાંત મજુમદાર



શિક્ષણ મંત્રાલયે ૧૦ થી ૧૧ જુલાઈ ૨૦૨૫ દરમિયાન ગુજરાતના કેવડિયામાં કેન્દ્રીય યુનિવર્સિટીઓની બે દિવસીય કુલપતિઓની પરિષદનું સફળતાપૂર્વક આયોજન કર્યું. આ કાર્યક્રમમાં માનનીય કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન; માનનીય શિક્ષણ રાજ્ય મંત્રી ડૉ. સુકાંત મજુમદાર; શિક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને કેન્દ્રીય યુનિવર્સિટીઓના કુલપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. સુકાંત મજુમદારે સમાપન સત્રમાં પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે સરદાર પટેલ એકતા, શિસ્ત અને શિક્ષણની પરિવર્તનશીલ શક્તિમાં માનતા હતા. તેમનું વિઝન આપણી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ નો પાયો બનાવે છે - એક સ્વપ્રદ્રષ્ટા અને ભવિષ્યવાદી સુધારો જેનો ઉદ્દેશ્ય ભારતીય શિક્ષણને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાનો છે અને ભારતીય મૂલ્યોમાં મૂળ ધરાવે છે. મંત્રીએ જણાવ્યું હતું કે ઉચ્ચ શિક્ષણમાં મહિલાઓની ભાગીદારીમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે, જેમાં ૨૦૧૪-૧૫માં ૧.૫૭ કરોડથી વધીને ૨૦૨૧-૨૨માં ૨.૦૭ કરોડ થઈ છે, જે ૩૨% નો વધારો દર્શાવે છે. NEP ૨૦૨૦ની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા, શ્રી મજુમદારે જણાવ્યું હતું કે SWAYAM જેવા પ્લેટફોર્મ દ્વારા શિક્ષણમાં ટેકનોલોજીના એકીકરણને વેગ મળ્યો છે. ૨૯૫ થી વધુ યુનિવર્સિટીઓ SWAYAM અભ્યાસક્રમો દ્વારા ૪૦% સુધી શૈક્ષણિક ક્રેડિટની મંજૂરી આપે છે. આ પ્લેટફોર્મ હવે વાર્ષિક લગભગ ૯ લાખ પ્રમાણપત્રો જારી કરી રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, NEP ૨૦૨૦એ બહુભાષીવાદને પ્રોત્સાહન આપ્યું હતું કારણ કે JEE, NEET અને CUET ૧૩ પ્રાદેશિક ભાષાઓમાં હાથ ધરવામાં આવી રહ્યા હતા. NEP ૨૦૨૦ નીતિગત પહેલોને કારણે, ભારતે QS વર્લ્ડ યુનિવર્સિટી રેંક્િંગ ૨૦૨૬ માં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. કુલ ૫૪ ભારતીય સંસ્થાઓને ક્રમ આપવામાં આવ્યો હતો જે ૨૦૧૫ થી પાંચ ગણો વધારો હતો. વિદ્યાર્થી-કેન્દ્રિત શિક્ષણનો આધારસ્તંભ - એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ્સ (ABC) માં હવે ૨.૭૫ કરોડથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે અને તેમાં ૧,૬૬૭ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ થાય છે, જેમાંથી ઘણી કેન્દ્રીય યુનિવર્સિટીઓ છે.

વધુ વિગતવાર જણાવતા ડૉ. મજુમદારે જણાવ્યું હતું કે માનનીય પ્રધાનમંત્રીના સ્વપ્રદ્રષ્ટા નેતૃત્વએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને સુનિશ્ચિત કર્યું - તે માત્ર એક સુધારો નહોતો, પરંતુ ભારતીય શિક્ષણમાં પુનર્જાગરણ હતું, જે દરેક શીખનારને ભારતની સભ્યતાપૂર્ણ નીતિઓમાં મૂળ રાખીને વૈશ્વિક સ્તરે વિચારવા માટે સશક્ત બનાવે છે. માનનીય મંત્રીએ કુલપતિઓને NEP ૨૦૨૦ના અમલીકરણને તમામ ક્ષેત્રોમાં વેગ આપીને, યુનિવર્સિટીઓમાં સંશોધન અને નવીનતા ઈકોસિસ્ટમને મજબૂત કરીને, ઉદ્યોગો અને સંસ્થાઓ સાથે સહયોગને પ્રોત્સાહન આપીને અને સમાનતા અને શ્રેષ્ઠતાને બેવડા ધ્યેયો તરીકે ચેમ્પિયન બનાવીને NEP ૨૦૨૦ને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે મુખ્ય પગલાં લેવા હાકલ કરી.

સમાપન સત્રમાં બોલતા, સચિવ (HE), ડૉ. વિનીત જોશીએ બે દિવસીય પરિષદમાંથી મુખ્ય ટેકનવેજ અને અપેક્ષાઓ પર પ્રકાશ પાડ્યો. NHEQF, NCrF અને ચાર વર્ષના અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામનો અમલ ફક્ત નીતિગત પ્રાથમિકતા નથી - તે એક માળખાકીય પરિવર્તન છે. સંક્રમણને વિચાર પૂર્વક પરંતુ વિલંબ વિના સંસ્થાકીય બનાવવું જોઈએ. આપણે આપણા અભ્યાસક્રમ, શિક્ષણશાસ્ત્ર અને ઈન્ટર્નશિપ વાસ્તવિક દુનિયાની કૌશલ્ય માંગણીઓ સાથે સુસંગત છે તેની ખાતરી કરીને આપણા વિદ્યાર્થીઓને કાર્યના ભવિષ્ય માટે તૈયાર કરવા જોઈએ. SWAYAM અને AAPAR જેવા પ્લેટફોર્મને શિક્ષણ-શિક્ષણ ઈકોસિસ્ટમમાં સમાવિષ્ટ કરવા જોઈએ. ક્રેડિટ ટ્રાન્સફર, મિશ્રિત શિક્ષણ અને ડિજિટલ સમાવેશ હવે મુખ્ય શૈક્ષણિક વિતરણનો ભાગ છે - એડ-ઓન્સ નહીં. યુનિવર્સિટી શાસનને ચપળ, ડેટા-આધારિત અને નાગરિક-કેન્દ્રિત બનાવવું જોઈએ. આ પરિવર્તનમાં SAMARTH જેવા સાધનો સક્ષમકર્તા છે, અને હું તેમના અપનાવવામાં તમારા સક્રિય નેતૃત્વની અપેક્ષા રાખું છું. આપણી ઉચ્ચ શિક્ષણ પ્રણાલીમાં સમાનતા અને સમાવેશની ભાવના પ્રતિબિંબિત થવી જોઈએ.

### આમ શબ્દ ચિત્રણ કરીને સેવાની મૂર્તિ તૈયાર કરવી હોય તો, આપણે સેવાની પ્રતિમા શેમાંથી બનાવીશું?

# સેવા રૂપી વિગ્રહનાં પણ બે આંખ, બે હાથ, બે ચરણ અને પ્રાણ એમ સાત અંગ હોય છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**વિશ્વામિત્રના યજ્ઞમાં મારિચ ને સુબાહુ વારંવાર વિઘ્ન કરે છે, અને વિશ્વામિત્રને યજ્ઞ પૂરો નહીં થાય તો! એની ચિંતા થાય છે, એટલે એ દશરથના આંગણે પહોંચે છે. મહારાજ દશરથે વિશ્વામિત્રની પૂજા કરી પ્રણામ કરીને, કહ્યું હું આપની શું સેવા કરી શકું?**

આગમ નિગમ પ્રસિદ્ધ પુરાના,
સેવાધરમુ કઠિન જગુ જાનાં,
અગ્યા સમ ન સુસાહિબ સેવા,
સો પ્રસાદુ જન પાવૈ દેવા.

આજે રામ વિવાહની કથા સુધી પહોંચવાનું છે, એટલે સીધા વિષયમાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ રામ ચાર વિગ્રહ ધરાવે છે, એની વાત કહી. ધર્મવિગ્રહ, સત્ય વિગ્રહ, સાધુ વિગ્રહ, પરાક્રમ વિગ્રહ, આ વાલ્મિકીના શબ્દો છે. પણ મારે વાત કરવી છે કે સેવા પણ એક વિગ્રહ ધરાવે છે, અને જો સેવા વિગ્રહ ધરાવતી હોય, તો મુખ્ય મુખ્ય અંગો, એટલે કે એની બે આંખ, બે હાથ, બે ચરણ, અને સાતમુ આત્મા અથવા પ્રાણ શું છે!; આમ શબ્દ ચિત્રણ કરીને સેવાની મૂર્તિ તૈયાર કરવી હોય તો, આપણે સેવાની પ્રતિમા શેમાંથી બનાવીશું?; શાસ્ત્રમાં બતાવ્યું છે કે મૂર્તિ શેમાં શેનાથી બને છે, મા જાનકી એ રેતીમાંથી મૂર્તિ બનાવી હતી, મા પાર્વતીએ માટીમાંથી મૂર્તિ બનાવી હતી. અંધશ્રદ્ધાળુ ઓ બેન દીકરીઓને શિવની પૂજા કરવાની ના પાડે છે પરંતુ સ્વયં જાનકી અને પાર્વતીએ શિવ પૂજા કરી છે. શાસ્ત્રોને પુરા જોયા જાણ્યા વગર જજ બની આવા ખોટા નિર્ણયો સમાજ પર થોપવાનું હવે બંધ થવું જોઈએ. તો રેતી માટી પંચધાતુ ત્રાંબુ સોનુ ચાંદી અને લાકડાની પણ પ્રતિમા બને ભગવાન જગન્નાથ હજી લાકડામાં જ બેઠા છે. પ્રતિભા વગર પ્રતિમા કેમ બને? સેવામાં તો રુવાડે રૂવાડે સત્ય પ્રગટ થતું હોય છે. તો આવી સેવાની પ્રતિમાની બે આંખો, બે હાથ અને બે ચરણ આ બધું જ રામચરિત માનસમાં બતાવ્યું છે, અને અહીંથી તો એ સંદર્ભે જ જવાબ મળશે.

કુલ કપાટ કર કુસલ કરમ કે,
બિમલ નયન સેવા સુધરમ કે.

સેવાની મૂર્તિનાં નેત્રો ક્યાં? તુલસી કહે છે રામની ચરણ પાદુકા એ બે આંખો છે, પાદુકાને તુલસીએ આંખો કહે છે. સમાજની રૂડી સેવા કરનાર પદ પર પ્રતિષ્ઠિત હોય, પણ એ પદનો એને અહંકાર ન આવે તો એ પદ નથી, પણ એની દ્રષ્ટિ છે, એની આંખ છે. બીજી આંખ રૂપી પાદુકા એટલે કે સેવાનાં ક્ષેત્રમાં કોઈને દલિત ન સમજે, કોઈને નિમ્ન ન સમજે, કોઈ પણ ભેદ નહીં, કોઈ તુચ્છ નહીં, કોઈ ઉચ્ચ નહીં, પક્ષપાત વગરનો દ્રષ્ટિકોણ તે સેવાની મૂર્તિનું બીજું નેત્ર છે.

વ્યાસપીઠની દ્રષ્ટિએ સેવા મૂર્તિનાં બે ચરણ છે અંતરયાત્રા અને બહિરયાત્રા. ચરણનો અર્થ જ છે યાત્રા કરવી, ચાલવું અથવા ગતિશીલતા. બહિર્યાત્રા રુપી ચરણનું નામ છે, પુરુષાર્થ! અને આંતરયાત્રા રૂપી ચરણનું નામ છે પ્રાર્થનાં, જે સેવાયજ્ઞ માંડે એને પુરુષાર્થ અને પ્રાર્થના બંને ચરણ થકી આ સત્કાર્ય પાર પાડવાનું છે. એટલે કે પોતાની રીતે થતા પ્રયત્નો કરવાના અને બાકી ઈશ્વરને આ સેવાયજ્ઞ સંપન્ન થાય એવી પ્રાર્થના કરવાની.

સેવાની મૂર્તિનાં બે હાથ,
યોગ કર્મે શું કૌશલમ

કુશળતા પૂર્વકનું કર્મ એ સેવાનો એક હાથ છે, ભવિષ્યનું વિઝન સાથે આયોજન કરવું, એને કુશળતા કહેવાય, તો સેવા કરનાર કુશળ હોવો જોઈએ. બીજો હાથ કુશળતા કૃપણતામાં ફેરવાઈ જાય નહીં એ ધ્યાન રાખવું! અને એ જ છે સેવા કરનારનો બીજો હાથ, એટલે કે સેવા કરનારે ક્યારેય લોભી કે કંજૂસ બનવું નહીં, હૃદયની ઉદારતાથી સેવા કર્મ સંપન્ન થવું જોઈએ.

નિમિત્ત બનીને સેવા કરો નિમિત બનીને નહીં! આટલાં મોટા પાયે જ્યારે સેવાયજ્ઞ મંડાણો હોય, ત્યારે એને પૂરો કરવો એ હરિની જવાબદારી છે. બહુ વિચાર ન કરો, કે આમાં ટ્રસ્ટીઓ કોણ છે? સંસ્થા સુપાત્ર છે કે નહીં? હું છેતરાઈ જઈશ! કલી પ્રભાવ છે એટલે આવા વિચારો પણ આવે! પરંતુ બધું જે થવાનું હશે એ થઈ રહેશે! સેવા કરનારે માત્ર વિચારમાં ન રહેવું!

આપણે જે ચિત્રણ કરી મૂર્તિ બનાવી, એટલે કે બે હાથ બે પગ બે આંખ બધું જ રૂડું હોય પણ આત્મા ન હોય એટલે કે પ્રાણ ન હોય તો એ શિવ નથી સબ છે!: સેવાની પ્રતિમાનો પ્રાણ સંવેદના કે કરુણા છે. કોઈને દુઃખી જોઈને આપણામાં સંવેદના જાગે, કરુણા જાગે તો જ સેવા થાય! કરુણા કરનારાઓની સમાજમાં બહુ જ જરૂર છે, આજકાલ સંવેદના ખત્મ થતી જાય છે. તો રામરૂપી વિગ્રહની ધર્મ મૂર્તિ કે સેવારૂપી ધર્મની આ મૂર્તિનાં સાત અંગો આપણે જોયાં, હવે આજે રામ વિવાહની કથા સુધી પહોંચવાનું છે.

વિશ્વામિત્રના યજ્ઞમાં મારિચ ને સુબાહુ વારંવાર વિઘ્ન કરે છે, અને વિશ્વામિત્રને યજ્ઞ પૂરો નહીં થાય તો! એની ચિંતા થાય છે, એટલે એ દશરથના આંગણે પહોંચે છે. મહારાજ દશરથે વિશ્વામિત્રની પૂજા કરી પ્રણામ કરીને, કહ્યું હું આપની શું સેવા કરી શકું? વિશ્વામિત્રએ પોતાની વ્યથા જણાવી, એટલે કે અસુરો અમને સતાવે છે, અને યજ્ઞ સંપન્ન થવા દેતા નથી, માટે હું રાઘવ સાથે એના નાનાભાઈ લક્ષ્મણને લેવા આવ્યો છું. આ વાત બતાવે છે કે ઋષિઓ રાજા પાસે જાય તો રજવાડું કે સંપત્તિ માગતા નથી, પણ ધર્મ અને સંસ્કૃતિની રક્ષાર્થે સંતતિ માંગે છે. થોડી આનાકાની બાદ દશરથજી વિશ્વામિત્રને પોતાના બે પુત્રો સોંપે છે.

એક જ બાણમાં પ્રભુએ તાડકાના પ્રાણ લીધા, અને નીજ પદ આપ્યું. રામ કોઈને મારવા નથી આવ્યાં, રામ બધાને તારવા આવ્યા છે, એના વારમાં પણ મુક્તિ જ સમાયેલી છે. વિશ્વામિત્રને વિશ્વાસ થઈ ગયો, કે યજ્ઞ દ્વારા જે હું પરમ તત્વને પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવું છું, એ પરમ તત્વ તો અહીં જ છે!: ઉપરાંત વિશ્વામિત્ર પણ તપના બળથી રાક્ષસોને મારી શકતા હતાં, પણ વિશ્વને જરૂર પડે ત્યારે પ્રહાર નહીં પણ પ્રસાદમાં ફેરવી શકે એવા શ્રેષ્ઠની જરૂર છે, એમ પ્રભુને આગળ કર્યા.

વિશ્વામિત્રજી એ કહ્યું રાઘવ મારી ઈચ્છા છે કે હજી ઘણા યજ્ઞ બાકી છે જે તમારે પૂરા કરવાના છે અને જનકપુરમાં એક આવો જ ધનુષ્ય યજ્ઞ થવા જઈ રહ્યો છે માટે આપણે ત્યાં જઈશું. આ બધી ઐતિહાસિક ઘટનાઓનું ક્યાંક સૂક્ષ્મ અધ્યાત્મ પણ છે, અને એ અધ્યાત્મ વર્તમાન યુગ માટે બહુ આવશ્યક છે, માટે આપણે ત્રેતા યુગની કથા કળિયુગમાં કરી રહ્યાં છીએ.

માર્ગમાં એક આશ્રમ આવ્યો જ્યાં પશુ-પક્ષી કોઈ જ નથી, બિલકુલ સન્નાટો!; વિશ્વામિત્રજી કહે છે કે ગૌતમ ઋષિનો આશ્રમ છે, અને એ પોતાની પત્ની અહલ્યાને શ્રાપ દઈ ચાલ્યા ગયાં છે. આખી લીલાની વાત કરી! ઋષિ પત્નીના સમર્પણમાં, ત્યાગમાં, એની તપસ્યામાં ક્યાંક ચૂક રહી અને એ ઈન્દ્રને ઓળખી ન શકી. ઈન્દ્રએ તો કપટ કર્યું, શાસ્ત્રમાં ઈન્દ્રને કૂતરો કહ્યો છે, એટલે કે કૂતરો, જુવાન, અને ઈન્દ્ર ત્રણેયના સ્વભાવ સરખા ગણાવ્યા છે.

વો રશ્મે તોડકર ઘર મેરે
આને વાલે હૈ,
મે ડર રહા હું કી યે જાલીમ
જમાને વાલે હૈ.

કોની ભૂલ થઈ એ પોસ્ટમોર્ટમ આપણે નથી કરવું, પરંતુ આપણે જીવ છીએ, અને ભૂલ થઈ જાય તો અહલ્યાની જેમ સ્થિર થઈને બેસી રહીએ તો અયોધ્યા જવું નહીં પડે, અયોધ્યા વાળો ઉઘાડા પગે આવશે, ભારતનો કોઈ સાધુ રામને કહેશે કે આનો ઉદ્ધાર કરો.

જનકપુરમાં અદ્વૈતવાદી રાજા જનક પૂછે છે, આ કોણ છે? કે જેને જોતા જ વૈરાગી એવુ મારું મન ચાંદમાં ચકોરની દ્રષ્ટિ લાગે એમ ચોટી ગયું છે! વિશ્વામિત્ર કહે છે સમસ્ત જડ ચેતન સૃષ્ટિમાં બધાના પ્રેમનું કેન્દ્ર આ તત્વ છે. બાદમાં રામ જાનકીના મિલનનો વાટિકાનો પ્રસંગ, ધનુષ યજ્ઞનો પ્રસંગ અને અંતે ધનુષ ભંગ! રાજા જનકના દૂત અયોધ્યા પહોંચે છે. અયોધ્યાથી જાન આવી, અને માગસર સુદ પંચમીના ગૌધુલી સમયે કામદેવ ઘોડો બન્યા અને રામ સીતાના લગ્ન સંપન્ન થયા. રાજા જનકની આગતાસ્વાગતા માણી, બાકીના ત્રણ પુત્રોના લગ્ન કરાવી બધા અયોધ્યા પાછા ફર્યા, અને વિશ્વામિત્રએ વિદાય લીધી ત્યાં સુધીની કથા કહી બાપુએ સાતમા દિવસની કથાને વિરામ આપ્યો.

### ભક્તો હૃદય સિંહાસન ઉપર પરમાત્માને પધરાવી તેનાં દર્શન કરે છે જ્ઞાનીઓ સમાધિમાં બ્રહ્મનાં દર્શન કરે છે

# સમયની એક ખૂબ જ સારી આદત છે, ગમે તે થાય, તે પસાર થઈ જાય છે!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**વિદુરજી કહે છે,હવે તને ભત્રીજો વહાલો લાગે છે,પણ તમે પાંડવો ને મારવા કેટલા પ્રયત્નો કર્યા હતા એ ભૂલી ગયા?એ તો ધર્મરાજા ધર્મની મૂર્તિ છે,તેથી તારા અપકાર નો બદલો ઉપકારથી વાળે છે. પણ હવે તમારા માથે કાળ છે.**

શિક્ષણએ ચર્ચા કરવા કે બીજાઓને નીચા બતાવવા માટે નથી. પરંતુ ક્યારેક,જ્ઞાનના ગર્વમાં, કેટલાક લોકો આ ભૂલી જાય છે અને બીજાઓનું અપમાન કરે છે. યાદ રાખો, શાસ્ત્રોના જ્ઞાનનો ઉપયોગ સમસ્યાઓના ઉકેલ માટે થવો જોઈએ, શસ્ત્રો બનાવવા અને હિંસા કરવા માટે નહીં.એવું પણ કહેવાય છે કે ફળોથી ભરેલા ઝાડની ડાળીઓ વાંકા વળી જાય છે. સજ્જનો જ્યારે સંપત્તિ મેળવે છે ત્યારે તેઓ વિનમ્ર બને છે. તેવી જ રીતે,જ્યારે નમ્ર વ્યક્તિને જ્ઞાન મળે છે,ત્યારે તે સુંદર બની જાય છે.તેથી જ સંસ્કૃતમાં કહેવાય છે, આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો નીતિ વગરનો ધર્મ વિધુર છે. અર્થોપાર્જન કરવું એ ધર્મ છે, પણ અર્થ ધર્માનુકૂલ હોવોજોઈએ. અર્થને ધર્મનીમર્યાદા ન હોય તો એ માયાનું સ્વરૂપ બને છે અને તે અનર્થ કરે છે.

ધર્મરાજાના પવિત્ર રાજ્યમાં કોઈના ઘરમાં ઝઘડો ન હતો. પુત્ર માતા પિતાની આજ્ઞામાં રહેતો. તે વખતે રાજા ધર્મનિષ્ઠ હોવાથી પ્રજાપણ ધર્મનિષ્ઠ હતી. યુધિષ્ઠિરને ગાદીએ બેસાડીને શ્રીકૃષ્ણ દ્વારિકા પધારે છે. દ્વારિકાના લોકો રથયાત્રાના દર્શન કરે છે. રથમાં વિરાજેલા દ્વારિકાનાથનાં દર્શન રોજ કરો. શંખ, ચક્ર, ગદા, પદ્મ હાથમાં છે. સોનાનો રથ છે. આ શરીર રથમાં શ્રીકૃષ્ણને નિહાળો. ભક્તો હૃદય સિંહાસન ઉપર પરમાત્માને પધરાવી તેનાં દર્શન કરે છે. જ્ઞાનીઓ સમાધિમાં બ્રહ્મનાં દર્શન કરે છે. દ્વારિકાધીશ દ્વારિકામાં પધારે છે. સર્વને શ્રીકૃષ્ણદર્શનની આતુરતા છે. ભગવાને અનેક



સ્વરૂપો ધારણ કરી એકી સાથે ૧૬ હજાર રાણી ઓના મહેલમાં પ્રવેશ કર્યો. ભગવાન બોલવામાં ચતુર છે.દરેક ને કહે,તારે ત્યાં પહેલા આવ્યો છું. રાણીઓમાં બીજે દિવસેપ્રેમનો ઝઘડો થયો. ભગવાનની આ દિવ્ય લીલા છે. તે વખતે કામદેવ લડવા આવ્યા છે.રાસલીલામાં કામદેવ ની હાર થઈ હતી. પણ કહે છે કે, તે વખતે શ્રીકૃષ્ણ બાળક હતા તેથી હું હાર્યો.અહીં દ્વારિકામાં હું જીતવાનો.હાવભાવથી રાણીઓ એ શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવા પ્રયત્ન કર્યો પણ શ્રીકૃષ્ણ અજેય રહ્યા. જંગલમાં વૃક્ષની નીચે બેસી કામને મારે તે સામાન્ય છે, પરંતુ અનેક રાણીઓ વચ્ચે રહીને કામને જીતે તે પરમાત્મા છે

શ્રીકૃષ્ણનું ચિંતન મનન કરનારને કામ ત્રાસ આપી શકે નહીં, તો શ્રીકૃષ્ણને કામ શું ત્રાસ આપી શકવાનો હતો? ઈશ્વર તે કે જે કોઈ દિવસ આધીન થતો નથી. કામને આધીન થાય તે જીવ. કામદેવે હાર કબૂલી.શ્રીકૃષ્ણ યોગેશ્વર છે.શંકર યોગીશ્વર છે. પૂર્ણ પ્રવૃત્તિધર્મમાં રહી પ્રવૃત્તિમાં લેપાય નહીં, આસક્ત ન બને તે યોગેશ્વર. સંપૂર્ણ નિવૃત્તિમાં રહી સ્વ-સ્વરૂપમાં સ્થિર રહે તે યોગીશ્વર.

બારમા અધ્યાયમાં પરીક્ષિતના જન્મની કથા છે. ઉત્તરાને ત્યાં બાળક થયો તે ચારે તરફ જોવા લાગ્યો કે માના પેટમાં પણ મને ચતુર્ભુજ સ્વરૂપે જે પુરુષ દેખાતા હતા તે ક્યાં છે?પરીક્ષિત ભાગ્ય શાળી છે કે જેને માતાના ગર્ભમાં પરમાત્માનાં દર્શન થયાં.તેથી પરી ક્ષિત મહારાજ ઉત્તમ શ્રોતા છે. યુધિષ્ઠિરે બ્રાહ્મણોને પૂછ્યું કે, બાળક કેવો થશે?ત્યારે બ્રાહ્મણો એ કહ્યું, સર્વ ગ્રહો દિવ્ય પડ્યા છે એક મૃત્ય સ્થાન જરા બગડેલું છે એનું મૃત્યુ સર્પદંશથી થશે. ધર્મરાજાને આ સાંભળી દુઃખ થયું. મારા વંશનો દીકરો અને તે સર્પદંશથી તેનું મૃત્યુ પામે તે યોગ્ય નથી.ત્યારે બ્રાહ્મણોએઆશ્વાસન આપ્યું. સર્પદંશથી તેનું મૃત્યુ ભલે થશે પણ તેને સદગતિ મળશે. તેના બીજા ગ્રહો સારા છે. તે ગ્રહો જોતા લાગે છે કે,આ જીવાત્માનો છેલ્લો જન્મ છે. નવમા સ્થાનમાં સ્વગૃહે ઉચ્ચક્ષેત્રનો બૃહસ્પતિ હોય તે ધર્માત્મા બને છે. પરીક્ષિત ધીમે ધીમે મોટો થાય છે.ધર્મરાજા ગાદી ઉપર વિરાજ્યા છે. વિદુર કાકા પધાર્યા છે. ધર્મરાજા વિદુર જીનું સ્વાગત કરે છે. વિદુરકાકા માન લેવા આવ્યા ન હતા. તેઓ તો ધર્મરાજા યુધિષ્ઠિરને આશરે પડેલા પોતાના ભાઈ ધૃતરાષ્ટ્રને એ બંધનમાંથી છોડાવવા આવ્યા હતા.૩૬ વર્ષ તીર્થયાત્રા કરીને આવ્યા હતા.


શાસ્ત્રમાં તીર્થયાત્રાનું ઝાઝું મહત્ત્વ નથી.સહજ અવસ્થા ઉત્તમ, ધ્યાન ધારણ મધ્યમ, મૂર્તિપૂજા અધમ અને તીર્થયાત્રા તો અધમ. તેનું કારણ એ કે યાત્રામાં ઈશ્વરનું નિયમથી ધ્યાન થતું નથી. સત્કર્મ પણ નિયમપૂર્વક થતું નથી.ઘર કરતાં વધારે સત્કર્મ તીર્થયાત્રામાં ન થાય તો તીર્થયાત્રા શા ખપની? છત્રીસ વર્ષની યાત્રાનું વર્ણન વિદુરજીએ માત્ર બત્રીસ શબ્દોમાં કર્યું છે. તમારા હાથે જેટલું પુણ્ય થાય તે ભૂલી જાવ, અને જેટલું પાપ થાય તે યાદ રાખો. આ સુખી થવાનો માર્ગ છે. મધ્યરાત્રિએ વિદુરજી ધૃતરાષ્ટ્ર પાસે ગયા. ધૃતરાષ્ટ્ર જાગતા હતા. વિદુરજી ધૃતરાષ્ટ્રને પૂછે છે, કેમ ભાઈ,ઊંઘ આવતી નથી? પાંડવો ને છોડી હવે યાત્રાએ નીકળો.

ધૃતરાષ્ટ્ર કહે છે કે, ભત્રીજો બહુ વહાલો છે.મારી ખૂબ સેવા કરે છે.

વિદુરજી કહે છે,હવે તને ભત્રીજો વહાલો લાગે છે,પણ તમે પાંડવો ને મારવા કેટલા પ્રયત્નો કર્યા હતા એ ભૂલી ગયા?એ તો ધર્મરાજા ધર્મની મૂર્તિ છે,તેથી તારા અપકાર નો બદલો ઉપકારથી વાળે છે. પણ હવે તમારા માથે કાળ છે. સમજીને ઘર છોડો તો સારું, નહીં તર કાળ ધક્કો મારશે એટલે ઘર છોડવું પડશે. ધૃતરાષ્ટ્ર કહે છે કે ભાઈ,તારું કહેવું સાચું છે. પણ હું આંધળો છું. એકલો ક્યાં જાઉં? વિદુરજી કહે છે, અત્યારે જ તમને મારી જોડે લઈ જાઉં! પછી ધૃત રાષ્ટ્ર-ગાંધારીને વિદુરજી સપ્ત સ્રોતસ તીર્થમાં લઈ આવ્યા.

સવારે યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રના મહેલ માં આવ્યા,પણ કાકા દેખાતાનથી તેમણે સંકલ્પ કર્યો કે, કાકા-કાકી નો પત્તો ન લાગે,ત્યાં સુધી મારે પાણી પીવું નહીં.ધર્મી દુઃખી થાય છે તો સંત તેને ત્યાં આવે છે. ધર્મરાજાની પાસે તે વખતે નારદજી પધાર્યા. ધર્મરાજા તેને કહે છે,મારા પાપે મારા કાકા ચાલ્યા ગયા. વૈષ્ણવ તે છે જે સ્વદોષનો વિચાર કરે, બીજાના દોષનો નહીં.નારદજી સમજાવે છે કે, દરેક જીવ મરણને આધીન છે. કાકા જ્યાં જવાના ત્યાં તમારે પણ જવાનુંછે ધૃતરાષ્ટ્રને સદગતિ મળવાની છે ચિંતા ન કરો. આજ થી પ ાંચ દિવસ પછી કાકાની સદગતિ થશે. કાકાને માટે હવે રડશો નહીં.હવે તમારો વિચાર કરો. મરેલો પાછો આવતો નથી. જીવતો પોતા માટે રડે તે જ સારું એક મરે તેના પાછળ બીજો રડે છે પણ રડનારોએ સમજતો નથી કે, એ ગયો છે ત્યાં મારે પણ એક દિવસ જવાનું છે. તમારા માટે પણ હવે છ મહિના બાકી રહ્યા છે. આમ કહી નારદજી કહે છે,હું તમને સાવધાન કરવા આવ્યો છું. વિદુરજી ધૃતરાષ્ટ્રને સાવધાન કરવા આવ્યા હતા.હું તમને સાવધાન કરવા આવ્યો છું.છ મહિના પછી કળિયુગની શરૂઆત થશે. હવે તમે કોઈની ચિંતા ન કરો તમે તમારી ચિંતા કરો. યુધિષ્ઠિરે ઘણા યજ્ઞો કર્યા. ભગવાન દ્વારિકા ગયા,ત્યારે અર્જુનને સાથે લઈ ગયા. પ્રભુને ઈચ્છા હતી કે,યદુકુળનો વિનાશ થાય તો સારું.યદુકુળનો વિનાશ થયો.

યુધિષ્ઠિરે ભીમને કહ્યું, નારદજી એ કહ્યું હતું તે સમય આવ્યો હોય તેમ લાગે છે.મને કળિયુગની છાયા દેખાય છે.મારા રાજ્યમાં અધર્મ વધી ગયો છે.હું કાલે ફરવા ગયો હતો.લુહારને ત્યાં મેં એક યંત્ર જોયું.મેં તેને પૂછ્યું કે, આ શું છે? તેણે કહ્યું કે, એ તાળું છે.હવે લોકો ને ત્યાં ચોરીઓ થવા લાગી છે. એટલે ઘરને તાળાં મારવાં પડે છે!



તાજેતરના વીડિયોએ દરેકના હૃદય સ્પર્શી લીધું

# શ્રેયા ઘોષાલે ગર્ભવતી ફેનના બેબી બમ્પને સ્પર્શી કર્ણપ્રિય ગીત ગાયું



બોલીવુડની પ્રખ્યાત ગાયિકા શ્રેયા ઘોષાલના મધુર અવાજનો કોણ ચાહક નથી. પરંતુ તેના તાજેતરના વીડિયોએ દરેકના હૃદય સ્પર્શી લીધું છે. આ વાયરલ વીડિયોમાં, તે ગર્ભમાં ઉછરતા બાળકની નજીક જાય છે અને 'પિયુ બોલે' ગીત ગાય છે, જેને સાંભળીને તેના ગર્ભવતી ચાહકના આંસુ આવી ગયા.આ વીડિયોમાં, શ્રેયા ઘોષાલ એક ગર્ભવતી ચાહકના બેબી બમ્પ પર હાથ રાખીને ગીત ગાતી જોઈ શકાય છે. આ હૃદયસ્પર્શી ઘટના એમ્સ્ટરડેમમાં બની હતી, જ્યાં શ્રેયા તેના ચાલુ 'ઓલ હાર્ટ્સ' ટૂરમાં પરફોર્મ કરી રહી હતી. એક ગર્ભવતી ચાહક તેના બેકસ્ટેજ પર આવી. આ પછી, શ્રેયા તેના ઘૂંટણ પર બેસી ગઈ અને તેના બેબી બમ્પને હળવેથી સ્પર્શ કર્યો અને પરિણીતાનું 'પિયુ બોલે' ગાયું.હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં શ્રેયા ઘોષાલનું યોગદાન અજોડ છે. તેનો પ્રભાવ એટલો ઊંડો છે કે ૨૬ જૂનને ઓહાયો, યુએસએમાં સત્તાવાર રીતે 'શ્રેયા ઘોષાલ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ તેમની પ્રતિભા, વૈશ્વિક પ્રભાવ અને સંગીતમાં તેમના કાયમી વારસાનું સન્માન કરે છે. ૨૦૧૦ માં, ૪૧ વર્ષીય ગાયકે યુએસ રાજ્યમાં શાનદાર પ્રદર્શન આપ્યું.શ્રેયા ઘોષાલનો 'ઓલ હાર્ટ્સ' પ્રવાસ ૨૦૨૩ માં શરૂ થયો હતો અને ત્યારથી આ વિશ્વ પ્રવાસ હેઠળ ઘણા દેશોમાં ૪૦ થી વધુ શો યોજાઈ ચૂક્યા છે.શ્રેયાએ ૪ વર્ષની ઉંમરે સંગીત શીખવાનું શરૂ કર્યું હતું. તેણીએ ૧૬ વર્ષની ઉંમરે સંગીત કારકિર્દી શરૂ કરી હતી. તેણીએ ૧૯૯૫ માં 'સા રે ગા મા' ના બાળકોના સંસ્કરણ જીત્યા હતા. ૭ વર્ષ પછી, તેણીએ સંજય લીલા ભણસાલીની 'દેવદાસ' સાથે બોલિવૂડમાં પ્રવેશ કર્યો. તેણીએ ૨૦ થી વધુ ભારતીય ભાષાઓમાં ૨૦૦૦ થી વધુ ગીતો ગાયા છે.

# વ્યાવસાયિક અને અંગત જીવન અલગ રાખવામાં માને છે વિજય દેવેરાકોંડા

**વિજય દેવેરાકોંડા વિશે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે કે તે અભિનેત્રી રશ્મિકા મંદાના સાથેના સંબંધમાં છે**



વિજય દેવેરાકોંડા દક્ષિણ સિનેમાના ટોચના કલાકારોમાંના એક છે. વિજયે ઘણી ફિલ્મોમાં પોતાના જોરદાર અભિનયથી ચાહકોના દિલ ધબકાવ્યા છે. પરંતુ અભિનેતાના વ્યાવસાયિક જીવનની સાથે તેમનું અંગત જીવન પણ ઘણીવાર ચર્ચામાં રહે છે. હવે વિજયે જણાવ્યું છે કે તે હંમેશા પોતાના અંગત જીવનને કેમ છુપાવવા માંગે છે. વિજયે કહ્યું આ ખ્યાતિ અને ગુમનામ વચ્ચેની લડાઈ છે. તમે વિશ્વ વિખ્યાત અભિનેતા બનવા માંગો છો, પરંતુ તે જ સમયે તમે ગુમનામ રહેવા માંગો છો. આ એક પ્રકારનું ગાંડપણ છે.વિજય દેવેરાકોંડા વિશે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે કે તે અભિનેત્રી રશ્મિકા મંદાના સાથેના સંબંધમાં છે. પરંતુ બંનેએ ક્યારેય પોતાના સંબંધને સત્તાવાર જાહેર કર્યો નથી. તે જ સમયે, જ્યારે વિજયને એક ઈન્ટરવ્યુમાં તેના સંબંધના સ્ટેટસ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું- 'હું ૩૫ વર્ષનો છું. હું સિંગલ નથી.' પછી આ અંગે ઘણી ચર્ચા થઈ, પરંતુ તેણે આનાથી વધુ વિગતો શેર કરી નહીં.અભિનેતાએ વધુમાં કહ્યું કે જો તેને કોઈ વિકલ્પ મળે, તો તે પોતાની એક કાલ્પનિક આવૃત્તિ બનાવીને પોતાની વાસ્તવિક ઓળખ છુપાવવા માંગશે. અભિનેતાએ કહ્યું - હું લોકોને કહેતો હતો કે જો હું એવો માસ્ક પહેરી શકું જે મારા જેવો ન દેખાય, અને તે વ્યક્તિ સ્ટાર બની જાય અને હું ફક્ત અભિનય કરતો રહું, તો હું ખુશ થઈશ, કારણ કે મારા માટે, હું વિજય દેવેરાકોંડા 'ધ એક્ટર...' માટે કામ કરું છું.આ નિવેદન સ્પષ્ટપણે દર્શાવે છે કે વિજય માટે, અભિનય એક વ્યવસાય છે, અને તેના વ્યક્તિત્વનો સંપૂર્ણ ભાગ નથી. તે પોતાના કામ અને વાસ્તવિક જીવનને અલગ રાખવામાં માને છે. તેથી જ તે પોતાના અંગત જીવનને વ્યક્તિગત રાખવા માંગે છે. અભિનેતાએ કહ્યું - હું તેને શક્ય તેટલું વ્યક્તિગત રાખવાનો પ્રયાસ કરું છું. મને ખબર નથી કે હું કેટલો સફળ છું, પણ હું પ્રયાસ કરું છું.જોકે, વિજય કહે છે કે તે સ્ટાર બનવા સાથે મળતી ખ્યાતિથી અજાણ નથી, પરંતુ તે જાણે છે કે તેના માટે શું મહત્વનું છે. અભિનેતાએ કહ્યું- મને સફળતાનો આનંદ છે. મને સફળતા સાથે મળતો આરામ, આદર પણ ગમે છે. પરંતુ મને ખબર નથી કે મને આ મારા અંગત જીવનને કારણે મળી રહ્યું છે કે વિજય દેવરકોંડા તરીકે. કદાચ તે મારી ફિલ્મોને કારણે છે. લોકો તમને અલગ અલગ કારણોસર પસંદ કરે છે. કેટલાક તમને ફક્ત તમારા વ્યક્તિત્વને કારણે પસંદ કરે છે, જ્યારે કેટલાક તમને તમારા કામને કારણે પસંદ કરે છે.વિજયે આગળ કહ્યું- મને મારા ઉતાર-ચઢાવ, હિટ અને ફલોપ ગમે છે.


આ ફ્રેન્ચાઇઝીના દરેક કલાકાર નસીબદાર : રિતેશ

# રિતેશ દેશમુખ પોતાની ટીમ સાથે લંડન રવાના, 'મસ્તી ૪'ના શૂટિંગની શરૂઆત



હજુ તો ૨૦૨૫નું વર્ષ અડધું જ ગયું છે અને રિતેશ દેશમુખનું આ વર્ષ ઉજવણીભર્યું રહ્યું છે, તેની બૅક ટુ બૅક બે હિટ ફિલ્મ આવી ચુકી છે, 'રેડ ૨' અને 'હાઉસફુલ ૫'. તેની સફળતા પછી હવે રિતેશ લંડન જવા રવાના થયો છે, જ્યાં તે પોતાની 'મસ્તી' ફ્રેન્ચાઝીની ફિલ્મનું કામ શરૂ કરશે.લંડન જતાં પહેલાં રિતેશે કહ્યું, ''મને લાગે છે, આ ફ્રેન્ચાઈઝીમાં કામ કરનાર દરેક કલાકારે પોતાને નસીબદાર માનવા જોઈએ, ખરેખર તો આવી કોઈ પણ ફ્રન્ચાઈઝીનો ભાગ હોવું એ સારી વાત છે. હું આવા કેટલાંક પ્રોજેક્ટનો ભાગ છું, તે બદલ હું ગૌરવ અનુભવું છું. દાયકાઓથી જે ફ્રેન્ચાઈઝીની ફિલ્મ લોકોને આટલી પસંદ પડી હોય એ તેને આગળ વધારવી એ ગૌરવની વાત છે.''રિતેશે આગળ કહ્યું, ''તમે જ્યારે કોઈ ફિલ્મ માટે મહેનત કરો અને પછી આશા રાખો કે લોકોને ગમશે તો એ સારી વાત છે, આ ફિલ્મ પર લોકોએ જે પ્રેમ વરસાવ્યો છે, તેના માટે ખરેખર હું તેમનો ઋણી છું.''તાજેતરમાં રિલીઝ થયેલી રિતેશની ફિલ્મ સફળ રહી હોવાથી રિતેશે સાબિત કરી દીધું છે કે તે એક બૅંકેબલ કલાકાર છે. 'હાઉસફુલ ૫'માં રિતેશના કોમિક ટાઈમિંગ અને અભિનયના ઘણા વખાણ થયા છે, જ્યારે 'રેડ ૨'માં ગંભીર રોલમાં પણ મજબૂત અભિનયથી તેણે પોતાની અભિનય ક્ષમતા પુરવાર કરી છે. આ બે ફિલ્મમાં એક પછી એક સફળતાથી તેણે બંને ફિલ્મમાં અલગ પ્રકારના રોલ અને અભિનયથી પોતાની ક્ષમતા બતાવી દીધી છે. હવે તેની લોકપ્રિય 'મસ્તી' સિરીઝમાં તે શું નવું લઈને આવે છે, તે બાબતે પણ ઘણી ઉત્સુકતા છે.

# અક્ષય-અર્શદ ની 'જોલી LLB 3' ગાંધી જયંતિએ રિલીઝ થઈ શકે




**આ ફિલ્મનો પહેલો ભાગ ૨૦૧૩માં આવ્યો હતો, જેમાં અર્શદ વારસી લીડ રોલમાં હતો**

અક્ષય કુમારની 'જોલી એલએલબી ૨' રિલીઝ થઈ હતી, તેને આઠ વર્ષ વિતી ચુક્યા છે, ત્યારે હવે ફ્રેન્ચાઈઝીનું નવું અને ત્રીજું પ્રકરણ રિલીઝ થવા માટે તૈયાર છે. જેમાં આગળની બંને ફિલ્મના જોલી એટલે કે અક્ષય કુમાર અને અર્શદ વારસી બંને લીડ રોલમાં જોવા મળશે. ત્યારે હવે એવા અહેવાલો છે કે ફિલ્મની ટીમ ગાંધી જયંતિ પર ફિલ્મ રિલીઝ કરવાનું વિચારે છે.આ અંગેના કેટલાંક અહેવાલો અનુસાર આ ફિલ્મની રિલીઝ પાછી ઠેલાય એવી શક્યતા છે, જે હવે ૧૯ સપ્ટેમ્બરના બદલે ૨ ઓક્ટોબરે લઈ જવાય એવી શક્યતા છે. સુત્રના જણાવ્યા અનુસાર મેકર્સની ઈચ્છા આ ફિલ્મ ગાંધી જયંતિ પર રિલીઝ કરવાની છે. સુત્રએ એવું પણ જણાવ્યું કે અક્ષય કુમાર અને ફિલ્મના ડિરેક્ટર સુભાશ કપૂરને પણ વિશ્વાસ છે કે તેમણે મનોરંજનથી ભરપુર ફિલ્મ બનાવી છે, આ પારિવારીક ફિલ્મ રજાઓમાં રિલીઝ થાય એ વધુ યોગ્ય છે. જોકે, આ અંગે કોઈ ઓફિશિયલ જાહેરાત કરવામાં આવી નથી. આ ફિલ્મ ૧૯ સપ્ટેમ્બરે રિલીઝ થશે, અગાઉ એવી જાહેરાત થઈ હતી. જો આ ફિલ્મ ૨ ઓક્ટોબરે રિલીઝ થાય તો તેને ચાર દિવસ લાંબા વીકેન્ડનો લાભ મળી શકે તેમ છે. એક ઈન્ટરવ્યુમાં અક્ષય કુમારે અર્શદ વારસી સાથે કામ કરવા અંગે વાત કરી હતી. આ ફિલ્મનો પહેલો ભાગ ૨૦૧૩માં આવ્યો હતો, જેમાં અર્શદ વારસી લીડ રોલમાં હતો અને બીજો ભાગ ૨૦૧૭માં આવ્યો હતો, જેમાં અક્ષય કુમાર લીડ રોલમાં હતો. અક્ષયે કહ્યું હતું, ''હું અને અર્શદ સાથે આવી રહ્યા છીએ, જોલી ૧ અને જોલી ૨ બંને સાથે જોવા મળશે. એની સાથે કામ કરવામાં મને બહુ મજા આવી. એ બહુ પ્રેમાળ વ્યક્તિ છે, તેની સાથે કામ કરવું બહુ મજાનો અનુભવ હોય છે, તેનું સેન્સ ઓફ હ્યુમર અને ટાઈમિંગ ઘણા સારા છે.'' આ ફિલ્મમાં અમૃતા રાવ અને હુમા કુરેશી સાથે સૌરભ શુક્લા અને અનુ કપૂર પણ હશે. આ ઉપરાંત અક્ષય અને અર્શદ 'વેલકમ ટુ ધ જંગલ'માં પણ સાથે જોવા મળશે.

# ઈમોશન્સ, ઈન્ટીમ્સીથી ભરપુર ફિલ્મ 'ધડક ૨'એ ફેન્સના ધબકારા વધાર્યા

**૧ ઓગસ્ટના રોજ રિલીઝ થનારી આ રોમેન્ટિક ડ્રામા ફિલ્મ માટે પહેલાથી જ ઘણી ચર્ચા હતી છે**




બોલીવુડના મોહક હાર્ટથ્રોબ સિદ્ધાંત ચતુર્વેદી અને રાષ્ટ્રીય ક્રશ તૃપ્તિ ડિમરીની આગામી ફિલ્મ 'ધડક ૨'નું નવું પોસ્ટર રિલીઝ થયું છે. આ જોઈને એવું કહેવું ખોટું નહીં હોય કે આ પોસ્ટર સંપૂર્ણપણે સિનેમેટિક ફાયર છે. ૧ ઓગસ્ટના રોજ રિલીઝ થનારી આ રોમેન્ટિક ડ્રામા ફિલ્મ માટે પહેલાથી જ ઘણી ચર્ચા હતી, પરંતુ હવે આ નવા પોસ્ટરે ચાહકોનો ઉત્સાહ વધુ ઉંચાઈએ લઈ ગયો છે.

પોસ્ટરમાં, સિદ્ધાંત ચતુર્વેદી અને તૃપ્તિ ડિમરીની જોડી મજબૂત દેખાય છે. સિદ્ધાંતની આંખોમાં જુસ્સો છે, પરંતુ તેના હાવભાવ પણ ઊંડી સંવેદનશીલતા દર્શાવે છે. તે જ સમયે, તૃપ્તિની હાજરીમાં એક શાંત શક્તિ છે. બંને વચ્ચેની કેમેસ્ટ્રી એક એવી પ્રેમકથા તરફ ઈશારો કરી રહી છે જે કાચી, સાચી અને ખૂબ જ ભાવનાત્મક હશે. પોસ્ટરની સાથે, એવું પણ કહેવામાં આવ્યું છે કે 'ધડક ૨'નું ટ્રેલર આ શુક્રવારે, ૧૧ જુલાઈના રોજ રિલીઝ થશે.સિદ્ધાંત ચતુર્વેદીએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં ફિલ્મના સંગીત સાથે જોડાયેલ એક રહસ્યમય અને ખૂબ જ રસપ્રદ સંકેત પણ શેર કર્યો છે. આ વાંચીને એવું લાગે છે કે જાણે કોઈ કલાથી ભરેલું સ્વપ્ન જોયું હોય. તેમાં લખ્યું છે - શૈલેન્દ્રની કવિતા. ભગત સિંહનો શેર. કિશોર કુમારનો અવાજ. થોમસ જેફરસનના શબ્દો. થોડો શાહરુખ. અને બુડાપેસ્ટમાં સંગીત ઓર્કેસ્ટ્રેશન. આ પંક્તિઓ સ્પષ્ટ કરે છે કે 'ધડક ૨'નું સંગીત ભાવનાત્મક તોફાન બનવાનું છે. અભિનેતાની વાર્તામાં વપરાયેલું ગીત ખૂબ જ સુંદર છે અને ફિલ્મમાં તેના પાત્રની સ્થિતિનું પણ વર્ણન કરે છે.ફિલ્મ 'ધડક ૨' ફક્ત એક પ્રેમકથા નથી. તે ઓળખ, શક્તિ અને પ્રેમની કિંમત જેવા ઊંડા વિષયોને સ્પર્શે છે. સિદ્ધાંત ચતુર્વેદીની ધમાકેદાર સ્ક્રીન હાજરી, તૃપ્તિ ડિમરીનો કિલર લુક અને એક અનોખા સાઉન્ડટ્રેક સાથે, આ ફિલ્મ આ વર્ષની સૌથી મોટી અને સૌથી મહત્વાકાંક્ષી રોમેન્ટિક ડ્રામા બની શકે છે.

ફિલ્મ 'એક દિન' ૭ નવેમ્બરે રિલીઝ થશે

# આમિર અને મનસૂર ખાન ૧૭ વર્ષ પછી સાથે ફિલ્મ કરશે

આમિર ખાન આખરે દિકરા જુનૈદ માટે એક ફિલ્મ પ્રોડ્યુસ કરી રહ્યો છે, 'એક દિન' ગુપ ચુપ બનાવીને ૭ નવેમ્બરે રિલીઝ કરી દેવાશે. આ ફિલ્મ અંગે કોઈ ઓફિશિયલ જાહેરાત થઈ નથી.'એક દિન' સુનિલ પાંડે દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે, જે જુનૈદ ખાન અને સાઈ પલ્લવી માટે મહત્વની ફિલ્મ બની શકે છે, જેની ફિલ્મની સફર પર ઘણા લોકોની નજર છે. આ ફિલ્મની લીડ જોડીથી પણ મહત્વની વાત એ છે કે, દિકરા જુનૈદની આ ફિલ્મ માટે ૧૭ વર્ષે આમિર ખાન અને મનસૂર ખાન એક સાથે કામ કરી રહ્યાં છે, આ બંને કઝીન ભાઈઓએ છેલ્લે 'જાને તું યા જાને ના'માં સાથે કામ કર્યું હતું. મનસૂર ખાન આમિરનો એ કઝીન ડિરેક્ટર છે, જેણે આમિરની 'કયામત સે કયામત તક' અને 'જ જિતા વૌહી સિકંદર' ફિલ્મ પણ બનાવી હતી. તેઓ બંને સાથે આવવાની વાતથી જ ઈન્ડસ્ટ્રીમાં આ ફિલ્મ અંગે ઘણી અપેક્ષાઓ છે.સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, 'સિતારેં ઝમીન પર'ની સફળતા પછી આમિરની ઈચ્છા ઊંડાણપૂર્વકની વાર્તાઓ ધરાવતી ફિલ્મ બનાવવાની જ છે, 'એક દિન'ની વાર્તા પણ આવી જ હશે. જોકે, કોઈ તહેવાર કે રજાઓ પર આ ફિલ્મ રિલીઝ થતી નથી, તે દર્શાવે છે કે ફિલ્મની ટીમને ફિલ્મના કન્ટેન્ટમાં વિશ્વાસ છે અને વર્ડ ઓફ માઉથથી જ આ ફિલ્મ ચાલશે.

**૨૦૨૪ માં, પાયલ અને સંગ્રામનો એક વીડિયો વાયરલ થયો હતો. આમાં, બંને લડતા જોવા મળ્યા હતા**

# પાયલ રોહતગી અને સંગ્રામ સિંહના લગ્નજીવનમાં દરાર



પાયલ રોહતગી અને સંગ્રામ સિંહના લગ્ન ફરી એકવાર સમાચારમાં છે. બંનેના છૂટાછેડાને લઈને અફવાઓનું બજાર ગરમ છે. ખરેખર, તાજેતરમાં પાયલે સંગ્રામ સિંહના ચેરિટેબલ ટ્રસ્ટમાંથી રાજીનામું આપ્યું છે. તે અહીં ડિરેક્ટર તરીકે કામ કરતી હતી.તેણે રાજીનામું આપવાનું વ્યક્તિગત કારણ આપ્યું છે. પાયલે સોશિયલ મીડિયા પર તેની જાહેરાત કરી છે. તેણે કેપ્શનમાં લખ્યું છે - ક્યારેક શાંતિ અંતર જેવી લાગે છે.તે જ સમયે, તેના રાજીનામા પત્રમાં લખ્યું હતું કે, 'હું અંગત કારણોસર સંગ્રામ સિંહ ચેરિટેબલ ફાઉન્ડેશનના ડિરેક્ટર પદ પરથી રાજીનામું આપી રહી છું. હું બોર્ડને રાજીનામું સ્વીકારવા વિનંતી કરું છું.પાયલની આ પોસ્ટ પછી, તેના અને સંગ્રામના છૂટાછેડાના સમાચાર ચર્ચામાં આવ્યા. જોકે, પાયલ અને સંગ્રામના છૂટાછેડા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી.૨૦૨૪ માં, પાયલ અને સંગ્રામનો એક વીડિયો વાયરલ થયો હતો. આમાં, બંને લડતા જોવા મળ્યા હતા. આ ક્લિપમાં, પાયલે સંગ્રામ પર આરોપ લગાવ્યો હતો કે તે સારું વર્તન નથી કરી રહ્યો કારણ કે તે માતા બની શકતી નથી. તેણીએ સંગ્રામના પરિવાર પર મહિલાઓ વિશે જૂના વિચારો હોવાનો પણ આરોપ લગાવ્યો, જ્યાં મહિલાઓ ફક્ત ખોરાક રાંધે છે, બાળકોનો ઉછેર કરે છે અને પડદા નીચે રહે છે.વીડિયોમાં પાયલ કહેતી સંભળાઈ - તમારા ઘરમાં મહિલાઓ સાથે આ રીતે વાત કરવામાં આવે છે. તમે લોકો શિક્ષિત નથી, ઠીક છે. પણ શું તેમની સાથે આ રીતે વાત કરવામાં આવે છે? પાયલ અને સંગ્રામના લગ્ન ૯ જુલાઈ ૨૦૨૨ ના રોજ થયા હતા. લગ્ન પહેલા બંને વર્ષો સુધી રિલેશનશિપમાં હતા.

# પુષ્પા ૨ પછી, રશ્મિકા અને અલ્લુ અર્જુન અને દીપિકા ધૂમ મચાવશે

**શાહરૂખ ખાનની જવાન ફિલ્મનું દિગ્દર્શન કરનારા દિગ્દર્શક એટલી કુમાર આ દિવસોમાં તેમની આગામી ફિલ્મ માટે સમાચારમાં છે**



ચાહકોને પુષ્પામાં રશ્મિકા મંદાના અને અલ્લુ અર્જુનની કેમેસ્ટ્રી ખૂબ ગમી. હવે અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના બીજી ફિલ્મ માટે સાથે આવવાના છે. દીપિકા પાદુકોણ પણ આ ફિલ્મનો ભાગ હશે.શાહરૂખ ખાનની જવાન ફિલ્મનું દિગ્દર્શન કરનારા દિગ્દર્શક એટલી કુમાર આ દિવસોમાં તેમની આગામી ફિલ્મ માટે સમાચારમાં છે . દીપિકા પાદુકોણ અને અલ્લુ અર્જુન ઉપરાંત, હવે આ ફિલ્મ માટે રશ્મિકા મંદાનાનું નામ પણ આવી રહ્યું છે. અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાની જોડી પહેલા પુષ્પા ફિલ્મમાં જોવા મળી હતી. ચાહકોને આ જોડી ખૂબ જ પસંદ આવી હતી. હવે એટલીની ફિલ્મમાં રશ્મિકાના આવવાના સમાચારથી ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે.એક અહેવાલ મુજબ, ''રશ્મિકા મંદાના પણ એટલીની ફિલ્મનો ભાગ છે. આ ફિલ્મમાં અભિનેત્રી તેના કરિયરના સૌથી બોલ્ડ રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં રશ્મિકા અને અલ્લુ વચ્ચેનો ડાયનેમિક્સ પુષ્પાથી સંપૂર્ણપણે અલગ હશે.''ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે અભિનેત્રીનો લુક ટેસ્ટ પૂર્ણ થઈ ગયો છે. ફિલ્મ વિશે વાત કરતા સૂત્રોએ જણાવ્યું હતું કે આ ફિલ્મ દ્વારા એટલી પોતાની અવતાર જેવી ફિલ્મ બનાવવા માંગે છે જે બે અલગ અલગ બ્રહ્માંડમાં સેટ હશે.ઘણા અહેવાલોમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે આ ફિલ્મમાં જાહ્નવી કપૂર, મૃણાલ ઠાકુલ અને સામંથા પણ જોવા મળી શકે છે. જોકે, અત્યાર સુધી ફક્ત દીપિકાની ફિલ્મમાં હાજરીનો જાહેરાત વીડિયો જ રિલીઝ થયો છે. નિર્માતાઓ દ્વારા હજુ સુધી અન્ય કોઈ અભિનેત્રી વિશે કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી.

### વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ગુરુનુ જીવનમાં મહત્વ શુ છે તે બતાવવામાં આવ્યુ

# ઝાલોદ તાલુકાના મહુડી પ્રાથમિક શાળા ખાતે ધારાસભ્ય મહેશ ભૂરીયાની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।



આજે તારીખ ૧૧/૦૭/૨૦૨૫ ના રોજ ઝાલોદ તાલુકામાં ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન'' અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં આઈ. સી.ડી.એસ વિભાગની વિવિધ યોજના વિશે, તેમજ આંગણવાડીમાંથી આપવામાં આવતા THR ની વિવિધ વાનગીઓ નું નિદર્શન કરી લાભાર્થીઓને તેના ઉપયોગ વિશે માહિતી આપવામાં આવી.

''ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન'' અંતર્ગત ઝાલોદ તાલુકાના મહુડી પ્રાથમિક શાળા ખાતે સરકારશ્રીના વિવિધ વિભાગો થકી મૂળ લાભાર્થીઓને લાભ મળી રહે તે હેતુસર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના કલસ્ટરમા સમાવિષ્ટ આઈ.સી.ડી. એસ વિભાગ, આઈ.સી.ડી.એસ આધાર કીટ, ખેતીવાડી વિભાગ, આધારકાર્ડ, પશુપાલન, આવક પ્રમાણપત્ર, જન્મ મરણ પ્રમાણપત્ર, બી.પી.એલ દાખલા, આકારણી, રહેઠાણ અંગેના દાખલા, ઓળખાણ અંગેના દાખલા, પુનઃ લગ્ન ન હોય તે અંગેના દાખલા સહિત ૧૫ જેટલા વિભાગો માં લાભાર્થીઓને લાભ મળી રહે તે હેતુ થી કાર્યક્રમ યોજવામાં આવ્યો.આંગણવાડી ના ભૂલકાઓ દ્વારા અભિનય ગીત રજૂ કરવામાં આવ્યું, જેને ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા અને લાભાર્થીઓને કીટ વિતરણ કરવામાં આવી.

ઝાલોદ તાલુકાના માન.ધારાસભ્ય મહેશ ભૂરિયા, પ્રાંત અધિકારી, સીડીપીઓ માછી નીલુબેન, મામલતદાર પરમાર, તાલુકા વિકાસ અધિકારી, સરપંચો, તાલુકા પંચાયત સભ્ય, ગામના આગેવાનો તથા મુખ્ય સેવિકા,આંગણવાડી કાર્યકર હાજર હતા.

# શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં ગુરુપૂર્ણિમા ની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

તા ૧૦/૦૭/૨૦૨૫ ને ગુરુવારના રોજ ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ સંચાલિત શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઝાલોદ અંતર્ગત કોલેજના આચાયશ્રી ડૉ. આશીષ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ ગુરુ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. તેમણે ગુરુના વિવિધ પ્રકારો તથા સતગુરુના કર્મ વિશે જણાવી જીવનમાં યોગ્ય ગુરુને કેવી રીતે ઓળખવા તથા જીવનમાં ગુરુ કેવી રીતે પથ પ્રદર્શક તથા કલ્યાણકારી હોય છે તે અંગેની સમજણ આપી વિધાર્થીઓ ને માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. આર. આર. ગોહિલ સાહેબે સંસ્કૃત ના વિવિધ સ્લોકોના માધ્યમ દ્વારા રામાયણ અને મહાભારતના અનેક પ્રસંગોના ઉદાહરણ આપી વૈદિક કાળથી અત્યાર સુધીની ગુરુ પરંપરા ની ઓળખ આપી હતી અને હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. વાય. પી. ઝાલા સાહેબે જીવનમાં ગુરુના મહત્વ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ગુજરાતી વિભાગના અનિતાબેન પાદરીયાએ તથા આભાર દર્શન અર્થશાસ્ત્રની વિદ્યાર્થિની કાવેરીબેને કર્યું હતું.

### નવીનતા અને વૃદ્ધિને મજબૂત બનાવવા માટે કંપની દ્વારા વ્યૂહાત્મક નેતૃત્વને વેગ

# મોબીક્વિક દ્વારા સૌરભ દ્વિવેદીને ચીફ ટેકનોલોજી ઓફિસરના પદે નિમણુંક કરવામાં આવ્યા

### ઓફલાઇન ચુકવણીઓ વધારવા માટે ધ્રુવ વાઢેરાને SVP તરીકે બઢતી આપવામાં આવી

। ગુડગાંવ, તા.૧૧ ।



તાજેતરમાં એક વ્યૂહાત્મક પગલામાં, ભારતના સૌથી મોટા ડિજિટલ વોલેટ, વન મોબીક્વિક સિસ્ટમ્સ લિમિટેડ (મોબીક્વિક) (એનએસઈ: MOBIKWIK/ BSE: 544305) એ તેની એક્ઝિક્યુટિવ લીડરશીપ ટીમ અને ડ્રાઈવ સ્કેલને મજબૂત બનાવવાના સાથે સાથે તેના મુખ્ય વ્યવસાયોને મજબૂત બનાવવા અને ઉત્પાદન નવીનતાને વેગ આપવાના હેતુથી બે વરિષ્ઠ-સ્તરીય પ્રમોશનની જાહેરાત કરી.

વર્ષ ઓગસ્ટ ૨૦૨૩ માં મોબીક્વિકમાં કંપનીના પેમેન્ટ્સ વિભાગમાં સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ - એન્જિનિયરિંગ તરીકે જોડાયા બાદ થી તેમના નોંધપાત્ર યોગદાનના આધારે, સૌરભ દ્વિવેદીને ચીફ ટેક્નોલોજી ઓફિસર (CTO) તરીકે બઢતી આપવામાં આવી છે. છેલ્લા બે વર્ષમાં, સૌરભે ઉચ્ચ-પ્રદર્શન કરતી એન્જિનિયરિંગ ટીમો સ્થાપિત કરવામાં, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્કેલેબિલિટી વધારવામાં અને નવા ઉત્પાદનો બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તેઓ MakeMyTrip ખાતે VP - એન્જિનિયરિંગ તરીકેની તેમની અગાઉની ભૂમિકામાંથી મૂલ્યવાન અનુભવ લાવે છે, જ્યાં તેમણે પ્લેટફોર્મને સ્કેલિંગ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

એક CTO તરીકે, સૌરભ હવે ચાર વિભાગો માટે એન્જિનિયરિંગનું નેતૃત્વ કરશે જે છે પેમેન્ટ્સ, ફાઈનાન્શિયલ સર્વિસીસ, કોર પ્લેટફોર્મ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈન્ફોસેક. આ વર્ષે, મોબીક્વિકનું ધ્યાન વૃદ્ધિ ઉત્પ્રેરક તરીકે AI નો ઉપયોગ કરવા પર છે. સૌરભ AI સહાયિત ઉત્પાદન વિકાસ, કાર્યક્ષમ સંગ્રહ અને ગ્રાહક આનંદ જેવી પહેલ સાથે ચાર્ટરનું નેતૃત્વ કરી રહ્યા છે. આ સાથે, કંપનીનો ઉદેશ્ય ઝડપી સ્કેલ કરવાનો, બજારમાં ગો-ટુ-માર્કેટ-ને વેગ આપવાનો, આવક વૃદ્ધિને વેગ આપવાનો અને બુદ્ધિશાળી ઓટોમેશન દ્વારા માર્જિનનો વિસ્તાર કરવાનો છે.

કંપની દ્વારા ધ્રુવ વાઢેરાને ઑફલાઈન પેમેન્ટ્સના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ (SVP) તરીકે બઢતી આપવામાં આવી છે. ધ્રુવ જૂન ૨૦૨૩ થી સમગ્ર ભારતમાં મોબીક્વિકના ઑફલાઈન પેમેન્ટ્સ વર્ટિકલના વિસ્તરણનું નેતૃત્વ કરી રહ્યા છે. તેમના નેતૃત્વ હેઠળ, વ્યવસાયમાં નોંધપાત્ર વધારો થયો છે, જેનાથી મોબીક્વિકની માર્કેટ હાજરી વધુ ગાઢ બની છે અને લાખો નાના વેપારીઓ ડિજિટલ ચુકવણીઓ અપનાવવા સક્ષમ બન્યા છે. મોબીક્વિક પહેલાં, ધ્રુવે ઝોમેટોમાં વાઈસ પ્રેસિડેન્ટ અને સેલ્સ ડિરેક્ટર તરીકે સેવા આપી હતી, જ્યાં તેમણે ઉત્તર અને પૂર્વ ભારતના બજારોમાં પી એન્ડ એલ કામગીરીનું સંચાલન કર્યું હતું.

'' મ ો બી ક િ વ ક મ ા ં જોડાયા પછી, સૌરભે અમારી એન્જિનિયરિંગ ટીમને અમારા મુખ્ય ઉત્પાદન માટે ઉચ્ચ ધોરણો સ્થાપિત કરવા તેમજ નવા વિચારો દ્વારા નવીનતાને આગળ ધપાવવા માટે પ્રેરણા આપવામાં નોંધપાત્ર નેતૃત્વ દર્શાવ્યું છે,'' એમ મોબીક્વિકના સહ-સ્થાપક, એમડી અને સીઈઓ શ્રી બિપિન પ્રીત સિંહે જણાવ્યું. ''જેમ જેમ આપણે નવી ઊંચાઈઓ સર કરીએ છીએ, તેમ તેમ ટેકનોલોજી અને વિતરણ બંનેના સુકાન પર મજબૂત નેતાઓ હોવા ખૂબ જ મહત્વપૂર્ણ છે. સૌરભ અને ધ્રુવ બંનેએ અમારા વપરાશકર્તાઓને શ્રેષ્ઠતા સાથે સેવા આપવા, દૂરંદેશી સાથે નિર્માણ કરવા અને પ્રામાણિકતા સાથે નેતૃત્વ કરવાની કુશળતા દર્શાવી છે. હું તેમને મોબીક્વિકની વૃદ્ધિ વાર્તાના આગામી પ્રકરણને આકાર આપતા જોઈને ઉત્સાહિત છું,'' તેમણે વધુમાં ઉમેર્યું હતું.

પોતાના પ્રમોશન અંગે ટિપ્પણી કરતા, નવનિયુક્ત CTO સૌરભ દ્વિવેદીએ જણાવ્યું હતું કે, ''આ વિસ્તૃત ભૂમિકા નિભાવવા બદલ હું સન્માનિત છું અને અમારા AI સંચાલિત ટેકનોલોજી વિઝનને આકાર આપવા માટે ઉત્સાહિત છું. આજે મોબીક્વિક એક વૈવિધ્યસભર ફિનટેક પ્લેટફોર્મમાં વિકસિત થયું છે - ગ્રાહક ચુકવણીઓ નોંધપાત્ર સ્તરે કાર્ય કરે છે, ક્રેડિટ વિતરણ ઝડપથી વધી રહ્યું છે જ્યારે અમારા ઉભરતા વર્ટિકલ્સ - સંપત્તિ અને ચુકવણી ગેટવે હજુ પણ નવીનતાના તબક્કામાં છે. મારું ધ્યાન એક એકીકૃત છતાં લવચીક માળખાના નિર્માણ પર રહેશે જે પરિપક્વતાના વિવિધ તબક્કામાં વિવિધ વ્યવસાયોને સેવા આપે છે, જ્યારે અમારા વપરાશકર્તાઓ માટે વિશ્વસનીયતા અને નવીનતા જાળવી રાખે છે.''

ઓફલાઈન પેમેન્ટ્સના નવા નિયુક્ત SVP ધ્રુવ વાઢેરાએ પણ આ પ્રમોશન અંગે પોતાના વિચારો શેર કર્યા, ''ઓફલાઈન પેમેન્ટ સ્પેસ ભારતભરના SME અને MSMEs ને સશક્ત બનાવવાની એક વિશાળ તક રજૂ કરે છે, જેઓ ભારતની ડિજિટલ પરિવર્તન યાત્રાના કેન્દ્રમાં છે. આ પ્રમોશન મને નાના શહેરોથી દૂરના ગામડાઓ સુધી, દરેક નાના વ્યવસાય માટે સુલભ ચુકવણી અને નાણાકીય ઉકેલો લાવવાના અમારા મિશનને વેગ આપવા માટે ઉર્જા આપે છે. દરેક ભારતીય માટે ડિજિટલ ફાઈનાન્સનું લોકશાહીકરણ કરવામાં આપણી સંભવિત અસરનો અહેસાસ થવા લાગ્યો છે.''

# વિરમગામ તાલુકામાં વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળો અટકાવવા માટે કામગીરી હાથ ધરાઇ

### આરોગ્ય કર્મચારીઓ દ્વારા રોગચાળો ન ફેલાય તે માટે ઘરે ઘરે ફરી સઘન સર્વેલન્સ હાથ ધરી જનજાગૃતિ કરવામાં આવી

। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।



વિરમગામ તાલુકા સહિત સમગ્ર અમદાવાદ જિલ્લામાં વાહકજન્ય અને પાણીજન્ય કોઇ પણ પ્રકારનો રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય કર્મચારીઓ દ્વારા વિવિધ સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે.

વિરમગામ શહેર સહિત તાલુકામાં વાહકજન્ય કે પાણી જન્ય રોગચાળો ના ફેલાય અને લોકોને બિમારીથી બચાવી શકાય તે માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શૈલેષ પરમાર, જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. ચિંતન દેસાઈ અને જિલ્લા મેલેરિયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ સંકલનમાં રહીને સ્વાસ્થ્ય રક્ષણની કામગીરી શરૂ કરવામાં આવી છે.

આરોગ્ય કર્મચારીઓ દ્વારા વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળો ન ફેલાય તે માટે ગામેગામ ઘરે ઘરે ફરીને લોહીની તપાસ કરીને જનજાગૃતિ કરવામાં આવી રહી છે.

આરોગ્ય કર્મચારીઓ દ્વારા ફિલ્ડ સર્વિલન્સ દરમિયાન લોકોને પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળાથી બચવાના ઉપાયો અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઝાડા ઉલ્ટી, કોલેરા, કમળો, ટાઈફોઈડ જેવા પાણીજન્ય રોગોથી બચવા માટે નળમાંથી આવતુ પાણી પ્રથમ પાંચ મિનીટ જવા દીધા પછી પીવાના ઉપયોગમાં લેવું, પાણીની ટાંકી સાફ રાખવી, પાણી ઉકાળીને પીવુ, ખુલ્લા જળસ્ત્રોતનું પાણી પીવાનું ટાળવુ, ખુલ્લો કે વાસી ખોરાક ખાવો નહિ, ક્લોરીનયુક્ત પાણી પીવુ જોઇએ. વારંવાર સાબુથી હાથ ધોવા જોઇએ. મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા જેવા વાહકજન્ય રોગોથી બચવા માટે શરીરના અંગોને ઢાકી રાખે તેવા વસ્ત્રો પહેરવા જોઇએ, મચ્છરથી રક્ષણ આપતી અગરબત્તીનો ઉપયોગ કરવો, મચ્છરદાનીમાં સુવાનો આગ્રહ રાખવો જોઇએ. હવાચુસ્ત ઢાંકણવાળા વાસણમાં પાણીનો સંગ્રહ કરવો. પાણીની ટાંકી, ફુલદાની, ફ્રીજની ટ્રે, પાણીના કુંડા સહિતના પાત્રો અઠવાડીયામાં એક વખત અવશ્ય સાફ કરવા જોઇએ. પાણીજન્ય કે વાહકજન્ય રોગ જેવા કોઇ પણ લક્ષણો જોવા મળે તો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે ડોક્ટરનો તાત્કાલીક સંપર્ક કરવો જોઇએ.

# પશ્ચિમ રેલવેએ ૧૪ જુલાઈ, ૨૦૨૫ થી રિઝર્વેશન ચાર્ટ તૈયાર કરવાના સમયમાં ફેરફાર કર્યો છે

। અમદાવાદ, તા.૧૧ ।

રેલવે બોર્ડ દ્વારા જારી કરાયેલા નવા નિયમો અનુસાર, પશ્ચિમ રેલવે માટે રિઝર્વેશન ચાર્ટ તૈયાર કરવાનો સમય ૧૪ જુલાઈ, ૨૦૨૫ થી અમલમાં આવશે. આ પહેલનો ઉદ્દેશ્ય કામગીરીની પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને મુસાફરોની સુવિધા વધારવાનો છે. પશ્ચિમ રેલવે ના જનસંપર્ક વિભાગ દ્વારા જારી કરાયેલ એક અખબારી યાદી અનુસાર, રેલવે બોર્ડ તરફથી પ્રાપ્ત સૂચનાઓ અનુસાર, પ્રથમ રિઝર્વેશન ચાર્ટ તૈયાર કરવાના સંબંધમાં સમયસારણી આ મુજબ છે.

*સવારે ૫:૦૧ કલાકથી બપોરે ૧૪:૦૦ કલાકની વચ્ચે પ્રસ્થાન કરનારી ટ્રેનો માટે, પ્રથમ આરક્ષણ ચાર્ટ પાછળના દિવસે રાત્રે ૯:૦૦ કલાક સુધીમાં તૈયાર કરી લેવામાં આવશે.

*૧૪:૦૧ કલાકથી ૧૬:૦૦ વાગ્યા ની વચ્ચે પ્રસ્થાન કરનારી ટ્રેનો માટે, પ્રથમ રિઝર્વેશન ચાર્ટ તે જ દિવસે સવારે ૭:૩૦ કલાક સુધીમાં તૈયાર કરી લેવામાં આવશે.

૧૬:૦૧ કલાકથી ૨૩:૫૯ કલાક અને ૦૦:૦૦ કલાકથી ૦૫:૦૦ કલાકની વચ્ચે પ્રસ્થાન કરનારી ટ્રેનો માટે, પ્રથમ રિઝર્વેશન ચાર્ટ નિર્ધારિત પ્રસ્થાન સમયના આઠ કલાક પહેલા તૈયાર કરી લેવામાં આવશે.

બીજા રિઝર્વેશન ચાર્ટની તૈયારીના સંબંધમાં હાલની જોગવાઈઓમાં કોઈ ફેરફાર થશે નહીં, જે છેલ્લી ઘડીના બુકિંગને સમાયોજિત કરવા માટે હાલની માર્ગદર્શિકા અનુસાર તૈયાર કરવામાં આવશે.

મુસાફરોને વિનંતી છે કે તેઓ મુસાફરી કરતા પહેલા તેમના રિઝર્વેશન સ્થિતિની તપાસ કરતી વખતે અપડેટેડ ચાર્ટિંગ શેડ્યૂલ પર ધ્યાન આપે.

# વિશ્વ વસ્તી ઝુંબેશ અંતર્ગત વિરમગામ તાલુકામાં વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી

। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।



વિશ્વ વિશ્વ વસ્તી ઝુંબેશ અંતર્ગત વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આજે વિશ્વની વસ્તી કુદકે અને ભૂસકે વધી રહી છે ત્યારે વિરમગામ સહિત અમદાવાદ જિલ્લામાં જન સંખ્યા સ્થિર રહે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શૈલેશ પરમાર અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કાર્તિક શાહના માર્ગદર્શન મુજબ અમદાવાદ જિલ્લાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિરમગામ ખાતે તાલુકા આરોગ્ય કચેરી વિરમગામની ટીમ દ્વારા લાભાર્થીઓને સ્ત્રી નસબંધી, અંતરા, છાયા, ગર્ભનિરોધક ગોળીઓ, આંકડી, પુરુષ નસબંધી, નિરોધ સહીતની કુટુંબ કલ્યાણની વિવિધ પદ્ધતિઓ અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તાલુકા આરોગ્ય કચેરી ટીમ, આરબીએસકે ટીમ, મપહેવ, ફિહેવ, સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે વિરમગામ તાલુકા સહિત સમગ્ર અમદાવાદ જિલ્લામાં ૧૧ જુલાઈ થી ૧૮ જુલાઈ સુધી વિશ્વ વસ્તી ઝુંબેશની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સેવા વિસ્તારમાં આવેલા વિવિધ ગામોમાં જન જાગૃતિ ના કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે અને લોકોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત આરોગ્ય કર્મચારીઓ દ્વારા લોકોને માં બનવાની ઉમર એ જ, જ્યારે શરીર અને મન તૈયાર હોય'' સૂત્ર અંગેની પણ સમજ આપવામાં આવી રહી છે.

# ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત ઝાલોદ તાલુકાના ઘટક રના ડુંગરી સેજાના આંગણવાડી હેલ્પર બહેનોને રસોઈની અપાઇ તાલીમ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।



હાલમાં ચાલી રહેલા સુપોષિત અને સી મેમ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી હેલ્પર બહેનોને આંગણવાડી કેન્દ્રમાં સમયસર આવવા માટે અને આંગણવાડી કેન્દ્રમાં આપવામાં આવતા મેનુ મુજબ નાસ્તા માટે બાળક દીઠ કેટલા પ્રમાણમાં સામગ્રી લેવી અને તેને કઈ રીતે બનાવવી તે તમામ વાનગીઓનું લાઈવ વાનગી નિદર્શન કરવામાં આવ્યું હતું. જેથી બાળકોને આપવામાં આવતા નાસ્તાઓની પૌષ્ટિકતા અને ગુણવત્તામાં સુધારો કરી શકાય. આંગણવાડી કેન્દ્રમાં સ્વચ્છતા તેમજ બાળકોની સ્વચ્છતા માટે હાથ ધોવાની પદ્ધતિનો ડેમોસ્ટ્રેશન કરાવવામાં આવ્યું સાથે હેલ્પર બહેનો આંગણવાડી કેન્દ્રમાં લાભાર્થીઓને વધુને વધુ લાભ મળી રહે અને બાળકોમાં રહેલા કુપોષણને દૂર કરવામાં મદદરૂપ થઈ શકે તે માટે યોગ્ય માર્ગદર્શન અને સમયસર કામગીરી કરવા માટેની સમજ આપવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**કર્ક (ડ,હ) :**
આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરમાં કોઈક વિધી કરાવશો. સહકાર આપવાનો તમારો અભિગમ તથા વિશ્લેષણાત્મક કૌશલ્યની નોંધ લેવાશે. આજે તમે તમારી જાતને સ્પૉટલાઈટ હેઠળ મહેસૂસ કરશો.

**સિંહ (મ,ટ) :**
આજે તમારે તબિયત પર થોડું વધારે ધ્યાન આપવું પડશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે સ્વાસ્થ્યની દષ્ટિએ તમારા માટે સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**તુલા (ર,ત) :**
આજે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. આજે તમને જે ફાજલ સમય મળે તેનો લાભ લો અને તમારા પરિવારના સભ્યો સાથે પ્રેમભર્યો સમય વિતાવો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.

**મકર (ખ,જ) :**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પરિવારના સભ્ય ।તમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે કશુંક રસપ્રદ વિચારીને માનસિક વ્યાયામ કરો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારૂં કોઈ એક સૌથી પ્રિય સપનું સાકાર થવાની શક્યતાઓ છે પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

## લોર્ડ્સમાં રૂટની શાનદાર સદી કરી તોડી દીધા અનેક રેકોર્ડ

| (એજન્સી) લોર્ડ્સ, તા.૧૧ |

ઈંગ્લેન્ડના દિગ્ગજ બેટર જો રૂટે ટેસ્ટ ક્રિકેટમાં વધુ એક સદી ફટકારી દીધી છે. લોર્ડ્સ ટેસ્ટમાં પ્રથમ દિવસે ૯૯ રને અણનમ જો રૂટે બીજા દિવસે પ્રથમ બોલ પર ચોગ્ગો ફટકારી પોતાની સદી પૂરી કરી હતી. ટેસ્ટ ક્રિકેટમાં વધુ એક સદી સાથે જો રૂટે ઘણા રેકોર્ડ પણ તોડી દીધા છે. જો રૂટે આ સદી સાથે ઘણા ખેલાડીઓને પાછળ છોડવાનું કામ કર્યું છે. ટેસ્ટ ક્રિકેટમાં જો રૂટની આ ૩૭મી સદી છે. ભારતના રાહુલ દ્રવિડ અને ઓસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથે ટેસ્ટ ક્રિકેટમાં ૩૬ સદી ફટકારી છે. આ બંને ખેલાડીઓનો રેકોર્ડ જો રૂટે તોડી દીધો છે. જો વાત આંતરરાષ્ટ્રીય ક્રિકેટની કરવામાં આવે તો તેણે માહેલા જયવર્ધનેને પાછળ છોડ્યો છે અને આફ્રિકાના હાશિમ અમલાની બરોબરી કરી છે. જો રૂટની આ ૫૫મી આંતરરાષ્ટ્રીય સદી છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ એટલે કે ટેસ્ટ, વનડે અને ટી૨૦ આંતરરાષ્ટ્રીયની વાત થઈ રહી છે. આમ તો સચિન તેંડુલકર ૧૦૦ સદી સાથે આ લ્ટિમાં નંબર વન છે. શ્રીલંકાના માહેલા જયવર્ધનેએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૫૪ સદી ફટકારી હતી, હવે તે રૂટથી પાછળ રહી ગયો છે. તો હાશિમ અમલાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૫૫ સદી છે, જેની રૂટે બરોબરી કરી છે. જો રૂટે અત્યાર સુધી ૧૫૬ ટેસ્ટ મેચ રમી ૧૩ હજારથી વધુ રન બનાવ્યા છે. સચિન તેંડુલકર ૧૫૯૨૧ રન સાથે આ સમયે નંબર વન છે. પરંતુ જો રૂટ જલ્દી રિકી પોન્ટિંગ, જેક કાલિસ અને રાહુલ દ્રવિડને પાછળ છોડી શકે છે. ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટરની વાત કરીએ તો રૂટ અત્યારે પાંચમાં સ્થાને છે.

## ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટ મેચમાં બોલના શેપને લઈને હોબાળો

| (એજન્સી) લોર્ડ્સ, તા.૧૧ |

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર બ્લોકબસ્ટર ટેસ્ટ મેચ ચાલી રહી છે. આ મેચમાં ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઈંગ્લેન્ડ તરફથી પહેલી ઈનિંગમાં જો રૂટ સદી ફટકારવામાં સફળ રહ્યા. રૂટના ટેસ્ટ કરિયરની આ ૩૭મી સદી રહી. આ મેચના બીજા દિવસે (૧૧ જુલાઈ) મેદાન પર વિવાદ સર્જાયો હતો. ભારતીય ખેલાડી ડ્યૂક્સના બોલની શેપથી નાખુશ હતા અને અમ્પાયરને તેને લઈને ફરિયાદ કરી. આ સમગ્ર ઘટનાક્રમ ઈંગ્લેન્ડની ઈનિંગની ૯૧મી ઓવરમાં બન્યો. કારણ કે ૮૦મી ઓવર બાદ ભારતીય ટીમે નવો બોલ લીધો હતો, તેવામાં નવો બોલ માત્ર ૧૦ ઓવર જૂનો હતો. જો કે, તેમ છતાં બોલનો શેપ બરાબર ન હતો. અમ્પાયરે બોલને તપાસ માટે રિંગ ટેસ્ટ કર્યો.

### એશિયા કપ પહેલા પાકિસ્તાનનો નવો ડ્રામા

# જો ભારતમાં ખતરો હશે તો ટીમને ત્યાં નહીં મોકલીએ : પીએચએફ

### કેન્દ્ર સરકારે પાકિસ્તાનની હોકી ટીમને પણ આવવાની મંજૂરી આપી દીધી છે, જોકે હવે પાકિસ્તાને નવો ડ્રામા

| (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૧ |

ભારત-પાકિસ્તાન વચ્ચે ઘર્ષણ થયા બાદ તેની અસર રમત-ગમત પર પડી રહી છે. ભારતમાં ૨૭ ઓગસ્ટથી ૭ સપ્ટેમ્બર દરમિયાન બિહારના રાજગીરમાં હૉકી એશિયા કપ-૨૦૨૫ યોજાવાનો છે, જેમાં કેન્દ્ર સરકારે પાકિસ્તાનની હૉકી ટીમને પણ આવવાની મંજૂરી આપી દીધી છે, જોકે હવે પાકિસ્તાને નવો ડ્રામા શરૂ કરી દીધો છે. આતંકવાદીઓને પોશનારા પાકિસ્તાનનું હૉકી ફેડરેશન ભારતમાં આવી સુરક્ષાની તપાસ કરવા માંગે છે. પાકિસ્તાન આગામી મહિને યોજાનાર હૉકી ટુર્નામેન્ટમાં અને આ વર્ષના અંતે યોજાનાર જૂનિયર વર્લ્ડકપમાં ભાગ લેવા માટે ભારત આવી શકે છે. સરકારે પાકિસ્તાન હૉકી ટીમને મંજૂરી આપી દીધી છે.

જોકે પાકિસ્તાન હૉકી ફેડરેશન (PHF) સત્તાવાર નિવેદન જાહેર કરીને સૌને ચોંકાવી દીધા છે. ફેડરેશનના એક અધિકારીએ કહ્યું કે, 'અમે અમારી હૉકી ટીમને ભારત મોકલતા પહેલા ત્યાં સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરીશું. જો ભારતમાં કોઈ ખતરો હશે તો અમે અમારી ટીમને ત્યાં નહીં મોકલીએ.' ફેડરેશનના અધિકારીએ કહ્યું કે, 'ભારતના ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાની નાગરિકો માટે ભારતનો પ્રવાસ કરવો સુરક્ષિત નથી. ભારતમાં યોજાનાર હૉકી ટુર્નામેન્ટમાં અમારી રાષ્ટ્રીય હૉકી ટીમને મોકલવા માટે સંબંધિત મંત્રાલયોની સલાહ અને મંજૂરી માંગવામાં આવી છે.' પીએચએફના મહાસચિવ રાણા મુજાહિદે કહ્યું કે, 'અમારી સરકારની મંજૂરી મળ્યા બાદ અમે અમારી ટીમને ભારત મોકલીશું. પીએચફ હૉકી ટીમના ખેલાડીઓને સોશિયલ મીડિયા પર અપાતી ધમકીઓ પર નજર રાખી રહ્યું છે.'

### પશ્ચિમ બંગાળમાં પણ વોટર લિસ્ટ વેરિફિકેશ

# બિહાર બાદ બંગાળમાં પણ ચૂંટણી પહેલા વોટર લિસ્ટ રિવિઝનની તૈયારી

### બિહારમાં વોટર લિસ્ટ વેરિફિકેશનું કામ શરૂ કર્યું છે, જેનો હેતુ યાદીમાંથી નકલી અને બિન-નાગરિક મતદારોને દૂર કરવાનો છે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ |

ભારતના ચૂંટણી પંચે (ECI) પશ્ચિમ બંગાળમાં વર્ષ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની યોજના બનાવી છે. બિહારમાં મતદાર યાદી સુધારણા પછી હવે આ પ્રક્રિયા પશ્ચિમ બંગાળ સહિત આસામ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરી જેવા રાજ્યોમાં લાગુ થવાની તૈયારીમાં છે. જો કે, વિપક્ષી પક્ષ અને નિષ્ણાતોએ આ પગલાના સમય અને પ્રક્રિયા અંગે ઘણાં પ્રશ્નો ઊભા કર્યા છે, જેના કારણે ચૂંટણી પંચના આ નિર્ણય પર વિવાદ સર્જાયો છે.ચૂંટણી પંચે તાજેતરમાં બિહારમાં વોટર લિસ્ટ વેરિફિકેશનું કામ શરૂ કર્યું છે, જેનો હેતુ યાદીમાંથી નકલી અને બિન-નાગરિક મતદારોને દૂર કરવાનો છે. આ પ્રક્રિયા હેઠળ, ઘરે ઘરે જઈને મતદારોની ચકાસણી કરવામાં આવી રહી છે. બિહારમાં વિરોધ પક્ષોએ આ ઝુંબેશનો જોરદાર વિરોધ કર્યો હતો અને તેને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. હવે એવું લાગે છે કે બિહાર મોડેલ સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે, જેમાં પશ્ચિમ બંગાળ આગામી મુખ્ય રાજ્ય હશે. અહેવાલ અનુસાર, પશ્ચિમ બંગાળ ચૂંટણી પંચના કાર્યાલયે ECના સૂચનાની રાહ જોયા વિના તેની આંતરિક તૈયારીઓ તેજ કરી દીધી છે. જોકે પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ અગ્રવાલને SIR અંગે ચૂંટણી પંચ તરફથી અત્યાર સુધી કોઈ ઔપચારિક પત્ર મળ્યો નથી, તેમ છતાં તેમની કચેરીએ સ્પષ્ટ કર્યું છે કે 'અમે સંપૂર્ણ તૈયારીઓ કરી રહ્યા છીએ જેથી સૂચના આવતાની સાથે જ અમે તાત્કાલિક કામ શરૂ કરી શકીએ.' મતદાર યાદી સુધારણા પહેલી ઓગસ્ટની આસપાસ શરૂ થવાની ધારણા છે, જે ઓક્ટોબરના અંત સુધીમાં પૂર્ણ થશે.



કાનપુરમાં 'શ્રાવણ' મહિનાના પહેલા દિવસે ભક્તો 'શિવલિંગ'નો 'અભિષેક' કરતા નજરે પડે છે.

## આ હુમલો દુઃખદ છે, પણ અમે હાર માનીશું નહીં : કપિલ શર્મા

| મુંબઈ, તા.૧૧ |

કોમેડિયન કપિલ શર્મા વિશે મોટા સમાચાર આવ્યા છે. બુધવારે રાત્રે તેના કેનેડા સ્થિત રેસ્ટોરન્ટ કેપ્સ કેફે પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. આશ્ચર્યજનક વાત એ છે કે આ રેસ્ટોરન્ટ ૪ જુલાઈએ જ ખોલવામાં આવ્યું હતું અને આતંકવાદીઓએ કોમેડિયનનું સ્વપ્ન ચકનાચૂર કરી નાખ્યું છે. ખાલિસ્તાની આતંકવાદીઓએ આ સમગ્ર હુમલાની જવાબદારી લીધી છે. હવે એક દિવસ પછી આ ગોળીબાર પર કપિલ શર્માના કેપ્સ કેફેની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. કપિલ શર્માના કેપ્સ કેફેએ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક પોસ્ટ શેર કરી છે જેમાં તેણે લખ્યું છે, દિલથી એક મેસેજ, અમે સ્વાદિષ્ટ કોફી અને મૈત્રીપૂર્ણ વાતચીતને કારણે હૂંફ, સમુદાય અને ખુશી માટે કેપ્સ કેફે ખોલ્યું હતું. તે સપના પરની હિંસા દુઃખદ છે. અમે આ આઘાતમાંથી સ્વસ્થ થઈ રહ્યા છીએ પણ હાર માનીશું નહીં. તમારા સમર્થન બદલ આભાર. તમાર શબ્દો, પ્રાર્થનાઓ અને DM માટે અમારા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. પોસ્ટમાં આગળ લખ્યું છે, કેપ્સ કેફે તમારા એ વિશ્વાસના કારણે અસ્તિત્વમાં છે.

### પ્રધાનમંત્રી રોજગાર મેળા અંતર્ગત, ૧૨ જુલાઈના રોજ

# સરકારી વિભાગો અને સંસ્થાઓમાં નવ નિયુક્ત યુવાનોને ૫૧,૦૦૦થી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવશે

### પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં ૧૪૪ નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્ર આપવામાં આવશે

| નવી દિલ્હી, તા.૧૧ |

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૧૨મી જુલાઈ,૨૦૨૫ના રોજ સવારે લગભગ ૧૧:૦૦વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિવિધ સરકારી વિભાગો અને સંસ્થાઓમાં નવનિયુક્ત ૫૧,૦૦૦થી વધુ યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કરશે. આ પ્રસંગે તેઓ નિમણૂક પામેલા લોકોને સંબોધિત પણ કરશે.

રોજગાર મેળો, રોજગાર સર્જનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવાની દિશામાં એક પહેલ છે. રોજગાર મેળો યુવાનોને સશક્ત બનાવવામાં અને રાષ્ટ્ર નિર્માણમાં તેમની ભાગીદારી માટે અર્થપૂર્ણ તકો પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. દેશભરમાં રોજગાર મેળાઓ દ્વારા અત્યાર સુધીમાં ૧૦ લાખથી વધુ નિમણૂક પત્રો જારી કરવામાં આવ્યા છે.

૧૬મો રોજગાર મેળો સમગ્ર દેશમાં ૪૭ સ્થળોએ આયોજિત કરવામાં આવશે. આ નિમણૂકો કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં કરવામાં આવી રહી છે. દેશભરમાંથી પસંદ કરાયેલા નવા કર્મચારીઓ રેલવે મંત્રાલય, ગૃહ મંત્રાલય, પોસ્ટ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નાણાકીય સેવાઓ વિભાગ, શ્રમ અને રોજગાર મંત્રાલય સહિત અન્ય વિભાગો અને મંત્રાલયોમાં જોડાશે.

આ પ્રસંગે, અમદાવાદ મંડળમાં રોજગાર મેળાનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત, કુલ ૧૪૪ નવા પસંદ કરાયેલા ઉમેદવારોને નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવશે, જેમાં રેલવેમાંથી ૭૦, નાણાકીય સેવા વિભાગમાંથી ૬૩ પોસ્ટ ઓફિસમાંથી ૦૪ , મહેસૂલ વિભાગ હેઠળના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસમાંથી ૦૨ અને મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયમાંથી ૦૫ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

અમદાવાદમાં આયોજિત રોજગાર મેળા કાર્યક્રમમાં માનનીય શ્રમ, રોજગાર, યુવા બાબતો અને ખેલ મંત્રી, ભારત સરકાર ડૉ. મનસુખ માંડવિયા, માનનીય સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, માનનીય સાંસદ શ્રી હંસમુખભાઈ પટેલ, માનનીય સાંસદ (રાજ્યસભા) શ્રી નરહરિ અમીન, માનનીય મેયર અમદાવાદ શ્રીમતી પ્રતિભા જૈન, માનનીય ધારાસભ્ય શ્રી દિનેશસિંહ કુશવાહ, માનનીય ધારાસભ્ય શ્રીમતી દર્શનાબેન વાઘેલા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

### ભારતમાં TFR હાલમાં પ્રત્યેક મહિલાને ૨.૦ બાળક છે

# ભારતની વસતી ૧૪૬ કરોડે પહોંચી, પણ પ્રજનન દરમાં નોંધપાત્ર ઘટાડો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ |

૧૧ જુલાઈને વિશ્વ વસ્તી દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને આ દિવસે ભારતની વસતી સંબંધિત યુએનનો એક અહેવાલ પણ બહાર આવ્યો છે, જેમાં મહત્વપૂર્ણ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. ભારત ૨૦૨૫ સુધીમાં અંદાજિત ૧.૪૬ અબજ લોકો સાથે સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ રહેશે. જોકે, દેશનો કુલ પ્રજનન દર ૨.૧ થી ઘટીને ૧.૯ થયો છે. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) એ મંગળવારે જાહેર કરેલા અહેવાલમાં આ માહિતી આપવામાં આવી છે. ૨૦૨૫ વર્લ્ડ પોપ્યુલેશન ડેટા (SOWP) રિપોર્ટમાં દર્શાવ્યું છે કે વાસ્તવિક સંકટ વધતી વસતી નથી, પરંતુ લોકોના સ્વતંત્ર અને જવાબદારીપૂર્વક નિર્ણય લેવાના અધિકારમાં વ્યાપક પડકારોમાં છે કે તેઓ બાળકો ઈચ્છે છે કે નહીં, ક્યારે ઈચ્છે છે અને કેટલા બાળકો ઈચ્છે છે.

યુએનના રિપોર્ટમાં અંદાજ છે કે, ભારતની વર્તમાન વસતી ૧૪૬.૩૯ કરોડ છે. ભારત હવે વિશ્વમાં સૌથી વધુ વસતી ધરાવતો દેશ છે. જેની વસતી લગભગ ૧.૫ અબજ છે. વસતીમાં ઘટાડાનું વલણ શરૂ થાય તે પહેલાં વસતી ૧.૭ અબજે પહોંચવાનો અંદાજ છે.

ભારતમાં કુલ પ્રજનન દર (TFR) હાલમાં પ્રત્યેક મહિલાને ૨.૦ બાળક છે. આનો અર્થ એ છે કે ભારતમાં એક મહિલાને તેના પ્રજનન વર્ષો દરમિયાન (સામાન્ય રીતે ૧૫-૪૯ વર્ષની વયની) સરેરાશ ૨ બાળકો થવાની ધારણા છે. સેમ્પલ રજીસ્ટ્રેશન સિસ્ટમ (SRS) ના ૨૦૨૧ ના અહેવાલ મુજબ, ૨૦૨૦થી આ દર સ્થિર રહ્યો છે. જો કે, નવા રિપોર્ટમાં પ્રજનન દર ઘટી ૧.૯ બાળક પ્રતિ મહિલા થયો છે. માઈગ્રેશન વિના આગામી પેઢીમાં વસતીની સંખ્યા જાળવી રાખવા આ દર પર્યાપ્ત નથી. જન્મ દર ધીમો પડ્યો હોવા છતાં યુવાનોની વસતી મહત્ત્વપૂર્ણ છે. જેમાં ૦-૧૪ વય જૂથના ૨૪ ટકા, ૧૦-૧૯ વય જૂથના ૧૭ ટકા અને ૧૦-૨૪ વય જૂથના ૨૬ ટકા છે. જ્યારે ૬૮ ટકા વસ્તી ૧૫-૬૪ વય જૂથની છે, ત્યારે વૃદ્ધ વસ્તી (૬૫ અને તેથી વધુ) ૭ ટકા છે.

બિહાર, ઝારખંડ અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં પ્રજનન દર હજુ પણ ઊંચો છે. રિપોર્ટમાં જણાવાયું છે કે અહીં, ગર્ભનિરોધક, આરોગ્ય સેવાઓ અને ફેમિલી પ્લાનિંગનો અભાવ હોવાથી પ્રજનન દર ઊંચો છે. બીજી બાજુ, દિલ્હી, કેરળ અને તમિલનાડુ જેવા રાજ્યોમાં પ્રજનન દર રિપ્લેસમેન્ટ લેવલ (પ્રતિ મહિલા ૨ બાળકો)થી નીચુ રહ્યું છે. અહીં ખર્ચ અને કાર્ય-જીવન સંઘર્ષને કારણે જીવનસાથીઓ બાળજન્મમાં વિલંબ કરી રહ્યા છે અથવા બાળકો પેદા કરી રહ્યા નથી, ખાસ કરીને શિક્ષિત મધ્યમ વર્ગની મહિલાઓમાં પ્રજનન દર ઘટ્યો છે. યુએનએફપીએ ભારતના પ્રતિનિધિ એન્ડ્રીયા એમ. વોજનરે જણાવ્યું હતું કે, ભારતે પ્રજનન દર ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, ૧૯૭૦ માં પ્રતિ મહિલા લગભગ પાંચ બાળકોથી આજે લગભગ બે બાળકો સુધી ઘટાડો કર્યો છે. આ વધુ સારા શિક્ષણ અને પ્રજનન સ્વાસ્થ્ય સેવાઓની પહોંચને કારણે છે.

### ટી.રાજાની વિચારધારા પાર્ટીના સિદ્ધાંતો વિરુદ્ધ : ભાજપ

# હિન્દુત્વના સમર્થક-વિવાદાસ્પદ ધારાસભ્ય ટી. રાજાનું રાજીનામું ભાજપે સ્વીકાર્યું

### ટી.રાજા સિંહે તેલંગણા રાજ્યના ભાજપ અધ્યક્ષ જી.કિશન રેડ્ડીને ૩૦ જૂનના રોજ રાજીનામું આપ્યું હતું

| (એજન્સી) હૈદરાબાદ, તા.૧૧ |

હિન્દુત્વના સમર્થક કહેવાતા તેલંગાણાના ગોશામહલના ભાજપ ધારાસભ્ય ટી. રાજા સિંહનું ભાજપે રાજીનામું સ્વીકારી લીધું છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ તેમના રાજીનામાને તાત્કાલીક મંજૂરી આપી દીધી છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અરૂણ સિંહે શુક્રવારે (૧૧ જુલાઈ) ટી.રાજા સિંહને આપેલા સત્તાવાર પત્રમાં આ માહિતી આપી છે.

ભાજપે પાઠવેલા પત્રમાં કહેવાયું છે કે, 'ટી.રાજા સિંહે તેલંગણા રાજ્યના ભાજપ અધ્યક્ષ જી.કિશન રેડ્ડીને ૩૦ જૂનના રોજ રાજીનામું આપ્યું હતું, તેના સંદર્ભમાં આ પત્ર જારી કરવામાં આવ્યો છે. ટી. રાજાએ પત્રમાં જે વાતો પાર્ટીની કાર્યપ્રણાલી, વિચારધારા ને સિદ્ધાંતો સાથે મેળ ખાતી નથી. તેથી આપનું રાજીનામું તાત્કાલીક સ્વીકારવામાં આવે છે.' ટી. રાજા હંમેશા વિવાદીત નિવેદનો અને હિન્દુત્વ સમર્થક વલણના કારણે ચર્ચામાં રહે છે. વાસ્તવમાં ભાજપે રામચંદર રાવને અધ્યક્ષ બનાવતા ટી. રાજા નારાજ થયા હતા અને તેમણે ૩૦ જૂને રાજીનામું આપી દીધું હતું. તેમણે રાજીનામાનો પત્ર સોશિયલ મીડિયા પર શેર કરતાં કેપ્શન લખ્યું હતું કે, 'મૌનને સહમતિ સમજવી નહીં. હું માત્ર મારા માટે નહીં, પરંતુ એવા અસંખ્ય કાર્યકરો અને મતદારો વિશે બોલી રહ્યો છું, જેઓ અમારા પર વિશ્વાસ ધરાવે છે. તેઓ અમારી સાથે ઊભા હતા અને હવે નિરાશ થયા છે.' ગોશામહલના ધારાસભ્યે ભાજપના હાઈકમાન્ડને થોડા દિવસ પહેલાં જ એક વીડિયો મેસેજ મારફત પ્રદેશ પ્રમુખ બનાવવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'પક્ષના અનેક કાર્યકરો મને ફોન કરીને પ્રદેશ પ્રમુખ પદ સંભાળવા અપીલ કરી રહ્યા છે. તેથી હું પક્ષના હાઈકમાન્ડને અરજ કરી રહ્યો છું કે, તેઓ મને આ પદ સોંપે. હું પ્રદેશ પ્રમુખ બન્યા બાદ પક્ષની અંદર એક સમર્પિત ગોરક્ષા વિંગની સ્થાપના કરીશ. ગોરક્ષા માટે કામ કરતાં કાર્યકારોની ઢાલ બનીશ. ભાજપનો સંદેશ ઘરે-ઘરે પહોંચાડીશ. પક્ષની ઓળખ એક હિન્દુત્વ સંગઠનના રૂપે સ્થાપિત કરવા પર પણ ભાર મૂકીશ.' રાજા સિંહે એવું પણ કહ્યું હતું કે, 'પક્ષમાં અમુક નેતાઓ અંગત સ્વાર્થ માટે કેન્દ્રીય હાઈકમાન્ડને ગેરમાર્ગે દોરી રહ્યા છે. પડદાની પાછળ રહી તેઓ પોતાનું ધાર્યું કરાવી રહ્યા છે. તેલંગાણામાં એવા કેટલાય વરિષ્ઠ નેતાઓ, ધારાસભ્યો અને સાંસદો છે, જે પ્રદેશ પ્રમુખની જવાબદારી સંભાળી શકે છે. પરંતુ અમુક લોકોના સ્વાર્થના કારણે હાઈકમાન્ડ ગેરમાર્ગે દોરાયું છે.'

## ખાટુશ્યામ મંદિર પાસે ભક્તો અને દુકાનદારો વચ્ચે મારામારી

| (એજન્સી) સીકર, તા.૧૧ |

રાજસ્થાનના સીકરમાં ખાટુશ્યામ મંદિર ફરી ચર્ચામાં આવ્યું છે. અહીં શ્રદ્ધાળુઓ અને સ્થાનિક દુકાનદારો વચ્ચે મારામારી થઈ છે. અહીં બંને પક્ષોએ એકબીજા પર દંડાથી હુમલો કર્યો છે. ઘટનામાં મહિલાઓને પણ દંડા મારવામાં આવ્યા છે. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાઈરલ થયો છે. વીડિયોમાં મહિલાઓ પર પણ દંડાથી હુમલો કરવા આવ્યો હોવાનું જોવા મળી રહ્યું છે. અગાઉ પણ ખાટુશ્યામ મંદિરના પરિસરમાં દર્શન કરવા આવેલા શ્રદ્ધાલુઓ પર દંડાથી હુમલો કરાયો હોવાનો વીડિયો વાઈરલ થયો હતો. મંદિર સમિતિએ મારમારીની ઘટના બાબતે નોંધ લેવાની વાત કરી હતી. જોકે હવે ફરી આવી ઘટના સામે આવી છે. આ વખતે શ્રદ્ધાળુઓ અને દુકાનદારો વચ્ચે મારામારી થઈ છે.

## શિવસેનાના નેતાઓના વર્તન પર સવાલો ઊભા થઈ રહ્યા છે

| (એજન્સી) મુંબઈ, તા.૧૦ |

મહારાષ્ટ્રમાં શાસક ગઠબંધનના ધારાસભ્ય સંજય ગાયકવાડે વાસી ખોરાક પીરસવા બદલ કેન્ટીન મેનેજરને ઢોર માર માર્યો હતો, તે મુંબઈ ધારાસભ્ય છાત્રાલયની કેન્ટીનનું લાઈસન્સ હવે રદ કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને ખોરાકની ગુણવત્તા નબળી હોવાના આરોપસર કેન્ટીનનું લાઈસન્સ રદ કર્યું છે.

મંગળવારે, શિવસેનાના ધારાસભ્ય દાળની નબળી ગુણવત્તાને લઈને ગુસ્સે ભરાયા અને કેન્ટીન મેનેજરને માર માર્યો હતો. ધારાસભ્યનો કેન્ટીન મેનેજરને માર મારવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ ઘટનાએ રાજ્યમાં વિવાદ જગાવ્યો છે અને શિવસેનાના નેતાઓના વર્તન પર સવાલો ઊભા થઈ રહ્યા છે. વિવાદો વચ્ચે મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ ખોરાકના નમૂના લેવામાં આવ્યા છે, જેનો રિપોર્ટ ૧૪ દિવસ પછી આવશે. પાન આ પહેલા જ FDA દ્વારા કેન્ટીનનું લાઈસન્સ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ધારાસભ્યએ આરોપ લગાવ્યો હતો કે તેમને વાસી ખોરાક પીરસવામાં આવ્યો હતો. ત્યારબાદ FDA એક્શનમાં આવ્યું છે.

ધારાસભ્ય સંજય ગાયકવાડ બુલઢાણાથી બે વખત ધારાસભ્ય રહ્યા છે અને મુંબઈના આકાશવાણી ધારાસભ્ય નિવાસસ્થાનમાં રહે છે. તેમણે ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી કેન્ટીનમાંથી ખોરાક મંગાવ્યો હતો, ત્યારબાદ તેમણે બગડેલી દાળ પર નારાજગી વ્યક્ત કરી હતી. ગાયકવાડનો દાવો છે કે દાળમાંથી સડેલી ગંધ આવતી હતી અને ખાધા પછી તરત જ તેમને પેટમાં દુખાવો, ઉલટી અને અસ્વસ્થતા અનુભવાતી હતી. વાયરલ વીડિયોમાં, ગાયકવાડ વેસ્ટ અને કમર પર ટુવાલ બાંધેલા જોવા મળે છે.

**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

ઈ-ટેન્ડર નોટિસ નં. 20 વર્ષ 2025-26 તારીખ 09/07/2025

RPF ઓફિસ અને બેરેક પૂરું પાડવું

ઈ-ટેન્ડર નં.: DRM-RJT-2025-26-E-55

કામનું નામ: રાજકોટ વિભાગ:- વાંકાનેર અને મોરબી ખાતે RPF ઓફિસ અને બેરેક પૂરું પાડવું.

અંદાજિત NIT કિંમત: ₹3,18,92,696.89 | અર્નેસ્ટ મની: ₹ 3,09,500.00

ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 01/08/2025 ના 15:00 કલાકે

ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઈન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-360 001

વેબસાઇટ: www.ireps.gov.in RJT 071

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## ન્યૂઝ બ્રિફ

### રાજ્યમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું આજે પરિણામ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૧ ।

રાજ્યમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને લઈને મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ધોરણ ૧૦-૧૨ના પરિણામ જાહેર થયા બાદ પરીક્ષામાં નિષ્ફળ રહેલા પરીક્ષાર્થીઓને લઈને જૂન-જુલાઈ ૨૦૨૫ દરમિયાન પૂરક પરીક્ષા યોજાઈ હતી. જેમાં ૨૩ જૂન, ૨૦૨૫થી ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા શરૂ થઈ હતી. જેના પરિણામને લઈને શિક્ષણ મંત્રીએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને માહિતી આપી છે. શિક્ષણ મંત્રી ડૉ.કુબેર ડિંડોરે સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, 'જૂન-જુલાઈ ૨૦૨૫માં યોજાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પૂરક પરીક્ષાનું પરિણામ ૧૨ જુલાઈ, ૨૦૨૫ના રોજ સવારે ૦૮:૦૦ કલાકે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ પરિણામ બોર્ડની વેબસાઈટ gseb.org પર પોતાનો બેઠક ક્રમાંક નાખીને પરિણામ મેળવી શકશે.' ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ હેઠળ જૂન-જુલાઈ મહિના દરમિયાન ધો.૧૦-૧૨ની પૂરક પરીક્ષા લેવામાં આવી. જેમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પૂરક પરીક્ષા ૨૩ જૂન, ૨૦૨૫ શરૂ થઈ હતી. જેની હોલટિકિટ ૧૨ જૂનથી બોર્ડની વેબસાઈટ પરથી ડાઉનલોડ થવાની શરૂ થઈ હતી.

### અમદાવાદના ચાંદખેડામાં ધોળા દિવસે રિક્ષા ચાલકની ક્રુર હત્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ શહેરમાં દિવસેને દિવસે ક્રાઈમની ઘટનાઓ વધતી જાય છે. ત્યારે હવે ફરી એકવાર અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં હત્યાનો બનાવ સામે આવ્યો છે. આ ઘટનામાં જોઈએ તો, સંબંધ રાખવા માટે દબાણ કરનારા પાડોશીની ભત્રીજાએ મિત્ર સાથે મળીને હત્યા કરી નાખી હતી. રિક્ષામાં પેસેન્જરના સ્વાંગમાં બેસી મિત્રો પાડોશી રિક્ષા ચાલકને ત્રાગડ પાસે લઈ ગયા અને ત્યારબાદ ત્રણ લોકોએ ભેગા મળીને ઉપરાછાપરી છરીના ઘા ઝીકીને હત્યા કરી નાખી હતી. જો કે પોલીસને જાણ થતાં જ ગણતરીની કલાકોમાં ત્રણેય આરોપીઓની ધરપકડ થઈ ગઈ છે. અમદાવાદ શહેરના ચાંદખેડામાં જાણે કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી હોય તેમ લાગી રહ્યું છે. નજીવી બાબતમાં યુવકનું અપહરણ કરીને હત્યા કરી દેવામાં આવી હતી, જે બાદ બીજે દિવસે બીજો હત્યાનો બનાવ બન્યો છે. ત્રાગડ અંડરપાસ નજીક સર્વિસ રોડ પર લોહીલુહાણ હાલતમાં કોઈ પુરુષનો મૃતદેહ મળી આવ્યો હોવાનો મેસેજ મળતા જ પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને હત્યાનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી હતી. જેમાં મૃતક મોતીભાઈ ભાટી જે સેટેલાઈટના રામદેવનગરમાં રહે છે અને રિક્ષા ચલાવીને પોતાનું ગુજરાન ચલાવતા હોવાનું જાણવા મળ્યું હતું.



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજભવન ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને ગુજરાતમાં ટી.બી. મુક્ત ભારત અભિયાન અંતર્ગત થઈ રહેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

#### મુજપૂર-ગંભીરા બ્રિજ તૂટી પડ્યો એનો પહેલો રિપોર્ટ આવ્યા

# બ્રિજ પેડેસ્ટ્રલ અને આર્ટીક્યુલેશન ક્રશ થઈ જવાના કારણે તૂટી પડ્યો

### માર્ગ અને મકાન વિભાગની આ સમિતિ ૩૦ દિવસમાં આખા મામલાનો વિસ્તૃત રિપોર્ટ આપશે



। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપુર ગામ પાસે જે બ્રિજ તૂટી પડવાની ઘટના બની હતી, એના પર આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સ્થળની મુલાકાત લીધી હતી. એમણે મીડિયાને જણાવ્યું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના આદેશ પછી, માર્ગ અને મકાન વિભાગે આ ઘટનાની મોટી તપાસ કરાવી છે. આ તપાસ સમિતિના પહેલા રિપોર્ટ મુજબ, બ્રિજ પેડેસ્ટ્રલ અને આર્ટીક્યુલેશન ક્રશ થઈ જવાના કારણે તૂટી પડ્યો હોવાનું સામે આવ્યું છે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે મીડિયા સાથે વાત કરતા કીધું કે, માર્ગ અને મકાન વિભાગની આ સમિતિ ૩૦ દિવસમાં આખા મામલાનો વિસ્તૃત રિપોર્ટ આપશે. એમાં ટેકનિકલ ને વહીવટી કારણો સાથેનો તપાસ રિપોર્ટ મુખ્યમંત્રીને સોંપવામાં આવશે. પછી એના આધારે બીજા નિર્ણયો લેવામાં આવશે.

એમણે ઉમેર્યું કે, "પહેલી નજરે જ્યાં પણ બેદરકારી જોવા મળી, એ માટે જવાબદાર માર્ગ અને મકાન વિભાગના ૪ અધિકારીઓને રાજ્ય સરકારે ફરજ મોકૂફી હેઠળ મૂક્યા છે. હજી પણ જે પગલાં લેવા પડશે, એ પગલાં રાજ્ય સરકાર જરૂર લેશે."

મંત્રીએ જણાવ્યું કે, અત્યારે બ્રિજ તૂટવાની દુર્ઘટનામાં શોધખોળની કામગીરી આખરી તબક્કામાં છે. અંદર પડી ગયેલા વાહનોને બહાર કાઢી લેવામાં આવ્યા છે. જે લોકો મૃત્યુ પામ્યા છે, એમના મૃતદેહો પણ એમના પરિવારજનોને સોંપી દેવાયા છે. આખી સરકારી ટીમે ખુબ જ ઝડપથી ને સંવેદના સાથે કામગીરી કરી છે.

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપુરથી ગંભીરાને જોડતો બ્રિજ તૂટી પડવાની જે દુર્ઘટના બની હતી, એમાં જે નાગરિકો ઘાયલ થયા છે, એમને મળવા માટે ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ આજે વડોદરા શહેરની જીજીએ હોસ્પિટલમાં રૂબરૂ પહોંચ્યા હતા. આ મુલાકાત દરમિયાન, મંત્રીશ્રીએ ઘાયલોના ખબર અંતર પૂછ્યા હતા ને એમને સારીમાં સારી સારવાર મળી રહે, એ માટે હોસ્પિટલના તંત્રને જરૂરી સૂચનાઓ પણ આપી હતી.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ઘાયલો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, "રાજ્ય સરકાર આ દુર્ઘટનાથી જે બધા પ્રભાવિત થયા છે, એમની પડખે મજબૂતીથી ઊભી છે." એમણે કીધું કે, "ઘાયલોને તાત્કાલિક ને યોગ્ય સારવાર મળી રહી છે, ને એ ઝડપથી સાજા થાય એ માટે બધા જ પ્રયાસો કરવામાં આવશે."

મંત્રીએ જીજીએ હોસ્પિટલના ડોકટરો અને નર્સિંગ સ્ટાફ સાથે પણ વાતચીત કરી હતી ને ઘાયલોને કેવી સારવાર અપાઈ રહી છે, એની બધી વિગતવાર માહિતી લીધી હતી. એમણે ખાતરી આપી હતી કે, ઘાયલોની સારવાર માટે જે પણ સુવિધાઓ ને સાધનોની જરૂર પડશે, એ બધા પૂરા પાડવામાં આવશે.

## પશ્ચિમ રેલવે તથા મધ્ય રેલવેના મહાપ્રબંધક દ્વારા પાલનપુર-સાબરમતી સેક્સનનું નિરીક્ષણ



। અમદાવાદ, તા.૧૧ ।

પશ્ચિમ રેલવે તથા મધ્ય રેલવેના મહાપ્રબંધક શ્રી ધર્મ વીર મીણાએ ૧૧ જુલાઈ ૨૦૨૫ ના રોજ અમદાવાદ મંડળના પાલનપુર-સાબરમતી સેક્શનનું નિરીક્ષણ કર્યું અને સાબરમતી, પાલનપુર અને કલોલ સ્ટેશનો પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યનું નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન, શ્રી મીણાએ સુરક્ષા અને સંરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ કાર્ય, સ્ટેશન પર મુસાફરોની સુવિધાઓ અને અન્ય વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન, મહાપ્રબંધકની સાથે મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી સુધીર કુમાર શર્મા અને અમદાવાદ મંડળના શાખા અધિકારીઓ પણ હાજર હતા.

મહાપ્રબંધક શ્રી ધર્મ વીર મીણાએ પાલનપુરથી સાબરમતીની વચ્ચે રેલવે ટ્રેક, લેવલ ક્રોસિંગ, મહત્વપૂર્ણ અને નાના પુલો, પોઈન્ટ્સ, સેક્શનમાં કર્વ્સ, ક્રોસિંગ અને સુરક્ષા ધોરણો અનુસાર પાલનપુર-મહેસાણા સેક્સનનું સંપૂર્ણ નિરીક્ષણ કર્યું. સેક્શનમાં તેમણે સંબંધિત અધિકારીઓ સાથે વિવિધ સલામતી પાસાઓની સમીક્ષા કરી હતી.

પાલનપુર અને સાબરમતી રેલવે સ્ટેશનો પર માસ્ટર કેબિન, રનિંગ રૂમ મેનેજમેન્ટ સિસ્ટમ અને છઈસ્ઈ સ્કેલ, બુકિંગ કાઉન્ટર, ફૂટ ઓવર બ્રિજ, પ્લેટફોર્મ સહિત વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યોનું નિરીક્ષણ કર્યું. તેમના નિરીક્ષણ દરમિયાન, મહાપ્રબંધકે અમૃત સ્ટેશન યોજના હેઠળ વિકસાવવામાં આવી રહેલા પાલનપુર, કલોલ અને સાબરમતી સ્ટેશનોના પુનર્વિકાસ કાર્યોનું સંપૂર્ણ નિરીક્ષણ કર્યું હતું.

## દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ટીંબી (ચાકલીયા) ગામે અનાસ નદી પર આવેલ બ્રિજનું નિરીક્ષણ કરાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ


। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

કલેકટરશ્રી યોગેશ નિરગુડેની સૂચના તેમજ માર્ગદર્શન હેઠળ મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, માર્ગ અને મકાન પંચાયત વિભાગ, ઝાલોદના મદદનીશ

# અમદાવાદના રામોલમાં જોરાવરશાહ પીર દરગાહે ઉર્ષ ઉજવણી: ભરવાડ પરિવાર તરફથી કવ્વાલી

। અમદાવાદ, તા.૧૧ ।

રામોલમાં દરવર્ષે ઉર્ષ ઉજવામાં આવે છે હઝરત સૈયદ જોરાવરશાહ પીર (ર.અ)ની દરગાહેનો વર્ષો વરસથી ઉર્ષ ઉજવવામાં આવે છે. રામોલના મુસ્લિમ સમાજના લોકોની મોટી જનમેદની ઉમટી પડી હતી. દરગાહનો મેળો ત્રણ દિવસ ઉજવામાં આવતો હોય છે. જેમાં ૯ તારીખે સુન્ની મુસ્લીમ જમાત તરફથી સંદલશરીફ ઉજવાયો, ૧૦ તરીખે રાત્રે દરગાહ પર સંજરી ગ્રુપ તરફથી મોટા નીશાન ચઢાવામા આવતા હોય છે અને આજની રાત કોમી એક્તાનો પ્રતિકને લઈને ભરવાડ પરીવાર તરફથી કવ્વાલીનો આયોજન રાખેલ છે. ઉર્ષને લઈને મોટી સંખ્યામાં મુસ્લિમો તથા હિન્દુઓ સાથે મળીને દરગાહના ઉર્ષની ઉજવણી કરવામાં આવે છે. ઉર્ષ મેળાના પ્રથમ દિવસે તા ૯ ને બુધવારે રાત્રે ઈશાની નમાઝ બાદ વિશાળ સંદલ શરીફ નીકળ્યો હતો, જે બાદ દરગાહ શરીફનમાં સંદલ પોસી તમામની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી ત્યાર બાદ સાલતો સલામ અને વિશ્વ શાંતિ માટે દુઆએ



કરવામાં આવી હતી.

અમદાવદના રામોલમાં બસ સ્ટેશન પાસે હઝરત સૈયદ જોરાવરશાહ પીરની દરગાહ આવેલી છે. ગામની દરગાહ ધાર્મિક એકતાનું પ્રતિક માનવામા આવે છે. દરગાહમા આરામ ફરમાવી રહેલા હઝરત જોરાવરશાહ પીર ગામના શહેનશાહ તરીકે જાણીતા છે. આ દરગાહના ઈતિહાસની વાત કરીયે તો આ ગામના મુસ્લિમ હોય કે હિન્દુ જ્યારે લગ્નનો સમય હોય ત્યારે વર વધુ તેમજ રાજકીય જીત કે કોઈ માન્યતા પુર્ણ થઈ હોય એટલે દરગાહ પર હાજરી આપ તા હોય છે. એવી ઘણી બધી તેમની કરમાતો છો, જે શ્રદ્ધા અને આસ્થા સાથે અનેક લોકો તેમના મેળામાં હિન્દુ-મુસ્લિમ હાજરી આપતા હોય છે. આ ઉર્ષ મેળામાં હિન્દૂ મુસ્લિમો કોઈપણ જાતના ભેદભાવ વગર દરગાહ શરીફ પર શીશ ઝુકાવતાં હોઈ છે અને સાથો સાથ લોકમેળાની પણ મજા માણતા હોઈ છે

**આજે રાત્રે કોમી એકતા ઉદાહરણરૂપ કવ્વાલીના કાર્યક્રમ યોજાશે**

ત્રણ દિવસીય ઉર્ષના મેળામાં દરેક પ્રકારની ચકડોળ, મનોરંજના સાધનો, ખાણી પીણીના સ્ટોલ, રમકડા કટલરીની દુકાનો વગેરે અકર્ષણનું કેન્દ્ર બને છે. ઉર્ષ મેળામાં અમદાવાદ સહિત અન્ય ગામડાઓના પ્રજાજનોની ધાર્મિક લાગણી જોડાયેલી હોવાથી ધાર્મિક સ્થળની મુલાકાત લઈ મેળાની મઝા લોકો માણે છે.







## આવતા રવિવારથી ફરી વધશે વરસાદની તીવ્રતા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

આખા ગુજરાતમાં આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે આગામી પાંચ દિવસ ગાજવીજ થવાની આગાહી પણ છે. નોંધનીય છે કે, રાજ્યમાં ચોમાસાની ઋતુમાં સાર્વત્રિક મેઘમહેરના પરિણામે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૪ ટકા જળ સંગ્રહ થયો છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહ શક્તિના ૪૯.૪૨ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. હવામાન વિભાગે આપેલા વેધર મેપ પ્રમાણે, આવતીકાલે ૧૨મી તારીખના રોજ નવસારી, વલસાડ, દમણ દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. ૧૩મી તારીખથી વરસાદની તીવ્રતા વધી શકે છે. રવિવારે અમરેલી, ભાવનગર, અરવલ્લી, મહીસાગર, દાહોદ, નવસારી, વલસાડમાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે આખા ગુજરાતમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ૧૪મી તારીખના રોજ બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, નવસારી, વલસાડમાં યલો એલર્ટ આપવામાં આવી છે. આ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. ૧૫મી તારીખના રોજ બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદામાં યલો એલર્ટ આપવામાં આવી છે. આ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. ૧૬મી તારીખના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં યલો એલર્ટ છે.

#### દ્વારકામાં દંપતી આત્મહત્યા ચકચારી કેસ

# દંપતીને બ્લેકમેલ કરી મરવા મજબૂર કરનાર પત્નીનો પૂર્વ પ્રેમી ઝડપાયો

### ગયા વર્ષે દ્વારકાના મીઠાપુરમાં પૂર્વ પ્રેમીએ પ્રેમિકાના જીવનમાં ઝેર ઘોળતા પતિ-પત્નીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું

। (એજન્સી) દેવભૂમિ દ્વારકા, તા.૧૧ ।

ગયા વર્ષે મીઠાપુરમાં પતિ-પત્નીની આત્મહત્યાના ચકચારી કેસમાં હાલ નવી માહિતી સામે આવી રહી છે. ઘટના સમયે મળેલી સુસાઈડ નોટને આધારે પતિ-પત્નીને મરવા મજબૂર કરવાના આરોપમાં ઉત્તરપ્રદેશના પત્નીના પૂર્વ પ્રેમીની આજે ૯ મહિના બાદ પોલીસે ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, દેવભૂમિ દ્વારકા જિલ્લાના મીઠાપુરમાં રહેતા એક યુવાને મૂળ ઉત્તરપ્રદેશની યુવતી સાથે લગ્ન કર્યા હતા. થોડા દિવસો સુધો તો તેનું દાંપત્ય જીવન સુખી રીતે ચાલ્યું, પણ ગયા વર્ષે ૧૫ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ આ દંપતિએ ઘરમાં જ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાની જાણ થતા જ સ્થાનિકો સહિત પોલીસ પણ ઘટનાસ્થળે તુરંત દોડી આવી હતી અને તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસને દંપતિ પાસેથી એક સુસાઈડ નોટ પણ મળી આવી હતી. જેમાં દંપતિના આ ગંભીર પગલા ભરવા પાછળના કારણનો ઉલ્લેખ કરતા, આત્મહત્યા કરનાર પત્નીના પૂર્વ પ્રેમી પર ગંભીર આક્ષેપો કરાયા હતા. સુસાઈડ નોટ અનુસાર, પત્નીનો પૂર્વ પ્રેમી રાજીવ ઉર્ફ વિક્કી સક્સેના તેને લગ્ન બાદ પણ ફરીથી સાથે રહેલા દબાણ કરતો હતો. રાજીવ પોતાની પૂર્વ પ્રેમિકાને ધમકી આપતો કે, તું મારી સાથે સંબંધ રાખ, નહીંતર આપણા બંનેના અંગત પળોનાં વીડિયો હું ફેસબુક પર શેર કરીશ. જોકે પૂર્વ પ્રેમી રાજીવ ઉર્ફ વિક્કી સક્સેનાની આ ધમકીઓને પતિ-પત્ની બંને અવગણતા હતા. દરમિયાન એક સમયે આરોપી પૂર્વ પ્રેમીએ ખરેખર અંગત પળોના બિભત્સ વીડિયો-ફોટા ફેસબુક પર શેર કરી નાખ્યા હતા. જેથી સમાજમાં બદનામીનાં ડરથી પતિ-પત્નીએ જીવન ટૂંકાવ્યું હતું. તે સમયે પરિવારના એકને એક દીકરા તથા તેના પત્નીના આત્મઘાતી પગલાથી પરિવારમાં શોક ફેલાયો હતો અને તેઓ પણ દાવો કરી રહ્યા હતા કે, સુસાઈડ નોટમાં તેમની પુત્રવધૂના પૂર્વ પ્રેમના નામનો પણ ઉલ્લેખ છે.